કુમાર

સંસ્થાપક · રવિશંકર રાવળ

સપ્ટેમ્બર
૧૯૫૧
અંક 333 મો

તંત્રી
બચુભાઈ રાવત





જાપાની ગામની ભાગોળ : જાપાની લિપિની પેઠે તેની ચિત્રકળાનો મૂળ પ્રેરક સ્રોત પણ ચીની હોવા છતાં તેમાં તેની પોતીકી વિશિષ્ટતાઓ તરત જુદી તરી આવે છે. સાદી સચોટતા એ તેનો મુખ્ય ગુણ છે. પૂર્વ દેશોની પદ્ધતિ અનુસાર સામાન્યત: કલ્પિત ધ્યાનચિત્રો એમાં દોરાતાં હોવા છતાં એ કળામાં વાસ્તવદર્શી શૈલી પણ છે. તેમાં કુદરત તથા માનવનાં આલેખન વધુ આબેહૂબ બનતાં હોવાથી તે ત્યાં 'ઉકીયો-યે' (દુનિયાનું દર્પણ) નામની જાણીતી છે, અને 'હોકુસાઇ' તથા 'હીરોશીગે' જેવા સમર્થ કલાસ્વામીઓ તેમાં થઈ ગયા છે. એ શૈલીના આ ચિત્રમાં, પાછળ દેખાતા સરોવરને કાંઠે ઝાડની છાયામાં આવેલી દુકાન આગળ માલનાં ગાડાં આવતાં આલેખ્યાં છે. ચિત્રને ઉપલે જમણે ખૂણેથી આવતી ગાડાની હારને સમાંતરે ગોઠવાએલાં ઘર તથા દુકાન, ચિત્રને વીંધતી ગોળાકાર કાર્ણરેખાવાળું મધુર સંયોજન રચે છે, અને એ પ્રવાહ જ્યાં નીચલે ખૂણે અટકે છે ત્યાં આગળ દુકાનની અંદરની લીલા તેમજ બહાર પાણીના હોજ પાસે કપડાં પલાળતા માણસની પ્રવૃત્તિ દ્રષ્ટિને રસમય રીતે કેન્દ્રિત કરે છે. જાપાની ઝાડ અને મકાન, ગાડાં અને પાડા બધાંની લાક્ષણિકતા તેમાં જોવા મળે છે.

કુમાર

સપ્ટેમ્બર ૧૯૫૧

અંક ૩૩૩

અનુક્રમણિકા

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

કોઇ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ, પરંતુ એવા ગુમ થએલા કોઈપણ અંકો ભરપાઇ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂ. ૭ાા; પરદેશમાં રૂ. ૯ાા અથવા શિ૦ ૧૫; છુટક નકલ: બાર આના



એમને ઓળખી કાઢો

જુલાઇ અંકમાં જાહેર કરેલી હરીફાઇનું પરિણામ

પહેલાં જૂન અંકમાં જાહેર કરેલી, પણ પછી જુલાઈ અંકમાં નંબરવાળાં ચિત્રો સાથે નવેસરથી જાહેર કરેલી આ હરીફાઇમાં ભાગ લેનારાં ભાઇ-બહેનો પૈકી સૌથી વધારે સાચાં નામો શ્રી ઇન્દ્રદેવ આચાર્યે ઓળખી મોકલ્યાં છે. તેમને, અમારી જાહેરાત મુજબ, આવતું આખું વર્ષ 'કુમાર' ભેટ મોકલાશે, સાચાં નામોની યાદી સામે આપી છે.

(૧) ગાંધીજી (૨) ઍટલી (૩) ટ્રુમૅન (૪) ડીન અચેસન (૫) માઓ ત્સે-તુંગ (૬) સરદાર પટેલ (૭) અર્નેસ્ટ બેવિન (૮) પંડિત નહેરૂ (૯) ગોપાલસ્વામી આયંગર (૧૦) પુરુષોત્તમદાસ ટંડન (૧૧) કે. સંતનમ્ (૧૨) આચાર્ય કૃપાલાની (૧૩) જયપ્રકાશ નારાયણ (૧૪) રામમનોહર લોહિયા (૧૫) બિધનચંદ્ર રૉય (૧૬) વિનાયક દામોદર સાવરકર (૧૭) બાળાસાહેબ ખેર (૧૮) અશોક મહેતા (૧૯) માસ્તર તારાસીંગ (૨૦) જે. આર. ડી. તાતા (૨૧) જૉન મથાઇ (૨૨) રામસ્વામી મુદલિયાર (૨૩) સી. પી. રામસ્વામી અય્યર (૨૪) અલાદી કૃષ્ણસ્વામી (૨૫) શ્યામાપ્રસાદ મુખર્જી (૨૬) પ્રફુલ્લચન્દ્ર ઘોષ (૨૭) જયરામદાસ દોલતરામ (૨૮) ગોપીચંદ ભાર્ગવ (૨૯) રવિશંકર શુક્લ (૩૦) નીચે ડૉ. ખરે (૩૧) આર. કે. સિધવા (૩૨) પ્રો. રંગા (૩૩) અમ્મુ સ્વામીનાથન્ (૩૪) પ્રો. શિબ્બનલાલ સક્સેના (૩૫) સુચેતા કૃપાલાની (૩૬) રાજકુમારી અમૃત કૌર (૩૭) એન. વી. ગાડગીળ (૩૮) સરદાર બલદેવસિંહ (૩૯) ચિંતામણ દેશમુખ (૪૦) શ્રીપ્રકાશ (૪૧) હરેકૃષ્ણ મહેતાબ (૪૨) જગજીવનરામ (૪૩) રોહિણીકુમાર ચૌધરી (૪૪) અનંતરાયનમ્ આયંગર (૪૫) એચ. વી. કામઠ (૪૬) દુર્ગાબાઈ (૪૭) રેણુકા રાય (૪૮) પતિયાલાના મહારાજા (૪૯) સી. વી. રામન (૫૦) વી. ટી. કૃષ્ણમાચારી (૫૧) એન. આર. સરકાર (૫૨) કે. એમ. પાણીકર (૫૩) વિજયાલક્ષ્મી પંડિત (૫૪) સર્વપલ્લી રાધાકૃષ્ણન્ (૫૫) ભીમરાવ આંબેડકર (૫૫ ને પડખે) કૈલાસનાથ કાટજુ (૫૬) ઘનશ્યામદાસ બિરલા (૫૭) શેખ અબ્દુલ્લા (૫૮) કનૈયાલાલ મુનશી (૫૮ની નીચે) દેવદાસ ગાંધી (૫૯) ખાન અબ્દુલ ગફારખાન (૬૦) ટી. પ્રકાશમ્ (૬૧) આચાર્ય નરેન્દ્રદેવ (૬૨) પં. ગોવિંદવલ્લભ પંત (૬૩) રફી અહમદ કિદવાઇ (૬૪) શંકરરાવ દેવ (૬૫) ડૉ. પટ્ટાભી સીતારામૈયા (૬૬) ચક્રવર્તી રાજગોપાળાચારી (૬૭) મૌલાના અબુલકલામ આઝાદ (૬૮) રાજેન્દ્રપ્રસાદ (૬૯) લિયાકતઅલી ખાં (૭૦) ખ્વાજા નઝીમુદ્દીન (૭૧) સ્ટાલિન (૭૨) સર સ્ટૅફર્ડ ક્રિપ્સ (૭૩) વિન્સ્ટન ચર્ચિલ (૭૪) મોલોટોવ (૭૫) ટ્રિગ્વે લી (૭૬) સેનાનાયક (૭૭) મેન્ઝિઝ (૭૮) કામરાજ નાદર (૭૯) હોમી મોદી (૮૦) પં. હૃદયનાથ કુંજરૂ (૮૧) કુમારસ્વામી રાજા (૮૨) શણ્મુખમ્ ચેટ્ટી (૮૩) ઈરાનના શાહ (૮૪) મહાવીર ત્યાગી (૮૫) નાસિરુદ્દીન અહમદ (૮૬) પ્રો. કે. ટી. શાહ (૮૭) આસફઅલી (૮૮) ભીમસેન સચ્ચર (૮૯) ક્ષિતીશચન્દ્ર નિયોગી (૯૦) ગુલઝારીલાલ નંદા (૯૧) સરોજિની નાયડુ.

રજની અને મધ્યાહ્ન

· વસંતતિલકા ·

સંસારના વિષમ સૌ વ્રણ શું રૂઝાયા
એવી ઠરી વિમલ આ રજની પ્રશાન્ત;
ત્યાં દીપ કૈં અરવ એવું વદી બુઝાયા:
'થાશે ત્વચા નવલ ઊગતું આ પ્રભાત!'

મધ્યાહ્નનું નિરખું કિન્તુ શું દૃશ્ય આ! રે
આ ગ્રીષ્મની પ્રખર વ્યાકુલતાની માંદ્ય:
પીંખી રહ્યો પલપલે ધરતીની કાય
રે સિંહ રૂપ રવિ તો નિજ ક્રૂર ન્હોરે!

પ્રિયકાન્ત મણિયાર

આજના કેટલાક નવોદિત કવિઓનું એક પ્રશસ્ય લક્ષણ એ છે કે તેઓ તદ્દન નવા અને ચોટદાર ભાવપ્રતીકો લાવે છે. આ બંને કાવ્યો તેના ઉદાહરણ રૂપ છે. (૧) પહેલા કાવ્યમાં રાત્રિ, પ્રભાત, બપોર વગેરેને વિષે જૂની ઉપમાઓને બદલે કાંઈક નવતર જ કલ્પના જોશો: 'સંસારના કારમા ઘા રૂઝાઈ ગયા હોય એવી શાંત રાત્રિ જામી; અને, સવારે એ ઘા ઉપર નવી ચામડી ફોળવા જેવું પ્રભાત ઊગશે એવી મૂગી આશાવાણી બોલતા દીવડો બુઝાયા...પણ ગ્રીષ્મનું આ પ્રખર મધ્યાહ્ન જોતાં તો પાછું લાગે છે કે જાણે સૂર્ય રૂપી સિંહ ફરીથી પોતાના ક્રૂર નહોર વડે ધરતીની કાયા પીંખી રહ્યો છે. (૨) બીજા કાવ્યમાં જિંદગીને બુદ્ધિ અને હૃદયના બે તટની વચ્ચે વહેતી કાલિંદી કલ્પીને પછી, કર્તવ્યનાં જલવ્હેણથી માંડી વાસનાના કાલિ નાગ સુધી પ્રતીકો યોજીને પુરુષાર્થ પ્રબોધ્યો છે. ત્રીજા કાવ્યમાંની 'ળ'ના ફરિયાદ અને ઉપાલંભ તો સ્પષ્ટ છે.

કાલિન્દી

· વસંતતિલકા ·

બુદ્ધિ અને હૃદય, બે તટ અંતરાલ
કાલિન્દી ત્યાં જીવનની વહતી અરાલ;
કર્તવ્યનાં સતત આ જલવ્હેણ સીધાં
કો મુક્તિ-અર્ણવ ભણી ધસતાં જતાં શાં!

આશા અને પ્રણયની જવ મિશ્ર વાતી
મીઠી હવા, તરત હા શી રચાઈ જાતી
ઊર્મિતરંગ તણી સુંદર હારમાળા!
આનંદતારક બધા તવ નાચી જાતા.

જાણે ન લેશ' પરવા! ત્યમ શાં મદીલ
ઉત્સાહ ને સ્વપનનાં ગરવાં કદંબ
કાંઠે ઊભાં છ સહુ! ન્હેણ વડે અખંડ.
કિંતુ બધે સરસતા જ હશે છવાઈ
શું? ના, અગાધ હજી તો જળ શ્યામળાં છે;
ત્યાં ઘૂમતા સ્વરૂપ સ્વાર્થતણા, અનંત
ઝેરી જીવો—અવગુણો; પણ વાસનાનો
ત્યાં એક ક્રૂર વસતો ખલ કાલિનાગ.

થા કૃષ્ણ તું પ્રબળ હે પુરુષાર્થ! આજે
પાતાળ જા પણ હવે બસ નાથ એને.

રમણ જાની

ળ કહે—

· શાર્દૂલવિક્રીડિત ·

ભાષાશાસ્ત્રિ! તમે મને અવગણ્યો, તે મેં સહ્યું શાંતિથી,
તોયે ના તમને કદી કદર થૈ મારા મહામૂલ્યની?
સર્વે અક્ષરમાળ પૂર્ણ થઈ ત્યાં છેલ્લે ક્ષીણું સ્થાન દૈ
શો આભાર કર્યો તમે મુજ પરે એવી દયા દાખવી?!
ના કો' વાક્યમહીં, ન શબ્દમહિં યે આરંભસ્થાને મૂકી
શા કાજે મુજ શા વિનમ્ર દિલનાં ભાંગ્યાં સ્વમાનો રૂડાં?

રહેતો'તો, ફરિયાદ ના હું કરતો અન્યાય હેરી કંઈ,
તો યે નિષ્ઠુર થૈ. તમે જ મુજને
કૈં કૈં શબ્દમહીં ત્યજી દઈ અને લાવી 'લ'ને ગોઠવ્યો.

ભૂલી જાવ ભલે તમે લિપિમહીં અસ્તિત્વ મારું કદી,
તેની ના પરવા હવે રહી મને; તો યે તમારી દયા
આવે, ને પૂછતો સહાનુભૂતિથી કે, 'કાળ', 'પીળું' અને
'કાળા', 'વાળ' સમાન શબ્દ બહુ છે, જેમાં 'ળ'ના સ્થાનમાં
થાશે શી સ્થિતિ આપની 'લ' મૂકતાં, શાસ્ત્રી ગિરાના કહો!

ગીતા કાપડિયા

માનવ-ઈતિહાસમાં બીજા કોઇ પણ વિજ્ઞાની કરતાં જગતને પોતાની

આપણને સહેજે સ્વપ્નમૂર્તિ બનાવી લેવાનું મન થાય એવો એ વિજ્ઞાની હતો. જન્મે કંગાલ, કુમારકાળે દબાએલો ને જવાનીમાં અવમાનિત રહેલો, એવા એ તરુણે એકમાત્ર શ્રદ્ધાપૂર્ણ હૈયે ગરીબીની નીચી પગથારથી જિંદગીની કૂચ શરૂ કરી અને સિદ્ધિને શિખરે પહોંચી એક સમર્થ વિજેતા જેટલાં ચાહ ને સંમાન પ્રાપ્ત કર્યાં. છતાં તે આજીવન સાદામાં સાદો ને નમ્રમાં નમ્ર રહ્યો. અને એનો વિજય કંઈ નાનોસૂનો નથી. એ ન હોત તો વીજળી એ પ્રયોગશાળાનું માત્ર રમકડું જ રહી હોત; એ ન હોત તો પ્રકાશક્ષમ પદાર્થો ને તેમની અદ્‌ભુતતા અજ્ઞાત જ રહી હોત; ફોટોગ્રાફીનું સ્વપ્ન પણ ન હોત, ટેલીગ્રાફ ન હોત, ટેલીફોન ન હોત, વાયરલેસ ન હોત, વીજળિક વાહનો ન હોત; ટૂંકામાં આજનો જમાનો જ ન હોત.

ચારિત્ર્ય હમેશાં સંજોગો પર વિજયી નીવડે છે તેના મહાનમાં મહાન ઉદાહરણ રૂપ એ વિજ્ઞાની તે મિશેલ ફેરાડે. યૉર્કશાયરથી લંડન આવી વસેલા એક ગરીબ લુહાર જેમ્સ ફેરાડેને ત્યાં, ઈ. ૧૭૯૧ના સપ્ટેમ્બરની ૨૨મી તારીખે ન્યૂઇંગ્ટન મુકામે તેનો જન્મ થયો. મોટા પરિવારના એ કુટુંબમાં ભૂખમરો તો રોજનો થઈ પડ્યો હતો. પરિણામે ફેરાડેના અભ્યાસની તો સામાન્ય શાળાથી જ ઇતિશ્રી થઇ ગઇ, અને તેના જેવાં જ ગરીબ ને જડથરિયાં છોકરાંઓની સોબતમાં તે વખત વિતાવવા લાગ્યો.

પણ કુટુંબની કંગાલ પરિસ્થિતિ એવી નાની વયે પણ તેને વ્યાકુળ બનાવતી હતી. એટલે એણે ગમે તે કામ શોધી કાઢવાનો નિર્ણય કર્યો ને બાર વર્ષની વયે જ્યૉર્જ રિબૉ નામના એક બુકબાઇન્ડર તથા છાપાના એજન્ટ પાસે નોકરી મેળવી. છાપાંની કીમતો ત્યારે ખૂબ ભારે હતી. ગરીબો તો એ ખરીદી જ ન શકે. એટલે એ લોકો આવા એજન્ટો પાસેથી છાપાં ભાડે વાંચવા લેતાં ને ઘસાઇને ફાટે ત્યાં સુધી એ છાપાં આમ ભાડે ફરતાં જ રહેતાં. ફેરાડેનું કામ ઘરાકોને એ છાપાં પહોંચાડવા ને સંભાળીને પાછાં એકઠાં કરવાનું હતું.

થોડા વખત પછી રિબૉએ તેને ચોપડીઓ બાંધવાના કામમાં પોતાના મદદનીશ તરીકે રોક્યો. વાંચવાનો એને ખૂબ રસ હતો અને આ કામમાં તો પોતે પહોંચી ન શકે એટલું વાચનસાહિત્ય એના હાથમાં આવવા લાગ્યું. ચોપડીઓનાં પાનાં સાંધતો જાય ને વાંચતો જાય. બપોરની અરધા કલાકની રજા પણ એની પાછળ જ જાય. એક વખત રિબૉએ તેને કહ્યું, 'અલ્યા, બપોરના તું જરા પોરો યે નથી ખાતો. તે એટલી કામને આંચ નહિ આવે?'

'ના રે, વાંચવાથી તો ઊલટો હું તાજો થાઉં છું.' તેણે કહ્યું.

અને ખરેખર, અત્યાર સુધી રિબૉના કામમાં આંચ નહોતી જ આવી. એ કદમી જુવાનિયા પર ફિદા થઈ તે બોલ્યો, ભલે તો વાંચ; ચોપડીના બાહ્ય સ્વરૂપ સાથે એની અંદરની યે વસ્તુનો પરિચય મેળવીશ તો તું કંઈ કારીગર તરીકે ખરાબ નથી બની જવાનો.'

એવામાં એક દિવસ એને હાથ એનસાઇક્લોપીડિયા (સર્વજ્ઞાન-સંગ્રહ) ચડી ગયું. એમાં તેણે વીજળી પર એક લેખ જોયો. એ તેને એટલો તો આકર્ષક લાગ્યો કે એ વાંચવામાં તે લીન થઇ ગયો. એ વખતે તેને ખ્યાલે નહિ હોય કે એના રહસ્યનો નકાબ ખોલવાનો યશ પોતાને ભાગ્યે જ નિર્માયો છે.

પછી તો વીજળી અને રસાયણ પરનું વાચન એણે અનેકગણું વધારી મૂક્યું. ગરીબીએ હજુ કેડો છોડ્યો ન હતો. છતાં ડૉર્સેટ સ્ટ્રીટમાં એક રાતના એક શિલિંગની ફીથી અપાતાં ભૌતિક વિજ્ઞાન પરનાં ભાષણો સાંભળવા પણ તે જવા લાગ્યો. એ ભાષણોની તેણે નોંધો ઉતારવા માંડી ને તેની આકૃતિઓ ચીતરવા ડ્રૉઇંગ પણ શીખ્યો! પછી તો વીજળિક બૅટરી બનાવી ઘેર અખતરા યે કરવા લાગ્યો.

સાથે એનું નિર્વાહકાર્ય—ચોપડીઓ બાંધીને કમાવાનું કામ પણ (હવે એક નવા શેઠને ત્યાં) ચાલુ હતું. હજુ એ જ રીતે કામ કરતો જાય, વાંચતો જાય ને વિચારતો જાય. અંતે એક દિવસ તેના એ વ્યવસાયમાં ખલેલ પડી. એ પાડનાર હતો ઇંગ્લંડનો સમર્થ વિજ્ઞાની સર હમ્ફ્રી ડેવી. (જેણે કોલસાની ખાણના કારીગરોને સ્ફોટક ગૅસથી ચેતવે એવા દીવાની શોધ કરી.) ફેરાડેની વિજ્ઞાન પરત્વે જિજ્ઞાસા, મહેનત ને પ્રામાણિકતાથી મુગ્ધ થઇ તેણે તેને એક પાકીટ મોકલ્યું. સર હમ્ફ્રી ઈંગ્લંડની સર્વોચ્ચ વિદ્યાસંસ્થા રૉયલ ઇન્સ્ટીટ્યૂશનમાં જે ભાષણો આપવાના હતા તેની એમાં ટિકિટો હતી! ફેરાડેએ એ ભાષણો સાંભળ્યાં, એટલું જ નહિ પણ તેની અક્ષરશઃ નોંધ લીધી ને તે પર વચ્ચે વચ્ચે મૌલિક આકૃતિઓ પણ દોરી. પછી તે પોતાને ઘેર તેના ઉપર મૌલિક અખતરા કરવા લાગ્યો.

પણ દુકાનના નવા શેઠને ફેરાડેનો વિજ્ઞાનનો આ રસ ખૂંચ્યો. એ નવા શેઠ દ લા રૉશીએ તેને ચોખ્ખું પરખાવી દીધું કે 'આ રિબૉએ તને બહેકાવી મૂકેલો છે, પણ મારી આગળ એ નહિ ચાલે. વિજ્ઞાનનું ભૂત તારા મગજમાંથી કાઢ્યા બાદ પછી જ મારી દુકાને પગ મૂકજે.'

ફેરાડે સામે મહત્ત્વનો કોયડો ઊભો થયો. એક બાજુ વિજ્ઞાન, બીજી બાજુ નોકરી. શું પસંદ કરવું એના વિચારોમાં આખી રાત એણે ગાળી. અંતે કેવળ 'કમાઈ ખાવો' પર તિરસ્કાર વરસાવી વિજ્ઞાનની દેવીને ચરણે જ જીવનસમર્પણ કરવાનો એણે નિશ્ચય કર્યો, ને એના ઈલાજ તરીકે એક હિંમતભર્યું પગલું ભર્યું. તેણે સર હમ્ફ્રી ડેવીને એક પત્ર લખી, તેમાં વિજ્ઞાન તરફની પોતાની વલણોનું બયાન આપી, પોતાને આ સ્વાર્થી ધંધામાંથી છોડાવવા વિનતિ કરી. સાથે, પોતે તેનાં ભાષણોની લીધેલી સઘળી નોંધો પણ મોકલી આપી.

સર હમ્ફ્રી ફેરાડેનું કામ જોઇને મુગ્ધ થઇ ગયો, કેમકે તે પોતે પણ સ્વાશ્રયથી જ મહાન બન્યો હતો. અનેક મુશ્કેલીઓનો સામનો કરી તે આગળ વધેલો. પોતે ફેરાડે જેવડો હતો તે વયે પોતાની ડાયરીમાં એણે લખેલું, 'મારી પાસે નથી પૈસો, નથી લાગવગ, નથી સત્તા. છતાં યે જો હું વધુ જીવીશ તો મને વિશ્વાસ છે કે એ સઘળાંથી સંપન્ન પુરુષો કરતાં માનવજાતિની હું સહેજ પણ ઓછી સેવા નહિ કરું.' અને ૨૧મે વર્ષે નાઈટ્રસ ઓકસાઈડ પરનું સંશોધન તથા ૨૨મે વર્ષે 'Researches: Chemical and Philosophical' બહાર પાડી એણે પોતાનું એ વક્તવ્ય સાર્થક કરી બતાવ્યું હતું. એટલે સ્વભાવતઃ જ તરુણ ફેરાડેની ધા એણે કાને ધરી ને તરત એને જવાબ લખ્યો: 'તમારી પ્રતિભાની સાબિતી રૂપ લખાણે મને જરાયે નારાજ નથી કર્યો. તમારી ઉદાત્ત ખંત, અપૂર્વ સ્મરણશક્તિ ને એકાગ્રતા તેમાં તરી આવે છે. અત્યારે તો હું બહારગામ જાઉં છું ને જાન્યુઆરી સુધી પાછો નહિ ફરું; પણ ત્યાર પછી ચાહો ત્યારે મને મળી શકશો.'

આશા ને પ્રેરણાના સંદેશ જેવો આ પ્રત્યુત્તર ફેરાડેએ ફરી ને ફરી વાંચ્યા જ કર્યો ને થોડાં અઠવાડિયાં ધંધો ચાલુ રાખ્યો. એક રાત્રે સૂવા જતાં બારણે ટકોરા સંભળાયા, ને ઉઘાડતાં એક પત્ર મળ્યો. ડેવીએ બીજે દિવસે તેને મળવા બોલાવેલો. રૉયલ ઇન્સ્ટીટ્યૂશનને

શોધો વડે વધારે સમૃદ્ધ બનાવી ગએલો વિજ્ઞાની

મિશેલ ફેરાડે

લેખક
અશોક હર્ષ

★



એ ન હોત તો–
વીજળી માત્ર પ્રયોગશાળામાં જ રહી હોત;
ફોટોગ્રાફીનું સ્વપ્ન પણ ન હોત;
ટેલીગ્રાફ ન હોત, ટેલીફોન ન હોત;
વાયરલેસ ન હોત, વીજળિક વાહનો ન હોત:
ટૂંકામાં આજનો જમાનો જ ન હોત!

પ્રમુખ વક્તા ને મહાન રસાયણશાસ્ત્રી જાતે પત્ર લખી પોતાને મળવા બોલાવશે એવો તેને ખ્યાલ સરખો નહોતો.

બીજે દિવસે તે ડેવીને મળ્યો. ડેવીએ આ આશાવાદી જુવાનને આમ આંધળિયાં કરીને વિજ્ઞાનના ક્ષેત્રમાં ન પડવા સમજાવ્યો, પણ ફેરાડે એક ટળી બે ન થયો તે ન જ થયો. આખરે ડેવીએ તેને પોતાની પ્રયોગશાળાનો મદદનીશ નીમ્યો ને વિદ્યુત્‌વિજ્ઞાનની એ સર્વોત્તમ પ્રતિભાએ બાવીસ વરસની વયે અઠવાડિક ૨૫ શિલિંગની આવકથી સાચી કારકિર્દી શરૂ કરી.

ફેરાડેના જ્ઞાનનું વર્તુલ હવે વિસ્તરવા માંડ્યું, ને તેમ તેમ ડેવીનું તેના પ્રત્યે માન વધતું ગયું. ગુરુ શિષ્યે સાથે જ વિજ્ઞાનના નવા પ્રદેશોમાં પેશકદમી કરવા માંડી. અને એ પેશકદમી, નકશાથી અજાણ્યા પ્રદેશોમાં પગ મૂકનાર સાહસિકોનાં સાહસ ને જોખમદારી કરતાં જરા યે કમ ન હતી. કુદરતની શક્તિઓ હાથ કરવા મથતી આ શોધક બેલડીને અનેક ભયો ને સાહસોનો સામનો કરવો પડેલો, ને તે તેમણે બેધડક કરેલો. આંધળા કરી દે એવા ઓચિંતા પ્રકાશના ભભૂકા ઉપરાંત કેટલીક વખત તો મોટા ધડાકાઓ થતા, શીશીઓ ઓચિંતી ફાટી ઊઠતી, અને તેના એવા તો ઘા પડતા કે જે લાંબે ગાળે રૂઝાતા.

આ સહકાર્યે બંનેને દોસ્તીની મજબૂત ગાંઠથી જોડ્યા. વચ્ચે એકવાર ડેવીએ યુરોપની મુસાફરી કરવાનું નક્કી કર્યું તેમાં તેના અંગત ખિદમતગારે આવવાની ના પાડી, એટલે ફેરાડેએ તેની નોકરી પોતે જ બજાવવાનું માથે લીધું. એને તો કશું મિથ્યાભિમાન હતું જ નહિ. પણ વૉલ્ટર સ્કૉટના વંશના, ડેવીની શ્રીમત અને ગુમાની સ્ત્રી ઘણી વખત તેને માટે વાતાવરણ અસહ્ય બનાવી દેતી.

યુરોપની આ સફર સાધારણ સફર ન હતી. ત્યારની યુરોપની સર્વોત્તમ પ્રતિભાઓ ને વિદ્યાધામોની મુલાકાતો તેમાં લેવાની હતી. ફેરાડે ડેવીના બધા મિત્રોને સમાન ભાવે મળતો ને અખતરાઓમાં સહાય કરતો, પણ ખાનગીમાં તો એની ખિદમત જ ઉઠાવતો. જીનીવાના પ્રોફેસર દ લા રિવેને ત્યાં તેઓ ઊતરેલા ત્યાં પ્રોફેસરને થોડી જ વાતચિતમાં ફેરાડેની બુદ્ધિમત્તાનો ને જાતબંધ ખવાસનો પરિચય મળ્યો, ને તેની ખાતરી થઈ કે તે પણ મહાન પ્રયોગક હતો, એટલે કુટુંબ સાથે જ તેના ખાણાની પણ ગોઠવણ કરી. પણ લેડી ડેવીને એ ન રૂચ્યું. 'મારો નોકર મારી સાથે બેસીને જમે ?' એને એમાં ડેવીની મહત્તા મોળી પડતી લાગી ને વૉલ્ટરસ્કૉટના વંશના પોતાના તોખમને લાંછન લાગતું જણાયું! ધૂંધવાઈ ઊઠીને એણે ફેરાડે માટે મૂકેલી ખુરશી હડસેલી દીધી. લાચાર થઈ યજમાને ફેરાડેને 'એકાંતિક ગૌરવ' માણવા જુદો ખંડ કાઢી આપ્યો!

બીચારો ડેવી પોતાની સ્ત્રીનું ફેરાડે પ્રત્યેનું આ વર્તન નહોતો સાંખી શકતો. ફેરાડેનો બોજો હળવો કરવા ઘણું કામ તે હાથે જ કરી લેતો, છતાં એક સ્ત્રીનું ગુમાન ને નહોતો છોડાવી શકતો. પોતે હવે જે સંમાન ને સૌજન્યનો ભોક્તા બન્યો હતો તેમાં મોટો હિસ્સો આ મુફલિસનો જ હતો એ સમજાવવાની નૈતિક હિંમત તેનામાં ન હતી. ડેવીને સાનંદ જાહેરાત કરવાનો એ દિવસ હજુ હવે આવવાનો હતો કે 'મારી સર્વોત્તમ શોધ તો મિશેલ ફેરાડે પોતે હતો.' ફેરાડેને લેડી ડેવીના ત્રાસથી ઘણીવાર તો બધું છોડી ચાલ્યા જવાનું મન થતું, પણ ડેવી પ્રત્યેની નિષ્ઠા ને આજ્ઞાંકિતતા આગળ તે ઝૂકી પડતો. લેડી ડેવી તો એને પરીકથાઓમાં આવતી કોઇ ડાકણ જેવી જ લાગતી.

આ સફર ફેરાડેના મનોવિકાસમાં ખૂબ સહાયભૂત નીવડી. અનેક અખતરાઓ જોવાનો તેને મોકો મળ્યો. એ એક વર્ષના પ્રવાસની એણે લખેલી ડાયરી એક સૈકા પૂર્વેના પ્રવાસ ઉપર ઠીક પ્રકાશ પાડે છે. પ્રવાસમાં ઇટાલિયન ને ફ્રેન્ચ ભાષાનો યે એણે અભ્યાસ કર્યો. પ્રવાસ દરમિયાન માતાને લખેલા એક પત્રમાં એણે લખેલું, 'હું કેટલો અજ્ઞાન છું એની હવે મને યથાર્થ કલ્પના આવે છે. મારામાં કેટલી બધી સુધારણા જરૂરી છે!'

ઈ. ૧૮૧૫માં આ સફરથી પાછા ફર્યા બાદ ડેવીએ ફેરાડેનો પગાર અઠવાડિક પચીસને બદલે ત્રીસ શિલિંગનો કરી દીધો. એ પગારે જ ૧૮૨૧માં તે સારાહ બર્નાર્ડને પરણ્યો, ને એનું ઘર શાશ્વત આનંદધામ બની ઊઠ્યું. એ સ્ત્રી માટે કહેવાય છે કે She knew him better than he knew himself.' દિલ ને દિમાગના સંપૂર્ણ ઐક્યનાં જે ઉદાહરણો ઇતિહાસમાં મળી આવે છે તેમાંનું એ એક હતું.

લગ્ન પછી રૉયલ ઇન્સ્ટીટ્યૂશનમાં કોઈના મગજમાં ન ઊઠેલા એવા તરંગોને મૂર્ત કરવાની ગડમથલમાં ફેરાડે પરોવાયો. ૧૮૨૦માં મહાન ડૅનિશ પ્રોફેસર હૅન્સ ક્રિશ્ચિયન ઓર્સ્ટેડે વીજળી અને લોહચુંબક વચ્ચેનો સંબંધ શોધી કાઢેલો, એટલે ફેરાડે હવે વીજળીનાં મોજાં ઉપજાવવાના અખતરા પાછળ પડ્યો. એ માટે હાથ લાગતો એકેએક પદાર્થ તે અજમાવ્યે જતો. તેમાં મળતી સફળતા તેમજ નિષ્ફળતા બંનેનાં કારણોનું વિશ્લેષણ કર્યા સિવાય તે જંપતો નહિ. લગ્નના છ જ મહિના બાદ એણે કુશાગ્ર શોધ બહાર પાડી કે વિદ્યુત્‌તરંગની આસપાસ ચુંબકમય સોય ફેરવી શકાય છે!

સફરેથી પાછા વળીને એણે 'Quarterly Journal of Science'માં લેખો પણ લખવા માંડ્યા. ૧૮૧૬ના (જુઓ ૩૧૫)

હીરાનો હાર

સાચો હતો કે ખોટો?

એ વાર્તાના અંત સુધી તમે પણ નહિ પારખી શકો

લેખક · **રમેશ ગાંધી**



નારાયણસામી દોરિયા, સીંગાપુરનો એક નંબરનો ઝવેરી. રેશમી જોધપુરી અને રેશમી ટોપી જાણે એના ધંધાની જરૂરિયાત જ હોય એમ, જ્યારે જુઓ ત્યારે એ જ વેષમાં એ તમને દેખાય. નારાયણસામીની પારખ વિષે કંઈ કહેવાપણું જ ન હોય. એના હાથમાં તમે હીરો મૂકો ન મૂકો, ત્યાં તો એના સાચાખોટાનું પારખું થઈ જ ગયું હોય. મારી એની સાથેની ઓળખાણ બહુ જરૂરી નહિ પણ જૂની તો ખરી. જ્યારે એની દુકાન પાસેથી નીકળું ત્યારે બેપાંચ મિનિટ થોભ્યા વિના રહું નહિ.

એક વખત હું એની દુકાને ગયો : મારી ભાવિ પત્ની માટે એકાદ સારી વીંટી ખરીદવા. એટલે હું જરા નિરાંતે બેઠો. તે દિવસે એ કંઈક ઉલ્લાસમાં હોય તેમ લાગ્યું. મેં માન્યું કે એકાદ શિકાર મળી ગયો હશે. આજના જમાનામાં 'વધારાના' પૈસાને ઠેકાણે પાડવા માટે જરઝવેરાત એ સૌથી સલામત માર્ગ હોવાથી નારાયણસામી જેવા ઝવેરીઓને હમણાં સારો તડાકો પડે છે. વીંટી વિષે હું કંઈ વાત ઉચ્ચારું એ પહેલાં જ ચા આવી પડી. દરમ્યાન એણે મારા હાથમાં હીરાના બે હાર મૂકયા અને બહુ જ સ્વસ્થતાથી મને પૂછ્યું, 'આમાં સાચો કયો ને ખોટો કયો?'

હારને જોઇને જ હું તો એટલો સ્તબ્ધ થઇ ગયો હતો કે સાચો કયો ને ખોટો કયો તે કહેવું તો બાજુએ રહ્યું, અને મેં સામું પૂછ્યું, 'પણ એ તો કહે, આ બે હાર એક જ સરખા તારી પાસે કયાંથી?'

'એ વાત જવા દે; એ કથની જરા લાંબી છે.' વાત કરવાની ઈચ્છા હોય પણ જરા આગ્રહ કરાવવા કે માન ખાવા જે રીતે આપણે કહીએ એ રીતે નારાયણસામીએ મારા પ્રશ્નનો જવાબ વાળ્યો.

'પણ મને કહેવામાં તો તને સંકોચ કે ભય નહિ જ હોય.' મેં કહ્યું.

'ના ના; મને બીક? અને તે પણ તારા જેવા કબૂતરની!' તેણે મશ્કરી કરતાં જણાવ્યું, અને તેની આખી કહાણી સંભળાવી.

જગ્ગી એટલે સીંગાપુરની અંધારી આલમનો રાજા. નાનાંમોટાં ગમે તેવાં અટપટાં તાળાં ખોલવાની એની આખી ટુકડી હતી અને એની ખ્યાતિ ચારે દિશામાં ફેલાએલી. પણ એ ટુકડીમાં કિશન સૌને આંટી જાય એવો. એની પાતળી, લાંબી ને અણિયાળી આંગળીઓ જ એના કસબનું સબૂત હતું. એ આંગળીઓ પાસે મોટાંમોટાં તાળાં ને તીજોરીઓ પણ જાણે શરમાઈ જતાં. એક વખત એની સામે વૉરંટ નીકળેલું, પણ ખુદ એ વૉરંટ સરકારી કચેરીમાંથી જ ગુમ થઈ ગયું! કિશન સિવાય એ બીજું કોણ હોય?

એક વખત કિશન રાત્રે નારાયણસામી પાસે આવીને કહે, 'હું હવે આ જિંદગીથી કંટાળ્યો છું. વળી હમણાંહમણાં મારી શક્તિ પણ કંઈક ઓછી થઇ લાગે છે. જુઓને, ગઈ કાલે જ એક તાળું ખોલતાં લગભગ અરધો કલાક થયો.' નારાયણસામી એની વાતનો તોડ ન સમજી શક્યો. એણે પૂછ્યું, 'એથી શું? આ ત્રીસ વરસમાં ઘણાં ય તાળાં તોડયાં; હવે કદાચ એકાદ ન તૂટે તો ય શું થયું?'

કિશને કહ્યું, 'તમે મારી વાત નથી સમજતા. ત્રીસ વરસ આ ધંધામાં મેં પસીનો ઉતાર્યો છે. સીંગાપુરની અંધારી ગલીઓ અને ગોદામોમાં રાતોની રાતો ગુજારી છે. હવે તો મારી ઇચ્છા છે કે દેશમાં જઈને એકાદ ટુકડો જમીન લઇ નિરાંતે બેઠી ખાવી અને બાકીનું જીવન શાંતિમાં ગુજારવું. પણ એ માટે ઓછામાં ઓછા પાંચેક હજાર રૂપિયા તો જોઈએ. અત્યારે મારી પાસે હજારેક છે.'

નારાયણસામી સમજી ગયો: 'તો શું બાકીના ચાર હજાર મારી પાસે ઉધાર માગવા આવ્યો છે? કે...'

એ વધુ બોલે એ પહેલાં કિશન બોલી ઊઠયો, 'ના, ના, એમ નહિ. મારી વાત તો પૂરી સાંભળો. મારી પાસે એક શિકાર છે. એનો હીરાનો હાર તમે જોયો હોય તો છક થઈ જાઓ. ઓછામાં ઓછું વીસેક હજારનું એ નંગ મારી ચપટીમાં છે.' એણે જાણે કુશળતાથી સમજાવ્યું.

'એવો હાર તો બહુ મોટું જોખમ કહેવાય. અને વળી રોકાએલી મૂડી છૂટી થતાં તો વર્ષો નીકળી જાય; કેમકે જ્યારે પોલીસ એ બધું ભૂલી જાય ત્યારે જ એ બહાર કાઢી શકાય.' નારાયણસામીએ સ્ફોટ પાડયો. પણ એ દરમ્યાન એના મનમાં જાણે આખી ય યોજના ગોઠવાઈ રહી હતી. એટલે ધીમે રહીને નારાયણસામીએ વાત આગળ ચલાવી: 'વળી આજના જમાનામાં એ વીસ હજારના અંધારી દુનિયામાં તો માંડ પાંચેક હજાર જ આવે. એના દસ ટકા લેખે પણ જગ્ગી તને આપે તો યે તને તો માત્ર પાંચસો જ મળે. એટલે તારે બાકીના સાડા ત્રણ હજાર તો મેળવવા જ રહ્યા.'

'ના, ના, વાત એમ નથી. જગ્ગી હમણાંહમણાં તો મને પાંચ જ ટકા આપે છે. પણ મારે એનું કંઈ કામ નથી. મારો ઈરાદો તો

પૃ. ૩૧૩ ઉપર આપેલી 'કુમાર'ના લવાજમ વિષેની અમારી યોજના પ્રત્યે સૌ વાચકોનું ધ્યાન ખેંચીએ છીએ અને સૌ તરફથી તેના પ્રત્યુત્તરની આશા રાખીએ છીએ

એવો છે કે જો એક નકલી હાર તમે બનાવી આપો...'

'તો તું નકલી હાર જગ્ગીના હાથમાં પહેરાવી દઇ, સાચો ખિસ્સામાં મૂકીચાલતી પકડ, એમ ને?' નારાયણસામીએ કિશનની વાત સમજી જઈ કહ્યું : 'પણ જગ્ગીને જેવી ખબર પડી કે તેં એને બનાવ્યો છે, તેવો જ તારો જીવ એના હાથમાં ચાલ્યો ગયો સમજજે.'

કિશને જવાબ આપ્યો, 'એ સાચું; હું પણ એ સમજું છું. પણ એને કંઇ પણ ખબર પડે એ પહેલાં તો હું સીંગાપુરને સલામ કરી નીકળી પડયો હોઇશ. તમે તો ફક્ત મને જરા આંખ પકડી રાખે તેવી એકાદ નકલ બનાવી આપો. શું લેશો?'

નારાયણસામીએ સો રૂપિયા કિંમત કહી. કિશનને તો આજે પાઇ યે પાઈનો હિસાબ હતો. છેવટે સોદો પોણોસો રૂપિયામાં પત્યો. રોકડા રૂપિયા આપી કિશન ચાલી નીકળ્યો.

'જગ્ગીમલ, આજનો શિકાર અદ્ભુત છે.' સીંગાપુરની તાડીનો આસ્વાદ અનુભવતો કિશન જગ્ગીને સમજાવી રહ્યો હતો.

'કયો શિકાર?' જગ્ગીએ પૂછયું. આવા શિકાર જગ્ગીના માણસો ક્યાંક ને ક્યાંકથીં શોધી આવતા. પછી શિકારની વિગતો જાણી, જો કંઈ મોટો ત્રાગડો હોય તો જગ્ગી, કિશન અને બીજા બેચારની ટોળી જામતી; નહિ તો નાના એ કામ પતાવી લેતા.

'સત્યનાથન : જ્યોતિ બૅન્કનો મૅનેજર. આજે સવારે તેણે મને તેની તિજોરી સમી કરવા બોલાવ્યો હતો.' કિશને જવાબ આપ્યો. કિશન જેટલો તિજોરી તોડવામાં ઉસ્તાદ હતો એટલો જ સમારવામાં ઉસ્તાદ હતો. સીંગાપુરના મોટા શહેરમાં દિવસે તે 'તિજોરી–તાળાંનું સમારકામ કરાવી લ્યો' એવી બાંગ પાડતો, અને રાત્રે એ જ તિજોરી તાળાં તોડી તિજોરી તૂટયાની બાંગ પડાવતો! એણે પોતાની વાત આગળ ચલાવતાં કહ્યું, 'સત્યનાથનને પોતાની બૈરી માટે એક જુદી ચાવી જોઇએ છીએ, કેમકે પોતાને વારંવાર બૅંકના કામે બહારગામ જવું પડે છે અને ચાવી પોતાની સાથે લઈ જતો હોવાથી એની બૈરીને અગવડ પડે છે. મને કહે, એક જુદી ચાવી બનાવી આપ. મેં એકને બદલે બે બનાવી લીધી છે.'

'એમાં શિકાર શું છે?' જગ્ગીને ધીમેધીમે રસ પડવા માંડયો હતો, છતાં લાપરવાહીથી એણે પૂછ્યું.

'પ્રખ્યાત વીસ હજારનો હાર! આટલી જ વાર છે હવે તો.' ચપટી વગાડતાં કિશને કહ્યું.

'ચોક્કસ ખાત્રી છે?' જગ્ગીએ જાણે હજી વિશ્વાસ ન બેસતો હોય તેમ પૂછ્યું. કેમકે હજી થોડા જ દિવસ પર એ લોકો જરા મુશ્કેલીમાં મુકાઈ ગયા હતા. વાત એમ બની હતી કે કિશનની બાતમી ઉપર, એ લલ્લુ અને કિશન ત્રણે રાતના એક ઘરમાં ઘૂસ્યા. બાતમી પ્રમાણે દીવાનખાનામાં એક તિજોરી હતી ને એમાંથી પાંચેક હજાર રોકડા મળી જાય એમ હતું. રસોડામાં થઈ દીવાનખાનામાં ઘૂસ્યા, પણ દીવાનખાનામાં તિજોરી જ ન મળે! તિજોરી શોધતાં દસ મિનિટ લાગી. એટલામાં રસોડામાં કંઈક અવાજ થયો ને બધા ભાગી છૂટયા.

'નક્કી જ તો. હવે તો એક માણસ દરવાજા બહાર ઊભો રહેવા માટે આપો એટલે બસ. સત્યનાથન તો આજે રાત્રે ઈમ્ફાલ ગયો છે. એની બૈરીની બીક નથી.' કિશનને એમ, કે જો જગ્ગી પોતે ન આવે તો સારું. પણ આવી બાબતમાં જગ્ગી કાચો ન હતો.

'માણસ તો હું પોતે જ છું. હું જ આજે તારી સાથે આવીશ.'

રાત્રે સાડા અગિયારેકના સુમારે કિશન અને જગ્ગી સત્યનાથનને બંગલે પહોંચ્યા. નસીબજોગે ચોકીદાર ઊંઘતો હતો, એટલે એક માથાકૂટ તો ઓછી થઈ. મુખ્ય દરવાજાથી વીસેક ડગલાં કૉમ્પાઉન્ડમાં કાપી ડાબી તરફ વળવાનું હતું, અને બાથરૂમમાંથી મકાનમાં પેસી, રસોડામાં થઇને દીવાનખાનામાં જવાનું હતું. જગ્ગી નિયમ પ્રમાણે બાથરૂમની બહાર ચોકી માટે ઊભો.

તિજોરી ખોલતાં અને હાર કાઢતાં જરાય વાર ન લાગી. બહાર આવી કિશને જગ્ગીને હાર આપ્યો. અલબત્ત, તિજોરીમાંથી તફડાવેલો હાર તો કિશને પોતાના જ ગજવામાં મૂક્યો હતો. જગ્ગીને જે આપ્યો એ તો નારાયણસામીએ બનાવી આપેલો નકલી હાર હતો.

કામ પતાવી, બંને મુખ્ય રસ્તા પર આવી પહોંચ્યા ને ત્યાંથી બંનેએ જુદા પડવાનું યોગ્ય ધાર્યું. જગ્ગી જમણી બાજુ ગયો ને કિશન...અંધારી ગલીઓમાં થઇને સીધો નારાયણસામીને ઘેર.

નારાયણસામી જાગતો જ હતો. જેબમાંથી હાર કાઢતો કિશન બોલ્યો : 'કિંમત તો વીસ હજારની છે, પણ મારે જલ્દી ભાગવું છે. અને મારે જરૂર માત્ર પાંચ હજારની જ છે એટલે પાંચ હજાર ચાલશે.' આમ કહી તેણે બેફિકરાઈથી હાર નારાયણસામીના ટેબલ પર ફેંક્યો. નારાયણસામીના ઘરની પીળી બત્તીમાં હાર ઝળાંહળાં થઇ રહ્યો.

'તું એમ કેમ માની બેઠો કે એ હાર હું લઈશ?' આપણી વચ્ચે આ જાતની વાતચિત થઈ જ નથી. ગમે તેમ પણ આ હાર મારા ગજાનો નથી. એ રસ્તે જવાની મારી ઇચ્છા પણ નથી. તેમજ મારી પાસે એટલા બધા પૈસા હાથ પર હાજર પણ નથી.' નારાયણસામીએ કહ્યું.

કિશનને માથે જાણે વીજળી પડી! નારાયણસામી આ હાર નથી લેવાનો? તો એના મનમાં શું હશે? હું બીજા કોઇને તો જઇને હવે કઇ રીતે વેચું? એણે થોડી માથાકૂટ કરી, પણ નારાયણસામી એકનો બે થયો નહિ. હાર લઇને કિશન ચાલતો થયો.

બીજે દિવસે ઘડો ફૂટયો. જગ્ગી જાણી ગયો કે કિશને તેને છેતર્યો.

'જીવતો કે મૂએલો કિશન...' જગ્ગીની જબાનમાંથી એના સાથીઓ માટે હુકમ છૂટયો. કપડાં પર શાહીની જેમ હુકમ આખી ટોળીમાં ફરી વળ્યો. જગ્ગીને સીંગાપુરના દરિયા પર બહુ શ્રદ્ધા હતી. મુડદાંનો નિકાલ લાવવા માટે જ જાણે સીંગાપુરનો દરિયો સર્જાયો હતો. કિશન શું, ગમે તેને માટે આ દરિયો તૈયાર જ હતો.

બીજા દિવસની આખી રાત કિશન સીંગાપુર બંદરનાં ગોદામોમાં ક્યાંક સંતાઈ રહ્યો. એકાદ વખત જગ્ગીનાં માણસોએ એને જોયો, પણ પકડી શક્યા નહિ. એક પછી એક, એમ ત્રણ અંધારી રાતો અને બિહામણા દિવસો કિશને લપાતાંછુપાતાં કાઢયા.

એક અંધારિયા રેસ્ટોરન્ટમાં—એને રેસ્ટોરન્ટ કહેવા કરતાં જગ્ગીનો અને એના જેવા બીજાઓનો અડ્ડો કહેવો જ વધુ યોગ્ય છે—જગ્ગી અને એના માણસો વાત કરતા હતા: 'એ બદમાશને પાંચ દિવસથી તમે નથી પકડી શકતા એ શરમની વાત છે. જે જગ્યાઓમાં એ છુપાઇ શકે એ બધી જ આપણી જાણીતી છે, અને છતાં તમે બાઘાની જેમ શીભા છો?' જગ્ગીએ કાવો પીતાંપીતાં કહ્યું.

'ખરે જ!' રેસ્ટોરન્ટમાં કોણજાણે ક્યાંથી ઊતરી આવતાં પોલીસ ઇન્સ્પેક્ટરે કહ્યું: 'અને અમે પણ શરમાતા હતા કે જગ્ગીને અમે હજી સુધી કેમ નથી પકડી શકતા. અત્યાર સુધી તો તું છટકી જતો, પણ હવે સાત વર્ષ—કે ન્યાયાધીશ યોગ્ય માને તો ત્રીસ વર્ષ તું આરામ કરી શકીશ. તારા થાકેલા શરીરને આરામની જરૂર છે, અને તારા મનને પણ હવે થોડી શાંતિની જરૂર છે.' ઈન્સ્પેક્ટરે એને હાથકડી પહેરાવતાં કહ્યું. જગ્ગી જેવા સિંહને પકડાએલો જોઈ એના હજુરીઆઓ તો જાણે હવામાં ઓગળી જ ગયા!

પણ આ બન્યું'તું શું? કિશન પોલીસને શરણે ગયો હતો. તેને લાગ્યું કે હાર લઇને નાસી છૂટવાની વાત તો બાજુ રહી, પણ પોતાનો

કેસ પૂરો થયો. જગ્ગીને તો કંઇ બચાવ કરવાનું સાધન જ હતું નહિ. એની પાસે બનાવટી હાર હતો જ.

એ હાર લઈને કિશનને આપવામાં આવ્યો. અલબત્ત, કિશને પોતા પાસે હતો એ હાર પોલીસને હવાલે કર્યો હતો અને પોલીસે કંઈ પણ તરફી લીધા વગર એ હાર સત્યનાથનને પરત કર્યો. જગ્ગીને જ્યારે બાર વર્ષની મળી ત્યારે કોર્ટમાં બેઠેલા દરેક મનુષ્યના મોં પર નિરાંતનું સ્મિત ફેલાયું.

કોર્ટમાંથી છૂટીને કિશન સીધો નારાયણસામી પાસે આવ્યો. જાણે ત્રીસ વર્ષની સજા ભોગવીને નીકળ્યો હોય એવું તેનું મોઢું હતું. હવે તેને દેશ ભાગવાની ઉતાવળ હતી. એ નકલી હારના નારાયણસામીએ તેને પચાસ રૂપિયા આપ્યા. એમાં યે નારાયણસામીએ તો પચ્ચીસ રૂપિયાનો નફો કર્યો! બીજે જ દિવસે કિશન હિંદ જવા રવાના થયો.

નારાયણસામીની વાત પૂરી થઇ માની મેં કહ્યું: 'ત્યારે આ બે-માંથી એક હાર તો તમે કિશન માટે બનાવેલો તે નકલી હાર, જે એણે તમને પાછો આપ્યો તે. પણ આ બીજો કયો?'

નારાયણસામીએ મારી સામે જોયું અને આછું હાસ્ય કર્યું: 'એમાં એકેય કિશન માટેનો હાર નથી. એ બંને સત્યનાથનના હાર છે!'

મારા હાથમાંથી હાર પડતાં પડતાં રહી ગયા. 'બંને સત્યનાથનના?'

'હા. કિશન માટે જે હાર બનાવેલો ને જે કિશન મને પાછો આપી ગયો, તે સત્યનાથન લઈ ગયો.'

'પણ સત્યનાથનને નકલી હારનું શું કામ હતું?'

'એની પત્નીને આપવો હતો.'

'પણ પત્નીને નકલી હાર આપવાનું કંઈ કારણ?'

'કેમકે સાચો હાર તો ઈમ્ફાલમાં એક બીજી યુવતીને આપવાનો હતો. ઈમ્ફાલમાં સત્યનાથનનો પ્રેમ એક ૨૨ વર્ષની તરુણી પર ઢળી રહ્યો હતો. અને તું તો જાણે છે, કે સાચાં હીરામોતી તો પ્રેયસીઓને જ મળે છે, જ્યારે ધર્મપત્નીઓને નકલી નંગથી નવરાવવામાં—કે શણગારવામાં આવે છે!' હું તો સાંભળી જ રહ્યો.

વાતનો તંતુ પહેલેથી શરૂ કરતાં તે બોલ્યો, 'આ બધું બન્યા અગાઉ એક દિવસ સત્યનાથન મારી પાસે આવેલો. તેણે સાચો હાર મારા હાથમાં મૂકીને કહેલું કે એક આવો જ હાર બનાવી દે. પચાસ રૂપિયા આપીશ. હું સંમત થયો. એ પછી બે ત્રણ દિવસે કિશન આવ્યો. એને માટે પણ પેલાના જેવો જ નકલી હાર બનાવવાનો હતો. પણ તેનો હાર પોણોસો રૂપિયાનો બનવાનો હતો. સત્યનાથનને રાજી કરવા મેં એ હાર તેને આપ્યો. એ હાર તેણે તિજોરીમાં મૂક્યો. કિશને તિજોરી ખોલી અને એ નકલી હાર તફડાવ્યો.'


મને થયું કે આ તો હવે હદ થાય છે. 'તો પછી આ સાચો હાર તમારી પાસે ક્યાંથી?'

'સત્યનાથન મને આપી ગયો હતો ને?' એણે હસવાં હસતાં કહ્યું. 'એ મને નકલ કરવા આ હાર આપી ગયો હતો. પણ જ્યારે એ લઈ ગયો ત્યારે બંને નકલી હાર લઈ ગયો: મેં એને બંને નકલો જ આપેલી!'

'પણ તો પછી આ વાતની સત્યનાથનને કે કોઈને ખબર ન પડી?'

'ક્યાંથી પડે? પહેલેથી છેલ્લે સુધી—એ મર્યો ત્યાં સુધી હું જ એનો ઝવેરી રહ્યો હતો. એકાદ વખત ઇમ્ફાલની છોકરીએ હાર ખોટા હોવા બાબત કંઈક બડબડાટ કર્યો હતો, પણ સત્યનાથનનો તો હું કુટુંબનો કહો કે માનીતો ઝવેરી ને?'

વીંટી ખરીદવાનો વિચાર મનમાં જ રાખીને મેં ચાલતી પકડી.



કુમાઉં-નેપાલના પ્રદેશમાં આવેલા મધ્ય હિમાલયની ઉચ્ચ શિખરમાળાઓનો સ્કેચ. હિમાલય-આરોહણ માટે ઈ. ૧૯૩૬માં આવેલી સ્વિટ્ઝર્લૅંડની પહેલી ટુકડીના બે સભ્યો આર્નોલ્ડ હાઈમ અને ઑગસ્ટ ગૅન્સરે 'ધ થ્રોન ઑવ ધ ગૉડ્ઝ' (દેવોનું સિંહાસન) નામથી એક અત્યંત સુંદર ને રસમય સચિત્ર પુસ્તક લખ્યું છે. તેમાંથી લીધેલું આ આલેખન મિ. ગૅન્સરે, બિનસરની ઉપર આવેલા ૭૯૭૦ ફૂટ ઊંચા ઝંડી નામના પર્વત ઉપરથી, કુદરત પરથી સપ્રમાણ ઉતારેલું છે. કેદારનાથથી નંદાકોટ સુધીનાં તેમાં દર્શાવેલાં શિખરો વચ્ચેનો વિસ્તારનું અંતર ૯૦ માઈલનું થાય છે. દરેક શિખર ઉપર લીટી દોરીને લખેલાં તેનાં નામને પડખે દર્શાવેલા આંકડા તે તે શિખરની ઊંચાઈ ફૂટમાં દર્શાવે છે.

શિખરોનાં આરોહણ

વર્તમાનપત્રોમાં સમાચાર આવ્યા છે કે ફરી એક વાર હિમાલયનું સર્વોચ્ચ શિખર એવરેસ્ટ સર કરવાને, ચાર પર્વત-આરોહણ કરનારાઓની એક ટુકડી હિંદ આવી છે.

કોઇને મનમાં એમ થાય કે આવાં આ આરોહણો પાછળ ઉદ્દેશ શો છે? શા માટે આ લોકો આટલી બધી મુશ્કેલીઓ અને જાનનાં જોખમ વેઠવાને તૈયાર થાય છે? તેથી તેમને શો લાભ?

ખરી વાત છે! આળસ, ઉપેક્ષા, અજ્ઞાન ને લાપરવાહીમાં સબડતા રહેલા હિંદવાસીઓને, અને તેમાં યે વેપારમાંથી લક્ષ્મી ખેંચવાનો સલામત કીમિયો અજમાવવામાં મશગૂલ સુખવસ્તુ ગુજરાતીઓને તો આવો જ પ્રશ્ન થાય. કેમકે 'સાહસનો સાદ' એ કેવી અદ્ભુત વસ્તુ છે, એ તેમના ઠંડા લોહીએ હજી અનુભવી નથી. સત્યને ખાતર, ધર્મ કે કર્તવ્યને ખાતર, પરોપકાર અને જ્ઞાનાર્જનને ખાતર જિંદગી ન્યોછાવર કરનારાઓએ કયા લાભને ખાતર જાતને જતી કરી હતી? એવી જ આ અણદીઠને દેખવાની, અણતાગનો તાગ મેળવવાની, જ્ઞાનની કહો તો જ્ઞાનની તમન્ના છે. દુનિયાની એકેએક 'જીવતી' પ્રજામાં તો એ તમન્ના રમી રહેલી હોય જ છે. સદ્ભાગ્યે ગુજરાતમાં એ તમન્નાનાં કિરણ પ્રકટવા લાગ્યાં હોવાની પ્રતીતિ, આ ઉનાળામાં હિમાલયના નાના આરોહણે ઊપડેલી વડોદરાના વિદ્યાર્થીઓની ટુકડીના પ્રયત્નોથી થાય છે.

ચોમો લુંગ્મા! તળ હિમાલયની ભાષામાં એનો અર્થ થાય છે 'પર્વતોની દેવી-દેવમાતા.' પણ દુનિયાભરમાં તે ઓળખાય છે 'એવરેસ્ટ'ના નામથી. ૨૯,૧૪૧ ફૂટ ઊંચું આલમભરનું એ સર્વોચ્ચ શિખર સર કરવા માટે માનવીએ સાતસાત વાર મથામણ કરી જોઈ છે, પણ તે ફાવ્યો નથી. મેલરી અને અર્વિન જેવા અનેક વિખ્યાત શિખરિણી માનવરત્નોનો એણે ભોગ લીધો છે, છતાં એવરેસ્ટ—ગૌરીશંકરનું એ ઉન્નતભવ્ય શિખર હજી યે માનવ-પ્રયત્નોને પડકારતું અજેય રહ્યું છે.

એ પડકારને ફરી એક વાર ઝીલી ચાર શિખરિણીઓની એક ટુકડી ગયે મહીને હિંદ આવી છે. એનો નેતા મિ. એરિક શિપ્ટન એવરેસ્ટથી સુપરિચિત છે. તેણે ઈ. ૧૯૩૩, ૧૯૩૬ તથા ૧૯૩૮માં થએલાં આરોહણોમાં ભાગ લીધો હતો. પણ આ વખતે તો આ ટુકડી હમેશના માર્ગે એવરેસ્ટ પર પહોંચવાનો પ્રયત્ન ન કરતાં બીજો કોઈ નવો જ માર્ગ શોધી કાઢવાનો પ્રયાસ કરવાની છે, અને એમનું આ આરોહણ હમણાં તો એ નવો માર્ગ શોધવા પૂરતું જ છે. પરંતુ એ ટુકડી પૈકી મિ. ટૉમ બુર્દિલોન, જે આલ્પ્સ પર્વતોના અસાધારણ કુશળ અનુભવી છે, તેમણે કહ્યું છે કે શક્ય હશે તો તેઓ એવરેસ્ટની ટોચ પર પહોંચવાનો પણ પ્રયાસ કરશે. અત્યાર સુધીના બધા પ્રયાસો ઉત્તર દિશામાંથી કરવામાં આવ્યા હતા. મિ. શિપ્ટનની ટુકડી નૈઋત્ય ખૂણેથી ચડવાનો માર્ગ શોધવાનો પ્રયાસ કરવાની છે.

હિમાલયનાં ઉચ્ચોચ્ચ શિખર સર કરવા માટેની આ તમન્ના છેલ્લાં લગભગ પચાસેક વરસથી પશ્ચિમના શિખરિણીઓમાં સળગતી જ રહી છે, અને તે પાછળ ઘણાએ જાનફેસાની પણ કરી છે. એનો એક તાજો જ દાખલો, આ ઉનાળે બે ફ્રેંચ શિખરિણીઓએ પૂરો પાડ્યો છે. હિમાલયનાં શિખરોમાં નંદાદેવીનાં શિખર ચડવે અતિ કપરાં ગણાય છે. અનુક્રમે ૨૫,૬૪૫ અને ૨૪,૩૪૧ ફીટ ઊંચાં એવાં બે શિખરોનું એ જોડકું છે. (જુઓ આ સામેનું શિખરમાળાઓનું ચિત્ર). એ સર કરવા માટે આ ઉનાળે આવેલી ફ્રેન્ચ આરોહકોની ટુકડીના નેતા રૉજર દુપ્લાત અને તેમના સાથી ગિલ્બર્ટ વિગ્નેસે, એ બે જોડિયાં શિખરોને જોડતો બે માઈલનો માર્ગ કાપવા જતાં પોતાના જાન ગુમાવ્યા છે. પણ તેથી શું? એ ટુકડીએ એ બંને શિખરો પર પગ મૂકવાનો પોતાનો ઉચ્ચાગ્રહ તો પાર પાડ્યો જ છે.

અગાઉ આવો વિજય માત્ર બે જ ટુકડીઓને આટલાં વરસમાં મળ્યો છે. ઈ. ૧૯૩૬માં મિ. એચ. ડબ્લ્યુ. ટિલમૅનની સરદારી નીચે અંગ્રેજ-અમેરિકન એક ટુકડીએ તેનું ૨૫,૬૪૫ ફીટ ઊંચું શિખર સર કર્યું હતું ત્યારે; અને ત્યાર બાદ ત્રણ વર્ષે, ૧૯૩૯માં પોલાંડની એક ટુકડીએ તેનું ૨૪,૩૪૧ ફીટનું પૂર્વ-શિખર સર કર્યું હતું ત્યારે.

હિમાલયનાં ૨૫,૦૦૦ ફીટથી ઊંચાં શિખરો પૈકીનાં માત્ર બે જ શિખર આજ સુધી હજી સર કરી શકાયાં છે: એક આ નંદાદેવી, ને બીજું ૨૫,૪૫૦ ફીટ ઊંચું કામટ-કમઠાચળ. એના આરોહણનો અહેવાલ અગાઉ 'કુમાર' (અંક ૯૪)માં આવી ગયો.

એથી નીચાં શિખરો સર કરવાના પ્રયત્નો તો થયા જ કર્યા છે. હજુ હમણાં જ ગઢવાલ પરગણામાં નંદાદેવીના પશ્ચિમ પડખામાં જ—દસેક જ માઈલ છેટું—આવેલું ત્રિશૂલનું ૨૩,૨૯૮ ફૂટ ઊંચું શિખર ઉપરાઉપર બે વાર આ ઉનાળે સર કર્યું: રૉબર્ટ વૉલ્ટર નામના એક શિખરિણીએ, ને શ્રી સુંદરલાલ નામના હિંદીની આગેવાની નીચેની એક ટુકડીએ. શ્રી સુંદરલાલની ટુકડીમાં દહેરાદૂન લશ્કરી શાળાના શ્રી ગુરુદયાલસિંગ, ઇન્ટર સર્વિસિઝ વિંગના સાર્જન્ટ ઈન્સ્ટ્રક્ટર મિ. રૉય ગ્રીનવુડ, અને ફલાઈટ ઑફિસર નલિની ધર જયાલ હતા. ગઢવાલમાં ધવલી ગંગા નદીને કાંઠે આવેલા ૭૦૦૦ ફીટ ઊંચા લાટા નામના ગામડેથી શરૂ થએલો એમનો એ આરોહણ-પ્રવાસ ખૂબ પ્રેરક અને પ્રોત્સાહક છે. પણ એ કોઇવાર આપીશું.


ત્રિશૂલની પેઠે ત્રણ-પાંખિયાં શિખરોવાળો એ પર્વત (જુઓ સામેની આકૃતિમાં) પણ ચડવો સહેલો નથી. આજ સુધીમાં અગાઉ માત્ર બે જ વખત એ આરોહી શકાયા છે. સૌ પ્રથમ ઇ. ૧૯૦૭માં ડૉ. ટી. જી. લૉંગસ્ટાફે તે સર કરેલો. પણ એ વખતે તો તેની સાથે જનરલ બ્રૂસ અને મિ. મમ જેવા આલ્પ્સના અનુભવી આરોહકો તથા બ્રોખરેલ બંધુઓ નામના બે સ્વિસ ભોમિયાઓ હતા.

એ પ્રયત્ન પછી ૨૩ વરસ સુધી—૧૯૩૦ સુધી, દુનિયાભરનાં માનવીએ માપેલાં શિખરોમાં સર્વોચ્ચ શિખર એ ત્રિશૂલ જ મોખરે રહ્યું હતું. તે પછીનાં આ ૨૧ વરસમાં (૧૯૩૦–૧૯૫૧) એ આંક ચાર વાર તોડાયો છે, અને અત્યારે સર્વોચ્ચ ચડાએલી ઊંચાઈ ૨૬,૫૦૨ ફૂટની રહી છે: એક ફ્રેન્ચ ટુકડીએ સર કરેલા 'અન્નપૂર્ણા' શિખરની.

પણ ડૉ. લૉંગસ્ટાફનું ત્રિશૂલનું આરોહણ એક બાબતમાં તો હજુ યે અનન્ય રહ્યું છે. તે ૧૭,૫૦૦ ફીટની ઉંચાઇએથી ૨૩,૨૯૮ ફીટના તેના શિખર પર માત્ર એક જ દિવસમાં ચડી ગએલા!

તે પછી ૧૯૩૩ના જૂનની ૨૧મીએ મિ. પી. આર. ઑલિવર નામના હિંદી લશ્કરના એક અમલદાર તથા કેસરસિંગ નામે હિંદીએ તે સર કરેલું. એ ત્રિશૂલ-આરોહણનો બીજો પ્રયત્ન. એમણે ૨૦,[illegible] ફૂટેથી એક જ દિવસમાં શિખર સાધેલું.

પરંતુ આ ત્રિશૂલે પણ આજ સુધી ઘણા શિખરિણીઓના ભોગ લીધા છે. નંદાદેવી સર કરનાર પોલિશ ટુકડીમાંના બે [illegible]





હૂકો–મિ.કાર્પિન્સ્કી તથા બર્નાર્ડ ગ્રિકિચેવિચ તેને સર કરવા જતાં ૧૯૩૯માં માર્યા ગએલા!

છતાં—છતાં,શિખરોના આરોહણની આ લગની,અખંડ ધગતી ધૂણીની પેઠે,માનવીના અંતરમાં સદા ધીકતી જ રહી છે. આપણી સ્વતંત્ર થએલી પ્રજાએ—જેણે પશ્ચિમના દેશોને મુકાબલે તો હજી પ્રગતિનાં ઘણાં યે શિખરો સર કરવાનાં છે તેણે—તો આ દિશામાં હજી પહેલી પગલી જ પાડી છે.

પોતાની ઊગતી પ્રજાને ખડતલ બનાવવા માટે પશ્ચિમમાં કેવા પ્રયત્નો કરવામાં આવે છે તે દર્શાવવા ઇંગ્લંડમાં પ્લીમથ પાસે બ્લેકલે ખાતે આવેલી 'કમાન્ડો તાલીમી શાળા' ની કામગીરીનાં બે ચિત્રો સામે આપ્યાં છે.

એ 'કમાન્ડો' શબ્દ પણ જાણવા જેવો છે. બીજા મહાયુદ્ધની કપરી કટોકટી વખતે ઇંગ્લંડના કેટલાક ચુનંદા સૈનિકોએ કેસરિયાં કરીને,ખુદ શત્રુઓની જ કિલ્લેબંધીની અંદર જઈને, પોતાનાં છાતીધડાં સાહસ ને જીવસટોસટની કામગીરી વડે જે ત્રાહેત્રાહે પોકરાવેલી એ જોઇને બહારની દુનિયા તો મોંમા આંગળાં નાખી ગએલી. એ સૈનિકો 'કમાન્ડો' કહેવાતા. ત્યારથી એ પરંપરાને જીવતી રાખવા ત્યાં આ 'કમાન્ડો તાલીમ' શરૂ કરવામાં આવી છે. એમા કુમારોમાં કપરી લડાયક શક્તિ ઉપરાંત આત્મવિશ્વાસ,હૈયાઉકલત, કટોકટી વેળાની સમયસૂચકતા, ગમે તેવી વિકટ પરિસ્થિતિ—પહાડ જંગલ, કે ખીણ નદી, કે કાતિલઠંડી યા વાવાઝોડાં—સામે ટકી રહેવાનું ખડતલપણું વગેરે ખીલવતી આકરી તાલીમ અપાય છે.


એ તાલીમ નિર્દેશતાં આ બે ચિત્રો. પૈકી પહેલું ચિત્ર પર્વતારોહણની તાલીમનું છે, જેમાં છાતી સમાણી ઊંચી કરાડો પર, દોરડાં કે એવાં બીજાં સાધનો વિના ચડવાનું કામ જીવસટોસટનું હોય છે. આની તાલીમ લીધેલા જવાનો જ મોટપણે સર્વોચ્ચ ગિરિશિખરો સર કરી શકે, કે યુદ્ધ વેળાએ શત્રુઓના કિનારાની ભયંકર મોજાંની પછાટ ઝીલતી ભીષણ કરાડો પર ચડી તેની કિલ્લેબંધીમાં પ્રવેશી શકે.

નીચેના ચિત્રમાં, ધૂઘવતી નદી ઉપર થઈને, એક જ દોરડાને સહારે, પોતાના સંપૂર્ણ યૂનિફૉર્મ તથા લશ્કરી સરંજામના બોજ સાથે, સામે પાર જવાની તાલીમનો તણકો દર્શાવ્યો છે.

સ્વાદુપિંડ અને કલેજું

જાણો છો ?

કે આપણા શરીરમાં પણ રેલવેના સિગ્નલો જેવી કરામત છે ?
કે કમળો, પથરી ને મધુમેહ જેવાં ભયંકર દરદો શાથી થાય છે ?
કે શંકાભરેલા મોતની પોલીસ-તપાસમાં માણસનું કલેજું જ
શા માટે તપાસે છે ?... કે એ કલેજામાં આખા શરીરના ચોથા
ભાગનું લોહી રહેલું હોય છે ?



યકૃત અથવા
કલેજું કે કાળજું
Liver

કાયાની કરામત · હપતો બારમો

લેખક
ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

હોજરીની પાછળ અને કલેજાની નીચે, છ ઇંચ લાંબી અને દોઢ ઇંચ પહોળી, ભૂખરા રંગની સ્વાદુપિંડગ્રંથી (pancreas= અગ્ન્યાશય) આવેલી છે. તે લાખો કોષો અને નલિકાઓની બનેલી છે. એ કોષો પાચકરસ પેદા કરે છે, અને તે નલિકાઓ દ્વારા એકત્ર થઇને ગ્રહણીમાં રેડાય છે. (જુઓ પૃ. ૩૦૨ ઉપરનું ચિત્ર)

બીજી ગ્રંથીઓ કરતાં સ્વાદુપિંડ-ગ્રંથીનો રસ ઓછો હોય છે,—નાની લાળગ્રંથી કરતાં પણ પાંચમા ભાગનો : દિવસભરમાં સાત અધોળ જેટલો જ. પણ તેનું કાર્ય અધિક અને અતિ મહત્ત્વનું છે. તે ખોરાકના ત્રણેય ઘટકો ઉપર રાસાયનિક ક્રિયાઓ કરે છે. આથી ખોરાકનું અંતિમ પાચન થઈ એવું તો રૂપ બને છે કે જે સહેલાઇથી આંતરડાંમાં શોષાય છે.

સ્વાદુપિંડનો રસ આલ્કલીના ગુણધર્મવાળો છે. તેમાં ત્રણ આથવણો હોય છે; (૧) એમાયલૉપ્સીન (૨) ટ્રીપસીન અને (૩) લાયપેઝ. આ ઉપરાંત દૂધનું પાચન કરવા માટે એક વિશિષ્ટ આથવણ પણ છે. આ આથવણો એટલાં તો જલદ છે કે તે જેમાંથી સ્રવે છે તેને જ 'ખાઇ' જાય. પણ જઠરરસની જેમ આ આથવણો પણ જેવાં સ્રવે છે તેવાં જ કામ કરવા નથી માંડતાં, પણ ગ્રહણીની શ્લેષ્મ-કળામાંથી સ્રવેલા એન્ટેરોકાઇનેઝ નામના દ્રવ્યના સંસર્ગમાં આવે છે ત્યારે જ કાર્યશીલ બને છે.

એમાયલૉપ્સીન આથવણનું કામ ટાયલીનના જેવું જ—સ્ટાર્ચનું પાચન કરવાનું છે. ટાયલીનથી સ્ટાર્ચનું જો પૂરેપૂરું પાચન ના થયું હોય તો એમાયલૉપ્સીન તે પૂરું કરે છે. વધારામાં એટલું કે સ્ટાર્ચનું માલ્ટમાં રૂપાંતર થયું હોય તેનું તે ગ્લુકોઝ બનાવે છે. ઉપરાંત, રાંધ્યા વગરના સ્ટાર્ચ ઉપર પણ તે અસર કરે છે.

ટ્રીપસીન, પ્રોટીન પર કામ કરે છે. હોજરીમાં પચ્યા વગર રહેલા પ્રોટીનો, અને જે પચીને પેપ્ટોન બન્યાં હોય તેની ઉપર તેની ક્રિયા થાય છે અને તેનું અંતિમ રૂપમાં એમાઇનો ઍસિડમાં રૂપાંતર થાય છે.

લાયપેઝ આથવણ ખોરાકમાંના ચરબીવાળા અને તેલી પદાર્થોનું પાચન કરે છે. આ ક્રિયામાં પિત્તની ઘણી સહાય મળે છે. પિત્ત, ચરબી-તેલી પદાર્થોનું એક સુમિશ્રિત પ્રવાહી (emulsion) બનાવે છે. તેમાં પછી લાયપેઝ આથવણ મળીને રાસાયનિક ક્રિયા થાય છે, જેના પરિણામે તેની સાબવણી (saponification) થાય છે. સાબવણી એટલે ચરબી-તેલોના અણુઓ તૂટીને નવા પદાર્થો બને તે. આ પદાર્થો તે ચરબી-ઍસિડો અને ગ્લીસરીન છે. કહેવાય છે કે વિશ્વ-યુદ્ધ વખતે જર્મનો પાસે દારૂગોળો બનાવવા માટે જ્યારે ગ્લીસરીન ખૂટી પડયું ત્યારે માનવ-મુડદાંની ચરબીમાંથી ગ્લીસરીન બનાવવામાં આવતું હતું. આખા અન્ન-માર્ગમાં ચરબી-તેલોનું આ પ્રકારે પાચન કરનાર આથવણ લાયપેઝ એક જ છે. તેની અછત કે અભાવ હોય તો ચરબીનું પાચન અને શોષણ થતું નથી.

આ ઉપરાંત સ્વાદુપિંડના થોડાક કોષોના જૂથોમાંથી એક અતિ ઉપયોગી રસ ઝરે છે કે જે નલિકા દ્વારા આંતરડાંમાં જતો નથી, પણ કોષોની આસપાસ વહેતી રક્તવાહિનીઓ દ્વારા પરબાર્યો લોહીમાં દાખલ થાય છે. આ રસનું નામ ઇન્સ્યુલીન (insulin) છે. આ એક અંતઃસ્રાવ (hormone) છે અને તેનું કામ લોહીમાં રહેલી ખાંડને ક્રિયાશક્તિના રૂપમાં પલટાતી વેળા બળવામાં મદદ કરવાનું છે. શરીરમાં જ્યારે આ ઇન્સ્યુલીનનું પ્રમાણ ખૂટે છે ત્યારે મધુમેહ (મીઠી પિશાબ diabetes)નો રોગ થાય છે.


સ્વાદુપિંડના આ બધા રસ ઝરવાનું કામ મગજની આજ્ઞા પ્રમાણે થાય છે. આ ઉપરાંત જઠર-રસમાંનો તેજાબ ગ્રહણીમાં આવીને ગ્રહણીના કોષોમાંથી એક બીજું દ્રવ્ય પેદા થાય છે. તે લોહીમાં દાખલ થઇને સ્વાદુપિંડ-ગ્રંથીને રસ છોડવા માટે ઉત્તેજે છે. જેના પરિણામે ગ્રહણીમાં આમરસ આવે કે બે મિનિટમાં જ સ્વાદુપિંડ-રસ છૂટવા માંડે છે અને ગ્રહણીમાં આવે છે.

અન્ન-માર્ગના ચાર વિભાગ છે : (૧) મોઢું અને અન્નનળી, (૨) હોજરી, (૩) નાનાં આંતરડાં અને (૪) મોટાં આંતરડાં. દરેક વિભાગના રસો પડોશના વિભાગ કરતાં ઊલટા—વિધર્મી હોય છે. દેહમાંની આ વ્યવસ્થા સહેતુક છે. આલ્કલી કોળિયો મુદ્રિકાદ્વાર પાસે આવે તો એ દ્વાર ખુલે જ નહિ. કોળિયો પૂરેપૂરો આમ્લિક હોય તો જ તે ખુલીને તેને ગ્રહણીમાં જવા દે છે, અને પછી તરત જ જોરથી સંકોચાઈ જાય છે. અને ગ્રહણીમાં આવેલો એ કોળિયો સ્વાદુપિંડ-રસથી પૂરેપૂરો આલ્કલી બને ત્યાર બાદ જ મુદ્રિકાદ્વાર ખુલીને બીજા કોળિયાને ગ્રહણીમાં આવવા દે છે. રેલવે સ્ટેશનના સિગ્નલો જેવી કાયાની આ કરામતથી અન્નમાર્ગમાં ખોરાક સુનિયંત્રિતરીતે વહે છે.

કાળજું

કાળજું—કલેજું કે યકૃત (liver) એ આખા શરીરમાં મોટામાં મોટી ગ્રંથી છે : કદ, વજન ને કામગીરી ત્રણે રીતે. તે જમણા પડખા-

ના ઉપરના ભાગના પોલાણને ભરી દઈને ઉદરપટલની નીચે પણ તેને અડકીને જ પાંસળીઓના પિંજરના રક્ષણ નીચે ગોઠવાએલું છે. તેમાં એક ચીરો (fissure) હોવાથી તેનાં બે પિંડ (lobe) બન્યા છે. તેમાં જમણો પિંડ મોટો છે ને ડાબો નાનો. શરીરની ઊભી લીટીએ, છઠ્ઠીથી દસમી પાંસળી સુધીનો વિસ્તાર રોકતું કલેજું, આડી લીટીએ સાંકડું બની, પેટનો મધ્ય ભાગ રોકી, છેક ડાબા પડખા સુધી વિસ્તરેલું છે. તે ૭ ઈંચ પહોળું ને આઠ ઇંચ લાંબુ છે. વજન એનું ત્રણ-સાડાત્રણ રતલ જેટલું. તેના નીચલા ભાગમાં રીંગણ આકારનું પિત્તાશય (gall-bladder) જોડાએલું છે, જેમાં પિત્તનો સંગ્રહ થાય છે.



જે સૂક્ષ્મ કોષો અને બારીક નળીઓનું કલેજું બનેલું છે તેનું અતિઘણા મોટા રૂપમાં બતાવેલું ચિત્ર.

આમ, નક્કર દેખાતું કલેજું ખરી રીતે તો લોહીની સૂક્ષ્મશિરાઓ, બારીક પિત્તની નળીઓ ને કોષોનીબનેલીવાદળીજેવું છે. (જુઓ ચિત્ર) તેના દરેક બે કોષોના પોલાણમાં બે જાતની સૂક્ષ્માતિસૂક્ષ્મ નલિકાઓનાં જાળાં પથરાએલાં છે: એક લોહીની ને બીજી પિત્તની. નાનાં આંતરડાંની નળીઓમાં તૈયારથએલું લોહી એક મોટી ઉદરશિરા (portal vein) દ્વારા આ કલેજામાં જ આવે છે.એ લોહીમાં પ્રોટીન ને કાર્બોહાઇડ્રેટ ખોરાકનાં પાચનદ્રવ્યો, ખોરાક તથા શરીરના ઘસારામાંથી ઉપજેલાં વિષ અને વ્યયદ્રવ્યો, તેમજ જીવાણુઓ હોય છે. ઉદરશિરા કલેજામાં પ્રવેશીને હજારો કેશવાહિનીઓ રૂપે સર્વત્ર ફેલાય છે અને વળી પાછી એકઠી થઈ કલેજાના ઉપલા છેડે અધોશિરા બની જમણા હૃદયમાં ઠલવાય છે. કલેજાના કોષોને પોષણ ને પ્રાણવાયુ ઉદરધમની પૂરું પાડે છે.

આ કલેજું કામ તો અનેકવિધ કરે છે, પણ તેમાં સૌથી મહત્ત્વનું કામ પિત્ત બનાવવાનું છે. લોહીમાં સમાએલાં વ્યય-દ્રવ્યોમાંથી યકૃતના કોષો પિત્ત બનાવે છે. એ પિત્તનો સ્રાવ સતત ચાલ્યા જ કરે છે: ઉપવાસ વખતે ઓછો, ખાધા પછી વધારે. હોજરીમાં ખોરાક આવ્યા પછી પાંચ કલાકે પિત્ત ગ્રહણીમાં જાય છે. બાકીના વખતમાં તે પિત્તાશયમાં એકઠું થયા કરે છે. કલેજામાંથી તે પિત્તનલિકા (bile duct) દ્વારા પિત્તાશયમાં જાય છે. ઉપરાંત, બીજી એક સામાન્ય પિત્ત-નલિકા દ્વારા તે સીધું ગ્રહણીમાં જાય છે. આ જ નલિકામાં થઇને સ્વાદુપિંડરસ પણ ત્યાં જાય છે.

પિત્ત પીળા-લીલા રંગનો ચીકણો પ્રવાહી છે. સ્વાદમાં તે કડવો ઝેર હોય છે. તે કોઈ ગાળવણ નથી પણ પાચક રસ છે. તેના બંધારણમાં પાણી, શ્લેષ્મ, પિત્તરંગો, પિત્તઅમ્લો, લેસીથીન અને ચરબીવાળું કોલેસ્ટેરોલ (cholesterol) છે.

એ કોલેસ્ટેરોલ પાચનક્રિયામાં જરા પણ ઉપયોગી નથી; ઊલટું એને લીધે પિત્તાશયમાં પિત્તની પથરી (gall-stone) થાય છે. ઉપરાંત પથરી થવાનાં બે સામાન્ય અવયવો મૂત્રાશય ને ગુરદા છે. ખોરાકનું પાચન થયા બાદ તે આંતરડાંમાં શોષાઇને લોહીમાં ભળે છે. આ લોહી ઉદર-શિરા દ્વારા કલેજામાં જાય છે. પાચન થએલા ખોરાકના વ્યય અને વિષ-દ્રવ્યો દેહની પેશીઓને ઈજા ન પમાડે તેવાં બનાવવા માટે કલેજામાં તેમના ઉપર રાસાયણિક ક્રિયાઓ થાય છે. છતાં યે જે બાકી રહે તેનો પિત્ત અને પેશાબ દ્વારા નિકાલ થાય છે.


કલેજાની આ રક્ષણાત્મક ક્રિયા જ્યારે વધારેપડતા બોજાને અંગે ખોટકાય છે; ત્યારે વ્યય-દ્રવ્યો પિત્તાશય કે ગુરદામાંથી પસાર થતાં એ અવયવોમાં સોજો ઉપજાવે છે. આના પરિણામે એ અવયવોમાંથી ચીકણો સ્રાવ પુષ્કળ પ્રમાણમાં છૂટે છે. આ સ્રાવ ગુંદર જેવું કામ બજાવી ખોરાકના ક્ષારોને(ને પિત્તાશયમાંના પિત્તના પદાર્થોને)એકઠા બાંધે છે, કે જે ધીમેધીમે નિર્જળ બની પથરી રૂપમાં પરિણમે છે.

પથરી થવાનું કારણ જાણવા કુનુરની ન્યૂટ્રીશનલ રીસર્ચ ઇન્સ્ટીટ્યૂટમાં અખતરા થયા છે. તેનું પરિણામ જણાવતાં જનરલ મૅકકેરીસન લખે છે કે 'ખોરાકમાં પૂરતા પ્રમાણમાં દૂધ હોય તો પથરી થવાના સંજોગો ઊભા થતા નથી.' કોલેસ્ટેરોલ ને યૂરિક ઍસિડ જેમાં ખૂબ હોય એવા પદાર્થો—માંસ, મચ્છી, ઈંડાં તળેલા પદાર્થો, તેજાના, દારૂ વગેરે—નું વધારેપડતું સેવન પથરી થવાના કારણરૂપ થઇ પડે છે.

પિત્તાશયમાં પથરી એક નહિ પણ અનેક હોય છે. જ્યાં સુધી તે પિત્તાશયમાં હોય ત્યાં સુધી તો કશો ઉપદ્રવ થતો નથી, પણ જ્યારે તે પિત્તનલિકામાં આવે છે ત્યારે અપાર અને અસહ્ય પીડાવાળી ચૂંક (biliary colic) ઊપડે છે. ત્રીસથી પિસ્તાલીસની વયે દેખા દેતું આ દરદ મોટે ભાગે બહુ બાળકોવાળી સ્ત્રીઓમાં હોય છે.


પિત્તાશય વિના ચાલી શકે એમ છે. હાથી, ઊંટ, ઘોડા, કબૂતર વગેરે પશુપંખીમાં તે નથી હોતું. માણસમાં પણ રોગિષ્ટ પિત્તાશયને ઑપરેશન દ્વારા કાઢી લેવામાં આવે છે. તો પછી કુદરતે આપણને પિત્તાશય કેમ આપ્યું હશે? શું આહારવિહારમાં સંયમ અને વિવેક ન રાખનાર અપરાધીઓને પથરી જેવાં દરદોની સજા કરવા માટે?


પિત્તનલિકામાં આમ પથરી આવતાં પિત્તના વહનમાં અવરોધ ઊભો થાય છે. આના પરિણામે પિત્તગૃહણીમાં જતું નથી, પણ કલેજામાં જ સંઘરાય છે ને ત્યાંથી લોહીમાં ભળે છે. લોહીમાં ભળેલું પિત્તચામડીનાં પડોમાં જમા થાય છે. આવું થાય ત્યારે કમળાની બીમારી આવી પડે છે. પથરી ઉપરાંત કૅન્સરથી, મૅલેરિયા તાવ પછી, ને મીઠા ચરબીવાળા, તેજાનાદાર પદાર્થો તથા દારૂના ખૂબ સેવનથી કલેજામાં થતા ભરાવાને લીધે કમળો થાય છે. આ વખતે ચામડી, આંખના ડોળા અને પેશાબ પીળા રંગનાં હોય છે.



ઉપર: શુદ્ધ કલેજું; નીચે: ખૂબ દારૂના સેવનથી બગડેલું કલેજું.

પિત્તના રંગોની ઉપયોગિતા જણાઈ નથી. પિત્ત-અમ્લો ચરબીના પાચનમાં અગત્યનો ભાગ ભજવે છે એ જાણી ગયા. જો પિત્ત આંતરડાંમાં આવતું અટકે તો પ્રાણીને ગમે એટલો સપ્રમાણ ખોરાક આપ્યો હોય તોપણ, તે સુકાય છે, કારણકે દેહને હૃષ્ટપુષ્ટ બનાવનારી ચરબીનું પિત્તની ગેરહાજરીમાં પાચન જ થતું નથી. આ જ કારણથી કમળાના રોગીને ખોરાકમાં ચરબીવાળા પદાર્થો આપવાની મના હોય છે.





જ્યાં આપણી પાચનક્રિયા ચાલે છે તે પેટમાંનાં, એ ક્રિયા કરનારાં બધાં અંગોને આ મોટા ચિત્રમાં બતાવ્યાં છે. અન્નનળીમાંથી ખોરાક 'હોજરી'માં આવે છે, જ્યાં તે પચીને તેનો 'આમરસ' બને છે. પછી એ આમરસ મુદ્દિકાદ્વાર વાટે ગ્રહણીમાં જાય છે. ત્યાં તેને 'સ્વાદુપિંડ' (પૅન્ક્રીઆસ) અને 'કલેજા'માંથી નીકળતા પાચકરસો તથા 'પિત્તાશય'માંથી પિત્ત આવીને વિશેષ પચાવે છે. અન્ન-પાચનની બધી ક્રિયા આ જ ભાગમાં થાય છે. આમ, અહીં સંપૂર્ણ પાચન થયા બાદ ખોરાક ગ્રહણી-માંથી નાના આંતરડામાં ચાલ્યો જાય છે, જ્યાંથી તે શરીરમાં લોહી વગેરે રૂપે શોષાય છે, અને છૂચા મોટા આંતરડામાં થઇ મળ રૂપે બહાર નીકળી જાય છે. પાચનક્રિયાનાં આ બધાં અંગો જે રીતે પેટમાં ગોઠવાયાં છે તે અહીં બતાવ્યું છે. મોટા આંતરડાનો ભાગ ગ્રહણી તથા હોજરી ઉપર થઈને જતો હોવાથી, એટલો કાપીને દર્શાવ્યો છે. પાચનતંત્રની આ જ રચનાને બાજુના નાના ચિત્રમાં તદ્દન સાદી કરીને બતાવી છે.

પિત્તમાં થોડો જંતુનાશક ગુણ પણ છે. એથી આંતરડાંમાં ખોરાક-નો સડો થતો અટકે છે—ખાસ કરીને માંસાહારી ખોરાકનો. વળી પિત્તના શ્લેષ્મની ચિકાશ ખોરાકને આંતરડાંમાં આગળ વધવા માટે સહાયક (lubricant) નીવડે છે.

વળી પિત્તમાં રેચક ગુણ પણ છે. તે આંતરડાંની ગ્રંથીઓનો સ્રાવ વધારે છે અને તેમનો ભાર આગળ હડસેલવામાં ઉત્તેજે છે. કમળામાં સામાન્યરીતે કબજિયાત રહે છે તે પણ આથી જ.

પિત્તમાંનો સોડિયમ કાર્બોનેટ નામનો ક્ષાર ગ્રહણીમાં આવેલા અમ્લ (ખાટા) આમરસને આલ્કલી બનાવવામાં મોટો ભાગ ભજવે છે. જો આમરસનો આલ્કલી ન બને તો સ્વાદુપિંડ-રસોનાં આથવણો તેના ઉપર ક્રિયા જ ન કરી શકે. એટલે, ખોરાક ઉપર સ્વાદુપિંડ-રસોની ક્રિયાઓ થવા માટે પહેલી જરૂર પિત્તની છે. ગ્રહણીમાં પિત્ત-નળીના મોં પાસે આમરસ આવે કે તરત, સ્વિચ દબાવવાથી વીજળી-નો દીવો પ્રકાશે છે તેમ, જ્ઞાનતંતુના હુકમથી પિત્તાશય સંકોચાય છે, પિત્ત નળી ખુલે છે ને આમરસ પર પિત્તનો પ્રવાહ છૂટે છે.

સોમલ, પારો વગેરે જ્યારે દવા કે ઝેર રૂપે શરીરમાં ગયાં હોય ત્યારે તેની ઝેરી અસરો પેશીઓ ઉપર ના થાય તે માટે કલેજું ઘણી ભારે કામગીરી ઉઠાવે છે અને કદીક તો તે જોખમાય પણ છે. ઝેરથી મરણ પામેલાના કલેજામાંથી ઝેર મળી આવે છે. આથી શંકાભરી-રીતે ગુજરી ગએલા માણસનું કલેજું તપાસવાનું પોલીસ ખાતાની તપાસનું એક અંગ છે. આવી જ રીતે આખી જીવનક્રિયામાં જ્યારે પણ કંઈક બગાડો કે વિષમતા પેદા થાય ત્યારે તેનો સઘળો ભાર કલેજા ઉપર જ આવી પડે છે. લાંબા સમયના દારૂના વ્યસનના પરિણામે થતા સીરૉસિસ ઑવ લીવર નામના ગંભીર રોગ વખતે, તેમજ ટાઈફૉઇડ, મૅલેરિયા, મરડો, ચાંદી વગેરે જંતુઓથી થતા રોગોના હુમલા વખતે પણ કલેજામાં સોજો આવવાથી તેનું કદ વધે છે.

યકૃતનું એક વિશિષ્ટ કામ તે ખાંડના જથ્થાને સંઘરવાનું છે. આપણે જે કાર્બોહાઈડ્રેટ ખોરાક ખાઈએ છીએ તેનું પાચન થઈ તે-માંથી ખાંડ પેદા થાય છે, અને તે લોહીમાં ૦·૦૮થી ૦·૧૩ ટકા જેટલા પ્રમાણમાં હમેશાં હોય છે. જીવનક્રિયાઓ ચલાવવામાં તેનો પળે પળે

વપરાશ થાય છે. વળી શરીરની ગરમી અને શક્તિ પણ તેનાથી જ જળવાય છે. ઉપર જણાવેલા ટકાની મર્યાદામાં લોહીમાં ખાંડનું પ્રમાણ હમેશાં કાયમ રહે છે; ભૂખમરાગાં હોય કે પછી મિષ્ટાન્ન ખાધાં હોય કે ખાંડના બૂકડા ભર્યા હોય, તોપણ લોહીમાં ઉપર કરતાં ખાંડનું પ્રમાણ ઘટે તો આપણે શક્તિ-વિહીન બનતા બનતા ઠંડા પડતા જઈએ અને યોગ્ય ઉપચારના અભાવે મરણ પણ આવી પહોંચે. અને જો તેનું પ્રમાણ વધી પડે તોપણ બેચેની, શિથિલતા, શરીરમાં બળતરા વગેરે ચિહ્નો દેખા દે છે. આ રોગાવસ્થા તે જ મધુમેહ—મીઠી પિશાબ.

ત્યારે લોહીમાં ખાંડનું બરોબર પ્રમાણ જાળવનારી વ્યવસ્થા શી હશે? અભ્યાસ, અખતરાઓ અને સંશોધનોના પરિણામે આ રહસ્ય ઉકેલી શકાયું છે કે આંતરડાં તરફથી આવતા લોહીમાં ખાંડનું જે કંઇ પ્રમાણ વધુ હોય તે તરત જ કલેજું રોકી રાખે છે અને તેને ગ્લાઇકોજેનના રૂપમાં ફેરવી સંઘરી રાખે છે; ને પછી શરીરની માગ પ્રમાણે જ એ ગ્લાઇકોજેન ગ્લુકોઝમાં ફેરવાઇ લોહીમાં આવ્યા કરે છે. કલેજામાં ગ્લાઈકોજેનના સંઘરાની આ ક્રિયાને નિયમનમાં રાખનાર એક ખાસ કેન્દ્ર મગજમાં આવેલું છે આ કેંદ્રમાં ઈજા પહોંચતાં જ લોહીમાં ખાંડનું પ્રમાણ વધી પડે છે અને મધુમેહનો રોગ થાય છે.

ખોરાકમાંના પ્રોટીન પદાર્થો પચી ગયા પછી નત્ર પદાર્થો વ્યય-દ્રવ્યો રૂપે રહે છે. તે જો લોહીમાં રહે તો પેશીઓને ઈજા કરે એવાં છે. આ જ રીતે સખત કામગીરી કે ખૂબ કસરત પછી કોષોમાં થએલી ભાંગફોડને પરિણામે પેદા થએલા વ્યય-વિષ-દ્રવ્યો હોયછે. આ બધાંને યકૃત પકડી લઈ તેમને યૂરિયા અને યૂરિક ઍસિડના રૂપમાં ફેરવી નાખે છે અને તે પેશાબ તથા પરસેવા વાટે બહાર ફેંકાય છે.

આ ઉપરાંત કલેજું ગળણીનું કામ પણ કરે છે. આખા અન્નમાર્ગમાંથી લોહી જે નીકોટીન, કેફીન, મોરફીન વગેરે ઝેરી પદાર્થોને ખેંચી લે છે તે બધાને નિષ્ક્રિય કે દૂર કરવાનું કામ કાળજું કરે છે. તે જીવાણુઓને ગાળી જુદાં તારવે છે, જેને કલેજાના કોષો ખાઈ જાય છે. વળી લોહીના ફરવામાં જે રાતા કણો ભાંગી તૂટી કે મરી જાય છે તેને દૂર કરીને લોહીના પ્રવાહને નિર્મળ રાખવાનું કામ પણ કલેજાનું છે. પણ રહો! નિરૂપયોગી ચીજોનું સત્ત્વ જતું કરવાની વાત તો આખી દેહક્રિયામાં ક્યાંય છે જ નહિ. એટલે એ રાતા કણોમાં રહેલા કીમતી લોહને તો પાછું કલેજું સંઘરી રાખે છે અને તેનો રંગ પિત્તમાં ભળે છે. આપણા આખા દેહની બધી ક્રિયાઓ આમ કરકસર ને ત્રેવડની નીતિ પર જ ચાલ્યા કરે છે. આમ આંતરડાંમાંનું ચિત્રવિચિત્ર ભેળસેળથી ભરપૂર લોહી કલેજાની જ ગળણીમાં ગળાઈ, નિર્મળ બની હૃદય ભણી જાય છે. આંતરડાં અને હૃદય વચ્ચે કલેજાનું સ્થાન ગળણીનું છે.

આ રીતે ફેફસાની પેઠે કલેજું પણ પુષ્કળ શિરાળુ (શિરાઓ વાળું—vascular) છે. શરીરના કુલ જથ્થાના ચોથા ભાગનું લોહી એકલા તેમાં હોય છે. આથી તેના ઉપરનો કોઇ પણ ઘા, ઈજા કે ઑપરેશન જીવલેણ નીવડે છે. તેનું સ્થાન આંતરડાં અને હૃદયની વચ્ચે હોવાથી હૃદયમાં લોહીનો પુષ્કળ ભરાવો ના થઇ જાય તે માટે તે પોતામાં લોહી સંઘરી રાખે છે. હૃદયરોગમાં જ્યારે હૃદયનું કામ નબળું પડે છે ત્યારે લોહી શિરાઓમાં પાછું ધકેલાય છે. આથી કલેજામાં લોહીનો વધુ ભરાવો થાય છે, જેના પરિણામે તેનું કદ મોટું થાય છે. આને (passive congestion of liver) કહે છે.

કલેજાનો દવા તરીકે ઉપયોગ તો ઘરઘરનો જાણીતો છે, કેમકે આજે દાક્તરો 'લીવર એક્સ્ટ્રૅક્ટ' લેવાની ખૂબ ભલામણ કરે છે. તેમાં લોહ સંઘરાએલું છે તેથી નહિ. પણ તેમાં શરીરની લોહી બનાવવાની ક્રિયાને પુષ્ટિ આપવાનો ગુણ છે તેથી. જઠરમાં પણ આ જ ગુણ છે. માંદગી પછી શરીરમાં લોહી ને તાકાત પૂરવા માટે તે અસરકારક છે અને અસાધ્ય લેખાતી રક્તક્ષયની બીમારીની તો એ સંજીવની દવા છે. ઈ. ૧૯૨૬માં મીનોટ બને મફી નામના વિજ્ઞાનીઓએ કલેજામાં નવું લોહી પેદા કરવાના ઓષધિય ગુણોના સંશોધનની વિગતો જગત સમક્ષ ધરી ત્યારથી તે (લિવર એક્સ્ટ્રૅક્ટ) ભુકા, પ્રવાહી અને ઇન્જેક્શન દ્વારા ખૂબ પ્રમાણમાં વપરાય છે.

હોજરી અને લાળપિંડોની જેમ કલેજું પણ માનસિક વૃત્તિઓની અસર નીચે છે, અને તે પણ બીજી પાચકગ્રંથીઓ કરતાં વધારે પ્રમાણમાં. કોઈ પણ સરસ વાની નજરે પડતાં જેમ મોંમાં પાણી છૂટે છે ને હોજરીમાં જઠરરસ છૂટે છે, તે જ રીતે કલેજામાંથી તાજું પિત્ત સ્રવીને પિત્તાશયમાં આવે છે. પિત્તનો સ્રાવ આનંદાવસ્થામાં તો હોય જ; પણ ખૂબીની વાત એ છે કે ગ્લાનિ વખતે તે ઊલટો વધુ હોય છે. પણ ક્રોધ ચડયો હોય ત્યારે સંપૂર્ણ બંધ થાય છે!

હોજરી પાચનક્રિયાનું મુખ્ય અંગ મનાય છે, પણ એ ખોટું છે. તેમાં સ્ટાર્ચ અને ચરબીનું પાચન થતું નથી. કોઈ દરદ અંગે જો ઑપરેશનમાં હોજરી કાઢી લેવામાં આવી હોય તોપણ પ્રવાહી રૂપમાં આપેલા ખોરાકનું કલેજા અને સ્વાદુપિંડના રસોથી ગ્રહણીમાં મોટાભાગે પાચન થઈ શકે છે.

આયુર્વેદમાં પાચક-રસોને કોષ્ઠાગ્નિ કહેવામાં આવે છે. લોકભાષામાં તેને જઠરાગ્નિ કહે છે. ખોરાકનું પાચન કરે તે અગ્નિ જ કહેવાય ને? ભૂખ ન લાગે કે ખાધેલું ન પચે ત્યારે જઠરાગ્નિ મંદ પડયાનું કહેવામાં આવે છે. તીખા, તળેલા, મસાલેદાર અને મિષ્ટ ખોરાકના તથા દારૂ-ચાના અતિરેકથી, ખાઉધરાવેડાથી, ખાવાની અનિયમિતતાના કારણે, પૂરતી શારીરિક મહેનત ન લેવાથી, અને ઈર્ષા, ક્રોધ, ભય, શોક, ચિંતા આદિ માનસિક બોજાને લીધે મંદાગ્નિ થાય છે અને તેમાંથી અનેક દરદો ઉત્પન્ન થાય છે.

પાચક રસોને ઉત્તેજનાર ખોરાકના ખાટા, તીખા ને કડવા રસ છે. દવામાં પણ કટુ—ખાટી ઔષધિઓ વપરાય છે. પણ ખરી દવા તો ખાવાપીવાનો સંયમ ને વિવેક, તથા ખાતી વખતે મનનો આનંદ અને પ્રસન્નતા રાખવાની છે. आनन्देन जातानि जीवन्ति। (ચાલુ)

ગુજરાતનાં ગામ : એ નામથી એક નવી માળા 'કુમાર'માં શરૂ કરવાની અમે યોજના કરી છે, તેમાં પોતાનો ફાળો પૂરવા ગામેગામના 'કુમાર'ના વાચકોને આમંત્રણ છે. તમારું ગામ ગમે તેવું નાનું હશે, પણ તેને કાંઈક વિશિષ્ટ ઇતિહાસ કે દંતકથા, લાક્ષણિક કુદરતી બક્ષિશ, જોવા લાયક નિસર્ગસ્થળ, નદી સરોવર તળાવ કે પર્વત-ટેકરીની રમણીયતા, પુરાતત્ત્વ કે પ્રાચીન ઇતિહાસનું કોઈ સ્મારક કે સૌંદર્યસ્થાન, વેપારની વિશિષ્ટતા, ખેતી ખનિજ કે ઉદ્યોગની વિશેષતા,—એવું કાંઇક ને કાંઇક અનોખું વ્યક્તિત્વ હશે જ હશે. એનો પરિચય સૌને થાય એવું ગૌરવકાર્ય કોને ન ગમે? અમને ખૂબ ટૂંકામાં તેની માહિતી સાથે તમારા ગામનો પરિચય લખી મોકલો. તેમાં ગામની વસતિસંખ્યા, મુખ્ય ઉદ્યોગધંધા, સાંસ્કૃતિક પ્રગતિ, તથા ગામના ટૂંક ઇતિહાસ સાથે ઉપર જણાવેલી વિશિષ્ટતા હોય. તેની સાથે તે વિશિષ્ટતાને લગતો કોઈ ફોટોગ્રાફ, તથા આજુબાજુનાં જાણીતાં ગામ તેમજ રેલવે સ્ટેશન બતાવતો તમારા ગામનો સ્થાનદર્શક નકશો—ભલે કાચો દોરેલો પણ અવશ્ય મોકલશો. અમે તેને સુધારીને સાફ કરી લઈશું. ફોટોગ્રાફ, સ્કેચ તેમજ નકશાથી તમારી માહિતીનું આકર્ષણ અને મહત્ત્વ વધશે. —તંત્રી

ચન્દ્રવદન ચીમનલાલ મહેતાની આપકથા

આખરે કૉલેજ છોડવાનો વખત આવ્યો. પણ એ કેમ છૂટે? ૧૯૨૪માં જોઈતા માર્ક મેળવીને માંડ પાસ થયા. ગુજરાતીમાં ત્યારે ઓરલ (મૌખિક) લેવાતું. તેમાં પરીક્ષક તરીકે ધ્રુવસાહેબ બેઠેલા. એમણે વ્યુત્પત્તિશાસ્ત્રના પણ બેત્રણ સવાલો પૂછ્યા. નરસિંહરાવે વિલ્સન ફાઇલૉલૉજિકલ ભાષણો પઢાવેલાં તો બરોબર, પણ એનાં સુકન બોલ અરેબિક કે સંસ્કૃત તે ન આવડ્યું; પરંતુ 'ભણકાર' અને પૃથ્વી તથા સૉનેટ અને પિંગળ વગેરેમાં ફડાફડ જવાબ દીધા, તે પાસ તો થયા, પણ માર્ક બહુ ન મળ્યા: થર્ડ ક્લાસમાં આવ્યા. કારણ મેં આખો પેપર ગુજરાતીમાં લખવાની ભૂલ કરી હતી. ગુજરાતીનો પેપર પણ ત્યારે અંગ્રેજીમાં લખવો જોઇએ! મારા વ્હાલા પેપરમાં પૂછે જ એમ કે 'ડિસ્કસ ધ થીઅરી ઑફ ઇમ્મૉર્ટાલિટી ઍન્ડ અદ્વૈતવાદ ઑફ અખા.' અને એમાં તમે નોટ નરસિંહરાવની બેચડો કે પછી હૅમિલની યા ટાકાખાવની ઍડોનીસ પરની ઝાંસો, તેની ફિકર નહિ. અંગ્રેજીમાં ફેંક્યે રાખો એટલે બસ. આપણું તો અંગ્રેજી જ કાચું. એટલે ગુજરાતીમાં જવાબ લખ્યા. પણ એમાં કંઇ વધારે હોશિયારી ગણાઈ નહિ.

ત્યારે એક મહાન શેક્સપીરીઅન નટ અને સ્કૉલર સી. જે. સીસન અંગ્રેજીના પ્રોફેસર તરીકે આવેલો. તે થોડો વખત પ્રિન્સિપાલ રહેલો. પછી તો એ ઑક્સફર્ડ ગયો, ને પારીસ યુનિવર્સિટીમાં નિમાયો. પણ ભારે ઍક્ટર. શીખવવા આવે તે ય જભ્ભો પહેરીને, ને સદા હસમુખો.

કૉલેજ છોડતી વખતે એણે મને એક સુંદર સર્ટિફિકેટ આપ્યું; ડ આન્દ્રા ડેને મળ્યો. ગજેન્દ્રગડકરને તો હું એક સાચા ગુરુ માનતો. એમને જઈ પ્રણામ કરી આવ્યો. નરસિંહરાવના આશીર્વાદ લીધા. 'ગજેન્દ્ર નરસિંહ ને નરહરિ!'...એમ પૃથ્વી છંદમાં છ છ લીટીના છ ફકરા લખી 'એલ્ફિન્સ્ટોનિયન'માં છાપવા માટે કૉલેજ છોડતાં આપ્યા: 'એલિફ' નામે. (આજે મારી પાસે એ અંક કે નકલ ક્યાંય નથી.)

પણ કૉલેજ કેમ છૂટે? કોને છોડું? યુસુફ મહેરઅલીને કે સોલી બાટલીવાળાને, જુનિયર ગુજરાતીમાં આવી મળેલા સુંદરજી બેટાઇને કે ભાનુશંકર વ્યાસને, કાર્લ ખંડાલાવાળાને કે મીનુ મસાણીને, ધીરૂ દેસાઇને, કે ચન્દ્રકાન્ત ત્રિવેદીને, લોહાણાને, ...જ્યાં આટલાં આટલાં તોફાનો કર્યાં, ભણ્યા લડ્યા રિસાયા તે જગ્યાને...

અને હેબત—વર્ષો સુધી એ લિફ્ટમૅને કંઈકની ચાકરી કરી હશે. ચાકરી ઉપરાંત કંઈકનાં હૅટ કોટ છત્રી પર્સ રોજ-બ-રોજ સાચવ્યાં હશે. એ તો ખરું, પણ કંઇક પ્રીતમ-પ્યાસીઓની અધકચરી પ્રેમપત્રિકાઓ એણે 'સ્ત્રીકારાવાસ'માં પહોંચાડી હશે. (એ કિશોરીઓના ખંડમાં જવાનો એને એકલાને જ અધિકાર) અને કંઇક એમના આશા-નિરાશાના જવાબો ઉતેજાર, ટળવળતા આંટા મારતા રસિકોને એણે પહોંચાડ્યા હશે,—મોટા ભાગના વિદ્યાર્થીઓના આશીર્વાદ એણે મેળવ્યા હશે. એ હેબત, મુંબાઈની દખ્ખણે આવેલા એક ગામનો ટુકડો જમીન ખેડી ખાનાર, વખાનો માર્યો મુંબાઇ આવી આ કૉલેજમાં લિફ્ટમૅન થયો. ૩૦-૪૦ દીવાળી—પતેતીઓમાં ઠીકઠીક એકઠી કરેલી બોણીમાંથી છોકરાને ભણાવી કૉલેજ સુધી પહોંચાડ્યો. મારો તો એ રખવાળ. ક્યારે પણ કોઇને માટે પૂછો તો તરત ખરો હાજર-જવાબ. ૧૯૨૪ પછી બીજાં વીસ વર્ષ સુધી કૉલેજમાં કંઈ કામ હોય તો એ હેબતને જ કહેવડાવું. યા ચિઠ્ઠી લખું.

મને ઘણી વાર થતું કે હેબતને ઈશ્વરે કલમ અજમાવવાની શક્તિ આપી હોત તો? ઓહોહો, આ સદીની શરૂઆતથી લગભગ અરધી સદીના કંઈક નવજુવાનોની કકળતી કરતી આંતરડીઓની કેટલી વ્યથા-કથા એ લખી શકે? એ પણ એ ન લખત; કારણ એ ગરીબ નોકરમાં ભારેની ખાનદાની હતી. ગમે એટલી રકમ આપો, દોસ્તીદાવ રાખો, એને મારો, ગાળ દો, પણ બે સખી જીવડાની વાત ત્રીજાંને કાને કહી ગઇ હોય એવો દાખલો અમારી જાણમાં નથી.

માનોને, કે ચાળીસેક વરસોમાં, દરેક વરસની પૂરા છ મહિનાની ચાલુ કૉલેજ ગણતાં ૧૮૦ દિવસો લેખે ૭૨૦૦ દિવસો થાય. અને સરેરાશ રોજિંદી દસેક ચિઠ્ઠીઓ બદલાતી-અદલાતી હોય તો ૭૨૦૦૦ ચિઠ્ઠીઓ થાય!—કદાચ વધારે, પણ ઓછી તો નહિ જ! અંગ્રેજી, ગુજરાતી, મરાઠી! છેવટનાં વર્ષોમાં કદાચ પંજાબી સિંધી પણ ખરી. એમાં વળી ગુજરાતીની મહારાષ્ટ્રીને અને 'વાઇસે વર્સા'! પણ હેબતે એમાં એકેની પ્રેમપત્રિકા બીજાને આપીને ગોટાળો કીધો હોય એવું જાણ્યામાં નથી. જ્યારે બીજી બાજુ આપણા બહાદુર ગ્રૅજ્યુએટ થનારાઓ, ચાર દિવસની પરીક્ષા આપવા બેસે તેમાં સોએ કેટલા યે જણા એક સેક્શનનાં જવાબો બીજામાં બાંધી મારે કે લખી નાખે, અને પછી ડાચું વકાસતા બહાર નીકળી બેટમજીઓ રડે અને પછી બિગડી સુધારવા અરજો કરે અને ફાંફાં મારે! હેબતને તો નહોતું લખતાં આવડતું કે નહોતું બરાબર વાંચતાં આવડતું. પણ કાળજું એવું ઠેકાણે કે એલ્ફિન્સ્ટન કૉલેજ અને હેબતની વાત કોઈ ન કરે એવું કદી બને જ નહિ.

આપણે તો આગ પાછા 'સેન્ટીમેન્ટલ', એટલે પગથિયાં ઊતરતાં રડ્યો! ખરેખર, કૉલેજ છોડતાં બહુ દુઃખ થયું. બી. એ. તો થયા, હવે શું? અંધારાં! સામે ભીંત! જોગ, ઉત્સાહ, બધું ઓસરતું જતું લાગ્યું. કોઇ ઊંડી વિષાદછાયા વીંટળી વળતી અનુભવી.

પણ ના; કૉલેજ ન છૂટી. એલએલ. બી.નું ઓડ વળગેલું રાખ્યું, ને બીજું એમ. એ.નું ધતીંગ. ઉપરાંત 'ગુજરાતી મંડળ'ની સેક્રેટરીશિપ.

અલ્યા, કૉલેજ છોડયા પછી પણ આ મંત્રીપદાં શાનાં? પણ ચૂંટણીમાં બધા જ વોટ મારીને ચુંટાઈ આવતો. ને એ જ કારણે નરસિંહરાવની ખફગી વહોરી, બંને વકરાયા, મમતે ચઢયા, અને કંઈક કાળ સુધી સંબંધ બગડેલો રહ્યો. મને લાગે છે કે એલએલ. બી. પછી પણ જો કંઈ નવા ક્લાસની સરકારે યોજના કરી હોત તો ઘેટાંનું ટોળું એમાં પણ 'અન્ધા સે અન્ધા મિલા' કરી આગળ ચાલ્યા જ કરત!

દરમ્યાન આપણે પ્રિયંવદાને એકલી ખાટલે રીબાવા દીધી? ના. એ તો હતી જ: સોહામણી કાયામાં જાતજાતના દવાના, ઝેરના, ડાકટર કહે તે પ્રમાણે કડવા ઘૂંટડા ગળ્યા કરતી, હસતે મોઢે વેઠયા કરતી; મારા લગભગ દરેક લખાણને પડી પડી નાણી તપાસી જોતી.

એક દિવસ એ કહે કે 'ચંઅભાઈ! મારે તાજમહાલ જોવો છે.' બસ; એ બોલી અને અમે તૈયારી કરી. એના પિતા વૈકુંઠભાઈએ એની માવજત પાછળ કશાની બાકી રાખી નહોતી. અમારો સંઘ ઊપડયો. પ્રિયંવદા, એની બહેન અનસૂયા, એમનાં મા કુસુમભાભી અને અમદાવાદથી આવી એની માશી સુમતિ;—એ જ, સુરતમાં એની સાથે પેલા અંબામાતાને ઓટલે ગળી હતી તે જ.

પહેલાં ગંગાપુર ગયા. મારી બા તો પહેલાં જોએલી પ્રિયંવદાને સ્થાને આ પથારીએ પડેલી છોકરીને જોઇ ડઘાઈ જ ગઇ! આંસુ પણ ન ખાળી શકી. અને કુસુમભાભી આગળ રડાય પણ કેમ? પણ બંને માતાઓ સહજમાં સમજી જઈ વજ્ર છાતી કરી બેઠી. મારી માને વજ્ર છાતી તો શું પણ ત્યાં સળગતી સગડી રાખવાના કપરા દિવસ કેવા આવવાના હતા એ તો હજી આપણે જોવાનું બાકી છે.

આગ્રા પહોંચ્યા ને ત્યાં અમારા વડોદરાના જૂના ને નામચીન દરાવર સોમેશ્વરને ત્યાં ઊતર્યાં. અહીં એ સોમેશ્વર જ જુદો. બયાના અને આગ્રા વચ્ચે પૅસેન્જર દોડાવે. કમરેડના એ નંગની જબાન એટલે નીતરતી સરસ્વતી! કોઇને ગાળો દેવા ચગે ત્યારે જાણે ઍંજિનની વરાળ વછૂટે. એવામાં તો એ વળી એક બીજી નવી પરણીને લાવેલો! આગલી કેટલી સ્મશાને મૂકી આવ્યો હશે, તે મને યાદ નથી, પણ નવીના બીચારીના બાર વગાડી દીધેલા. આટલાં વરસોથી ત્યાં રહે પણ એણે તાજ જોએલો નહિ. અને અમારા જેવા કંઇક કાફલા દૂર દૂરથી તાજ જોવા દોડયા આવે.

'હેં સોમેશ્વર કાકા, તમે કાકીને તાજ પણ બતાવ્યો નથી?'

'અરે લ્યો, અહીં મેં યે કુણે જોયો છે જે? હવે તાજના પથરામાં બળ્યું જોવાનું યે શું છે?'

'પણ...'

'પણ કંઈ નહિ, હેંડો બજારમાં. દોઢ રૂપિયે જોઈએ એટલા તાજ અપાઈ દઉં.' વાતે ખરી. એના રહેઠાણ નીચે જ દુકાનમાં નાનામોટા તાજ મળતા હતા. પણ સુમતિ ખરી. એણે તો કહી દીધું કે કાકીને અમારી સાથે તાજ જોવા ના મોકલો ત્યાં સુધી અમે કોઈ જમવાના નથી; અને ચિમનલાલ શેઠને તાર કરી દઈએ છીએ...

સોમો કાકો ગભરાયો, અને બધા સંગાથે તાજ જોવા ઊપડયા.

તાજ તો બહુવાર જોયો હતો. આ વખત વળી નવી જ ભાવનાએ જોયો. પ્રિયંવદાને તો એમ અલક સૂતેલી જ રાખી લઇ જતા હતા. તહેનાતમાં સુમતિ અને અનસૂયા. હું તો શી એની ચાકરી કરું?

દર વખત તાજ કંઈ નવું જ કહે છે. ઘણાનાં મન એણે પ્રસન્ન, પ્રફુલ્લ કર્યાં છે; ઘણાંનાં ગ્લાનિઘેરાં પણ બનાવ્યાં છે. અહીં મેહફિલની મોજ પણ માણી છે, અને આ વખત હવે... ઘણીવાર તાજ જોયો હતો. આ વખતની તાજની મુલાકાત મારી આખરની જ બની.

સોમેશ્વર પોતાનો ટર્ન બદલી, અમારી ટ્રેન હાંકીને છેક બયાના સુધી મૂકી ગયો. વચ્ચે સિક્રી ટ્રેનમાંથી જોયું. બયાના પર છૂટા પડી અમે મેઇલમાં બેઠા ત્યારે સોમેશ્વરે ગુપચુપ સાથે આણેલો તાજ અમને ગાડી ઊપડતાં ભેટ કર્યો ત્યારે જ એનો જીવડો ઠેકાણે બેઠો. સુમતિએ કહ્યું, 'એક શરતે રાખશું: કાકીને એકે ગાળ હવે ના દેશો.'

ગંગાપુર આવતાં ખબર પડી કે મારા બાપુજીની બદલી ત્યાંથી વલસાડ થઇ છે. એટલે બેચાર દિવસમાં ગાંસડાં પોટલાં બાંધી આખો સંઘ વલસાડ ઊતર્યો. પ્રિયંવદાને તો, અલબત્ત, સીધી મુંબાઈ જ લઈ જવામાં આવી. સુમતિ અગારી સાથે વલસાડમાં ઘર ગોઠવવામાં રોકાઈ. પછી રખડપટ્ટી જરા વધી, ને કાળ એનું કામ ઉતાવળે કોતરતો રહ્યો.

વલસાડમાં સુમતિ અને હું બંને, ગંગાપુરથી અમે પૅક કરીને ચડાવેલું સામાનનું વૅગન ખાલી કરવા પહેલાં ગયાં. ઘર તો કંઈ હતું જ નહિ. પણ અહીં પાછા આટલે વર્ષે વડોદરાના કૅબિનવાળા ડાહ્યાભાઇ—ડાહ્યાકાકાનો ભેટો થયો. શરૂઆતના થોડા દિવસ તો એને ઘેર જ રહ્યાં. એ વલસાડમાં હવે કૉન્ટ્રોલર થઇ આવ્યા હતા. હમણાં બીજા મહાયુદ્ધ પછી 'કૉન્ટ્રોલર' તો બહુ મોટો શબ્દ થઇ પડયો છે. પણ રેલવેમાં 'કૉન્ટ્રોલર' એટલે એ વખતે નવી જ દાખલ કરેલી ઝાનવાર દોઢસો-બસો માઇલ વચ્ચે દોડતી દરેક ગાડીને એક જ કેન્દ્રમાંથી 'કન્ટ્રોલ' કરે તે.

જેમ કૅબિનમાં નાનપણમાં રસળતા તેમ અમે અહીં એની આખી ઑફિસ ઉથલાવી નાખી. કાને ભૂંગળાં પહેરી 'ડોઇલ પાલઘરથી નીકળ્યો. અને ફાઇવ ડાઉન સુરત પહોંચી' એ બધાંના, પેન્સિલ રબરે ગ્રાફ પાડતા ડાહ્યાકાકાને નજર સામે જોવામાં મઝા પડતી. એ તો ઠીક, પણ ડાહ્યાકાકાની રમૂજ વડોદરાથી ગ્રાંટ રોડ સુધી રોજ પસાર થતી. એના સામે પડેલી ટેલીફોનની પેટી ઉપર તો દરેક સ્ટેશનની સાથે ચાવી ફેરવીને વાત કરવાની કરામત, તે ઘડીમાં ઉમરગામ સ્ટેશન માસ્તરને બોલાવે, તો ઘડીકમાં અંકલેશ્વરને ખખડાવે; કોઈનો કંઈ સંદેશો હોય તો તે મિયાંગામથી લઈ દહાણુ આપે; નહિ તો આસ્માની સુલતાની પણ હાંકે, અને છ કલાકના કપરી નોકરીમાં આનંદ મેળવી બીજાને આનંદ આપે.

એમાં ડાહ્યાકાકાની ભાષા જ જુદી. અંગ્રેજોને તો એ ધરાધર ધિક્કારે. ડી. ટી. એસ. કે ડી. એલ. ઓ. કે એકસ. ઇ. એન., એવા કોઈ વડો સાહેબો કન્ટ્રોલમાં પોતા માટે સંદેશો મોકલાવતા, યા એના હેડ ક્વાર્ટરમાં મેમ સાહેબને કંઈ કહેવા ચડી આવે, યા એવા ગોરા, યા અડધિયા (ઍંગ્લો ઇંડિયન) સાહેબો સલૂન લઇને વલસાડથી દેહગામ જવાનો હોય, યા રસ્તેથી એને કોઇ આવતી જતી ગાડીમાં ટંગાડી દેવાનો હોય, તો ડાહ્યાકાકાની ભાષા પૂરી તળપદી, સમજાય એને જ સમજાય એવી, અને ખાસ્સી ગૂઢ મીઠી રહેતી. સામેના સ્વિચ બોર્ડ પર બટન દાબતાંક ને 'કેમ પાલેજ! અલ્યા તું કાંથી ફૂટી નીકળ્યો? માસ્તર નથી? ખાવા ગીએલા? વારુ. તે તું નાતરું કરી આઇવો? જો, માસ્તર આવે તો કહેજે કંટ્રોલર સાથે વાત કરે... કેમ ઉદવાડા! હમણાં તો ધીકેળાં હોવાનાં. પોરીઆને પયણાઇવો? હા, તે કંઈ ટોપલી ઓપલી આવી નહિ. હવે અમે તો સમજ્યા, પણ વડસસરાને કંઢિયો મોકલ્યો કે નહિ?' એ 'વડસસરો' એટલે ડી. ટી. એસ.!

'માસ્તર પારડી કે? હા, હમણાં મેથત આવી હતી; વીસ નાખીને ફેરી જોઇએ છે. એ તો તમે જાણો. એ લોથ પારડી આવી હશે તીયારે તમે સવાદ ચખાઇડો ઓવો જોઇએ તે ઘરમાં માગે.'

'મેથત' અને 'લોથ' એટલે સાહેબ; 'વીસ નખી' એટલે તેની બૈરી.

'કોણ પાલેજ? કેમ માસ્તર, થ્રી ડાઉનમાં વાદળ આવવામાં છે;

જરા બરાબર માવજત કરજો. અને તબેલો સાફ રાખજો.'

'તબેલો' એટલે સલૂન અને 'વાહન' એટલે સાહેબ!

'કોણ ગોલવડ? હા, ગુડ્સ નીકળી ગઈ. જોજો ફાસ્ટ સાથે અફાળી દેતા! કેમ, કંઈ હમણાં ગુલાબની કલમો નથી નીકળી? ચાલો ત્યારે સાહેબજી. હા, હાથમાં એક બાજુ ભામણી. અને બીજે હાથે સાંકળ-વટી (એટલે કે જમણે હાથે મડમ અને ડાબે હાથે કૂતરું) લઈ હમણાં જ મૈયત આવી છે.

એવાંએવાં નવાંનવાં વિશેષણો શોધી બેઠાબેઠા આખી લાઈન ગજવ્યા કરે. કામ ચોક્કસ. ત્યાંથી ડયૂટી પૂરી થતાં ઘર તરફ જતાં કહે, 'બાબુ! સાલી નોકરી છે કંઈ! છ કલાક કાન પર દાબડા ઘાલી બેસી રહીએ છીએ એમાં જો જરા ચૂક થઈ તો ડાઉન ફાસ્ટની સામે અપ મેઈલ કુસ્તી કરી નાખે! અને રાતે તો ઊંઘમાં પણ કાનમાં થ્રી ડાઉન અને ફોર અપ, લાઇટ ઍંજિન અને સાઇડિંગ, બાર વૅગન અને ચાર કૅરેજ, એના જ ભણકારા વાગ્યા કરે.'

ડાહ્યાકાકાના લહેરી સ્વભાવમાં પણ અંગ્રેજો તરફ ભારોભારની તીખાશ વરવરતી. તે દિવસે ઘરમાં મહેમાનગાં મહાદેવભાઇ દેસાઈ—એમના પિતરાઇ ભાઈ—આવેલા, એટલે પછી પૂછવું જ શું? 'ટંગીઆ ટોપસ'ને હારી રીતે છોલવામાં ડાહ્યાકાકાએ કશી મણા રાખેલી નહિ. એમને માટે તો 'બાપ મૂળો અને મા ગાજર'થી જ શરૂઆત કરે. 'વિલાતમાં ભંગીની ઓલાદના; તાં કાળાંધોળાં કરેલાં એટલે અહીં કાળાપાણી કાઢેલા; એવા બબ્બા માસ્તરો અહીં સાહેબાબની રેલવે-ની સત્યાનાશી કાઢવાના છે,' એવું એવું એ કહ્યા કરતા.

પણ મહાદેવભાઇ સાલસ માણસ. મિઠાશથી કહેતા કે 'ઘેર ઘેર માટીના ચૂલા. આપણે ત્યાં પણ એવા દાગીના નહિ નીકળે એવું કંઈ નહિ.' તે દિવસે મહાદેવભાઈએ ઉમરેઠ-ઓરસદની વાતો કહેલી. ઉમરેઠમાં બનાવટી દસ્તાવેજો બનાવેલા, અને એમાં ન્યાયાધીશનો જ હાથ! ઘેર જપ્તી આવે ત્યારે જ બીચારા નિર્દોષ માણસને ખબર પડે કે વાત ક્યાં સુધી રંધાઈ ગઈ છે! ને પછી આંધણ ઊતરે જ નહિ!

વલસાડમાં રેલવે ક્વાર્ટર ગોઠવ્યું ત્યારે ખબર નહોતી કે એ નાનકડી બંગલીમાં પણ કંઈક નવાજૂની થશે! એ ગોઠવણીમાં મદદ કરનારા રેલવેના કૅરેજ ખાતાના એક ઍસિ૦ કૅરેજ એક્ઝામીનર પરાગજી દેસાઇ મળ્યા. રેલવેમાં બહુ નોકરો જોયા, પણ આટલા પ્રામાણિક, પરગજુ અને આદર્શવાદી નોકર બહુ ઓછા હશે. એ તો એની વ્યક્તિગત વાત થઇ, પણ ગુજરાતી ભાષામાં અનેરું કૌવત છે, એ પણ એની જબાનમાંથી જાણવા મળ્યું. અસલનો સચીન નવસારી પાસે વકતાણા ગામનો ખેડૂત. ત્રણચાર ભાઈઓ વચ્ચે ઠીક જેવી જમીન. પરાગજીને વળી દૂરના કોઇ સગાએ દત્તક લીધેલા એટલે વધારે જમીનનો ફાયદો. જાત ખેડૂની; જમીનનો જાણકાર, બળદ-ગાડું, ખેતી—નીંદણ, કોસ-કૂવા, બી-ખાતર, પાક-વાવેતર વગેરે વિષે ઝીણામાં ઝીણી વાતો જાણનાર, પુરુષાર્થી, ઈશ્વરમાં શ્રદ્ધા રાખનારા, એવા—ટૂંકમાં એક સાચા ખેડૂતનો મને સમાગમ થયો.

'બાબુભાઈ! આ સાલા તકલાદી ટોપા-કોકા પહેરાવી અમને સાહેબ બનાવ્યા છે, પણ અંતરમાં તો અમે ખેડૂત જ. નોકરું પૂરું થયે આ બધું છોડી હું તો જમીન પર જ જવાનો જો. લાકડું ને લોખંડ ટીપ્યે રાખીએ છીએ, પણ કાજળની કોઠડીમાંથી નોકરીને છેડે અણીશુદ્ધ નીકળીએ ત્યારે ગંગા નહાયા.' એના મીઠાશભર્યા અવાજે એ કહેતા.

આપે કદાચ 'આગગાડી' નાટક વાંચ્યું હશે. એમાં પ્લૅટફૉર્મ પર વારંવાર ઠંડા સ્વભાવના દયાળજીનું પાત્ર આવ્યા કરે છે તે એ. પરાગજીનાં કંઈક વાક્યો અને મંતવ્યો એ દયાળજીના મોઢામાં મેં મૂક્યાં છે. હાથે કાંતવું, ઘેર વણવું, ને બને ત્યાં સુધી પોતાની જમીનનું જ અનાજ ખાવું. બસ, એમ માણસ પૂરો સ્વાશ્રયી બને, પછી એને ચિંતા શી?

સુમતિ, હું ને પરાગજી ત્રણે વલસાડની આસપાસ બહુ રખડયાં. માઇલોના માઇલો સુધીનાં ખેતરં-વાડીઓ રખડી આવ્યાં. ક્યાંક શેરડીને ખેતરે જઈ ગોળ બનાવાતો ચાખ્યો, તો ક્યાંક ખાસ્સાં લીલાં જવાર-ઘઉંનો પોંક ખાધો, તો કદીક છાશ-ચટણી સાથે ઊંધિયાની મજા પણ માણી. તીથલ, પારનેરા તેમજ વલસાડ પાસે આવેલી વાંકી નદીને કિનારે સુમતિ સાથે મારેલાં અનેક ગપ્પાં, એણે એના સૂરીલા કંઠે સંભળાવેલાં વિવિધ ગીતો, એ વલસાડના શરૂઆતના નિવાસનાં મીઠાં સંસ્મરણો છે

વાંકી નદી તો નાનકડી છે, પણ એના રસળતા વાંક-વળાંક હૃદયંગમ છે. ક્યાંક નાની ઘટા, ક્યાંક નાનકડો પૂલ, ક્યાંક ઊંડાં પાણી, અને ક્યાંક છીછરી વહેતી; એવી રમતી ભમતી એ તીથલના દરિયાને મળે છે. ગુજરાતમાં નદીઓના વાંકવળાંકની સુંદરતા નિહાળવા જેવી છે. સાબરમતીના સંગમો અને વાત્રકના વ્હેણ વળાંકો, જાજરમાન મહીના કોતરો અને નાનકડી વિશ્વામિત્રીનાં, તથા તાપી—અંબિકાનાં અનેક રસક્ષેત્રો ભારે સૌન્દર્યથી ભરપૂર છે. પણ સૌથી ભવ્ય ને રળિયામણો નદી-પ્રવાહ તો નર્મદાજીનો જ. એ ધીર ગંભીર રેવાજીના અતિ સોહામણા કાંઠા વિષે તો જેટલું લખીએ એટલું ઓછું છે.

પરાગજીએ ખરવાસા, વકતાણા, સરભોણ, ઊંટડી, ડુંગરી વગેરે વિધવિધ ગામડાંઓમાં રખડાવેલા. અમલસાડનાં આંબાવાડિયાં અને ધમડાછાની આમ્રકુંજો બતાવી. એ પ્રદેશની અનેક જાતની કેરી વિષે, કેરી જેટલી જ રસભર સમજ પણ આપી. કોસકૂવા કેટલી જાતના તે, ને તેને વિષેની એનાં જુદાંજુદાં નામો સાથેની સમજ વિષે ઉતરાવેલી એની યાદી હજી પણ મારી પાસે મોજૂદ છે. કોઇ ઍગ્રીકલ્ચર કૉલેજમાં એણે અભ્યાસ કર્યો નહોતો, જિંદગીભર આગ-ગાડીનાં પૈડાંની લોખંડની ડબ્બીઓ ટીપ્યે રાખી હતી, છતાં જમીન સંબંધી એનું જ્ઞાન વિશાળ એટલું જ ઝીણું હતું. મૂળ ખેડૂત, એટલે પ્રામાણિક, સીધી ને સચોટ વાણીનો બોલનારો, ધીમે કદમે પણ ટટ્ટાર ચાલનારો. કોઈ વાર સલૂનનો રખવાળ આવીને કહે, 'સાબ બુલાતા હૈ'. તો 'બોલો આતા હૈ' કહી ખાસ્સી દસેક મિનિટ કાઢી નાખે ને બબડતા જાય: 'હવાર પડી કે ખણખોદ ચાલુ થઇ. આજે આ નથી ને કાલે પેલું નથી. કાં તો એની ચા પીવાની ટીપાઇનો પાયો ભાંગી ગયો તે સમો કરી દો કે મડમને માટે ફરૂટ મંગાવી દો. હહરીનાકને રેલવેની તો કંઈ પડી જ નથી!'

આ તો મારી નજર સામે જ બનેલું: સાહેબ સામે ભટકાતાં જ સાહેબે કહ્યું: 'પડાગજી! ધ હેલ ઓફ ઈટ, સમબૉડી સ્ટોલ ધ બલ્બ્ઝ ફ્રૉમ માઈ સલૂન.'

પરાગજીએ ધીમેથી લાઇટ તરફ જોઈ તરત રોકડો ઉત્તર દીધો: 'યસ સર, સમ સ્ટીલ સ્મૉલ થિંગ્ઝ, સમ સ્ટીલ બિગ થિંગ્ઝ!'

સાહેબ તો એ સાંભળીને ડઘાઈ જ ગયો, અને 'અચ્છા, અચ્છા, ઈધર ઠીક કરો.' કરી આડી વાતે ઊતર્યો. એ પછી પરાગજી મને કહે, 'ચોટ્ટાઓ! મને શું કરી લેવાના હતા? મારા કામમાં ભૂલ થાય નહિ. અને એની તો હું હજાર પોલ બતાવું.'

વલસાડના સ્ટેશનની બરાબર સામેના નાના બંગલામાં ગુલાબ-ભાઈ રહે. એ કૅરેજ એકઝામીનર, અને પરાગજી એના ઍસિસ્ટંટ. ગુલાબભાઈ રીટાયર થવાની અણી પર આવી રહેલા, અને અંગ્રેજીમાં તો 'એક્કા', એટલે સાહેબો જોડે વાતચિતમાં પરાગજીને જ મોકલે. પોતે ફસાઇ જાય તો 'યસ સર, નો સર'; અને જુએ કે સાહેબ કોઇના

પર ખીજાઇને વાત કરે છે તો હૅમ્પશાયરનો અંગ્રેજ બચ્ચો. જેટલી ઠાવકાઈથી 'ડૅમ ઈટ' બોલે એવા જ ભભકામાં એ પણ બોલી નાખે!

એક સાહેબને એનો કૂતરો બહુ વહાલો, તે લાડમાં એની વાતો કરતાં જરા ઉશ્કેરાઇને કૂતરા માટે કંઇ બોલ્યો. ગુલાબભાઇએ તરત આખરની પૂર્તિમાં 'ડૅમ ઈટ' લગાડી દીધું! સાહેબ તો રાતોપીળો થઇ ગયો. ગુલાબભાઈને હવે જરા ભારે પડી ગયું, અને લાગલો અંગ્રેજી બોલ યાદ આવે નહિ, એટલે હિંદુસ્તાનીમાં અફાળ્યું: 'હમકો કયા માલૂમ કે તુમને યે દત્તક લીયાં હૈ!' એ સાહેબ દત્તકનો અર્થ ન સમજે, એટલે એ શબ્દ પર પૂછાપૂછ ચાલી. પરાગજીએ વચ્ચે પડી સમજાવ્યું કે મિ. ગુલાબદાસ કહે છે કે તમારું એના પરનું વહાલ તો એક દીકરા જેવું છે, અને સાહેબ ખુશ થઈ ગયો.

કાળા મૅશ જેવા ગુલાબભાઈ, ખાસ્સા ઠરેલ, ઘણા જ હસમુખા, મીઠી જબાનના, ઠાવકા ઠંડા દાગીના હતા. ઑફિસમાં દસેક દિવસે એકાદ કાગળ પર બે ત્રણ વાકયો લખે,—કંઈ લખવા જેવું થયું હોય તો. પણ તે પહેલાં આખું પૅડ ફાડી નાખે. આખરે પરાગજીને કહે કે 'તમે લખી નાખો; 'આઈ ઍમ ફૉર સિગનેચર!' હેડ કવાર્ટરથી આવેલી ડાક જો એને હાથે ચડે તો પહેલાં બધા કાગળો વાંચી, એકાદ બે જરા વહેમ પડતા કાગળોને તો ત્યાં જ ફાડી નાખતા, અને પરાગજીને કહી દેતા કે મોટી ફાઇલમાં ગીઆ! પછી રીમાઇન્ડર આવે ત્યારે આ નંબરનો અમને મળ્યો જ નથી, એમ ફેરથી શરૂઆત કરતા! અને પછી તો એ જાતે જ કહેતા કે 'આગે આગે ગોરખ જાગે. છ આઠ મહિના પછી તો એ સાહેબ એ સ્ટેશન પર હશે કે નહિ, કોણ જાણે.'

એક દિવસ પરાગજી, ગુલાબભાઈ બધા પાનાં રમવા બેઠા હતા. સુમતિ પણ ત્યાં હતી. એણે એકાએક ચીસ પાડી અને અમે બધા ચમકયા. ત્યાંથી એણે ગુલાબભાઈ પાસેથી એક સાપ જતો જોયો. ને બતાવ્યો સુદ્ધાં! નોકર એને મારવા લાકડી લઈ દોડયો. ગુલાબભાઇ કહે: 'અલ્યા એ શું કરે? આમ આવ!' અમે તો એની ઠંડક જોઇ ચકિત જ થઈ ગયા. પછી શાંતિથી કહે, 'ચાલો, ઊતરો, કોને ઊતરવાનું છે?' કહી પાના રમવા મંડયા! ગુલાબભાઈ કહે, 'તમે એમ ગભરાયા શાના કરો છો? હા મને કરડયો એ ખરું, પણ હમણાં એ મરી જવાનો!'

'કોણ?'

'સાપ! સાપ! એનો બાપ કરડવા આવે તો તે યે મરી જવાનો! હીહીહી!' અને ખરેખર પેલો દોડતો સાપ ઢીલો પડયો અને આઘે જઈ ધમડીઆ ખાવા મંડયો.

'બાબુભાઈ! પરાગજી! જોયા શું કરો છો, એ તો હહરીનો મરવાનો! વાત એમ છે કે મને જે કરડે તે મરી જાય! હું અમલનેર હતો, ત્યાં બહુ સાપ. બધા મને કરડા ને મરી ગીએલા. હાલા મને જ કોણ જાણે કેમ કડવા'આવે! નાનપણમાં મને બૂલમાં ખૂબ સોમલ ખવડાવી દીધેલું, તે હું મરતો બચી ગયો. કેમ બચી ગયો તે ભગવાન જાણે; પણ મરી જ ગીએલો. પણ પછી તો લોહી કારૂં—ચામડી કારીકારી થઈ ગીએલી. ને આટલી જિંદગીમાં મને એક દા'ડો તાવ આઇવો નથી. જે દા'ડે તાવ આઇવો તે દા'ડે રામ બોલો ભાઈ રામ હમજી લેજો.' અને ખરેખર, પણે સાપના રામ રમી ગયા હતા!

અમે કહ્યું, 'પણ ગુલાબભાઈ કાકા, જો એ તમને ન કરડયો હોત, અને અમને કોઇને કરડયો હોત તો?'

'તો હું દોડીને મારી નાખત. પણ અજબ જેવું છે કે જીવાઓને મારું જ લોહી પમરવું હારૂં લાગે, ને જો હું હોઉં તો મને જ ડંખવાનો. ચાલો—એ રવિયા! ઓ રવિયા! ચાંગળુ ઘી લઇ, ખૂણામાં ચાર કામઠી એકઠી કરી પેલાને બાળી મૂક! ચાલો તમે તમારે રમો.' (ચાલુ)

પચીસ વર્ષ પહેલાં (અનુસંધાન પૃ. ૩૧૧થી) હેમખેમ આપણે દેશ તો પહોંચીશું. ત્યાં તો બલવીર ને સમદરપાળ આવતા દેખાયા. પેલા બે ખારવા તો વૃદ્ધ સમદરપાળને જોઈ આભા જ બની ગયા!

વહાણમાં બેસતાંવેંત વૃદ્ધે જણાવ્યું કે 'ભાઇઓ, પવન અનુકૂળ છે માટે ઝટ લંગર ઉપાડો; અને આ જાદુઈ જગ્યા પર વધુ રહેવું પણ સલામત નથી.' ત્યાં તો પૃથ્વી પરનો વાયુ છૂટયો, વહાણના સઢ ફડફડી ઊઠયા ને સૌને ચહેરે ઉમંગ અને આનંદ તરવરી ઊઠયો.

પહેલાંની માફક ડોસાએ વળી પાછી વાતો માંડી. છઠ્ઠે દહાડે તેણે એક અદ્‌ભુત વાત ચલાવી: 'આ ધરતીના પડ ઉપર એક વીર વસે છે. પિતા જ્યૂપિટર અને માતા આલ્સીમીનાનો તે પુત્ર, ને નામ એનું હર્ક્યુલિસ. અસંખ્ય પરાક્રમો આજ લગીમાં તેણે કર્યા છે. વિધિયોગે તેને રાજા યુરસ્થીઅસની ગુલામીનો શાપ પડયો. બાર વર્ષમાં બાર મહાસાહસ પાર પાડવાની રાજાએ તેને આજ્ઞા કરી. એમાંનું અગિયારમું સાહસ હેસ્પેરસની વિજન વાડીમાંથી ત્રણ સુવર્ણફળ લાવવાનું હતું. એક વાર વિચારમાં ગરકાવ થઇને તે સમુદ્ર તીરે ફરતો હતો. આશ્ચર્યચકિત તેણે જોયું તો ત્યાં વિચિત્ર ને ભાતભાતનાં જલચરો ભરનીંદરમાં ઘોરતાં દીઠાં, ને એ સઘળાંની વચ્ચે એક વૃદ્ધ પડયો હતો. તેની આસપાસ પોપટિયા રંગનાં પારદર્શક જલવસ્ત્રો પહેરેલી, મણિજડિત કટિમેખલાવાળી પાતાળપરીઓ ગોઠવાઈ ગઇ હતી.

સાવધાન પગલે હર્ક્યુલિસ આગળ વધ્યો ને એ ઊંઘતા સમુદ્રદેવ સન્મુખ જઈ ઊભો. વૃદ્ધને ઓળખીને એણે કહ્યું, 'સાગરના દેવતા ઓ નીરીઅસ! ઊઠ. જાગી જા. હું હર્ક્યુલિસ દ્વન્દ્વયુદ્ધ માગું છું.' આટલું કહી ધબાક લઈને તેણે એના પર પડતું મૂકયું. નીરીઅસ તો ચીસ પાડી ઊઠયો. જલસુંદરીઓ ને પ્રાણીઓ પેટ ચાલીને જલધિનાં મોજાંમાં ભળી ગયાં, માત્ર એ બે જ જણ સાગર કાંઠે લડવા લાગ્યા.

થોડી વારમાં જ જલદેવ જાણી ગયો કે હરીફ સામે બલમાં ટકાય તેમ નથી, એટલે તે જાદુઈ બાજીના ખેલ કરવા માંડયો. કયારેક તે ચિત્તો થઇ જાય તો કયારેક બાઝી પડતું રીંછ; કયારેક આકાશપંખી ને કયારેક સર્પરૂપી કાદવની માછલી બની જાય. જેવો હર્ક્યુલિસ માછલીને મજબૂત પકડે કે તરત તે મોટો જળધોધ થઇને પડતો; તેમાંથી વળી પીળી ધમરક આંખોવાળો લીલોકાચ અજગર બની જતો; અને પછી સાપ અલોપ થઈને નાનીશી માખી, ને માખીમાંથી આભધરતીને એક કરે તેવો અગ્નિભડકો થઈ ઊઠતો: પણ એ સૌને હર્ક્યુલિસ કળાકૌશલ્યથી પટકી દેતો. અંતે અદૃશ્યમાંથી શબ્દ સંભળાયા, 'બહાદુર દોસ્ત! તું જીત્યો. પણ તેનો મને અફસોસ નથી. બોલ, હું તારું શું પ્રિય કરું?' એટલું કહેતાંમાં તો ભડકો ગયો અને તેમાંથી એક વૃદ્ધ નીકળ્યો. તે બોલ્યો, 'હું તારી વાતથી વાકેફ છું. ચાલ, ટાયરનું એક વહાણ હમણાં જ ઊપડે છે. આપણે તેમાં બેસી જઈએ. એ વહાણ મારી મરજી મુજબ વળશે.' અને બને જણ ચાલતા ચાલતા જહાજવાળા વેપારીઓને જઈ મળ્યા. પછીની હકીકત તો તમે સૌ જાણો છો.

ભાનભૂલ્યા જેવા સૌ હવે પેલા જુવાન તરફ ફર્યાં. તે નરમાશથી બોલ્યો, 'મિત્રો, મારા સાહસની સિદ્ધિમાં તમે સહાય કરી છે તેમાં કશું ખુરું નથી. મેં જેમનું યત્કિંચિત્ પણ કલ્યાણ કર્યું છે તે દુનિયામાં લોક મારું ભુજબળ અને હૃદયબળ કેવુંક છે. તે સમજે છે. ...પણ હવે અગ્નિ પ્રકટાવો ને એ સર્વવ્યાપી સાગરદેવની સ્તુતિ કરો.'

અને સુખરૂપ સફર કરતા તેઓ ટાયર શહેર પહોંચ્યા. ત્યાં સૌ શ્રોતાઓને તેમણે સમુદ્રદેવનો મહિમા સંભળાવ્યો, અને પૂર્વાભિમુખ એનું મંદિર બાંધી બલિદાન ચડાવ્યાં.

ફરાળી ઉપવાસ

બકુલ ત્રિપાઠીની નિર્બંધિકા



'માફ કરજો, મારે આજે શનિવાર છે !'

આપણી ઋતુઓને શરદ, હેમંત, વર્ષા ને વસંત જેવાં નામ ન આપ્યાં હોત તો આ ઋતુને, ચોમાસાને, આપણે ચોક્કસ ઉપવાસની ઋતુ કહેત. ચાતુર્માસના ઉપવાસ, અગિયારશો, શ્રાવણી સોમવારો, જન્માષ્ટમી, પર્યુષણ ને નવરાત્ર;—ઉપવાસોનું માહાત્મ્ય આ ઋતુમાં છે એવું બીજા આઠે મહિનામાં નથી. ડૉક્ટરો પોતાની કમાણી ઘટવાના જોખમે પણ અત્યારે આપણને ઉપવાસો કરવાનો આગ્રહ કરી રહ્યા છે અને સરકારી પ્રધાનોનો ઉપવાસાગ્રહ તો ચાલુ જ છે! એવે વખતે મને ઉપવાસના જ વિચારો આવે એમાં નવાઈ ખરી? અને ઉપવાસ એટલે 'ફરાળી ઉપવાસ' જ, એવું મારા ને તમારા જેવા પવિત્ર પુરુષોએ સ્પષ્ટ કરવાની પણ જરૂર ખરી?

મારા એક મિત્ર આ ફરાળી ઉપવાસોનું કારણ સમજાવતાં મશ્કરીમાં કહેતા કે આ ઉપવાસો તો આપણા પૂર્વજોની મીઠી યાદ છે! એ પૂર્વજો, તે પાંચસાત હજાર વર્ષ પહેલાંના નહિ, પણ તેથીયે પુરાણા, ડાર્વિને જેને વિષે ચિંતન કર્યું છે તે. એ પૂર્વજોમાંના કોઇ વૃદ્ધોને એકાદ સાંજે, વૃક્ષની ડાળીએ ઝૂલતાંઝૂલતાં વિચાર આવ્યા હશે કે આ સંસ્કૃતિ તો વિકસતી ચાલી છે, આપણાં બાળકો સુધારાની લતે ચડયાં છે, તે કોણ જાણે કયાં જઈને પહોંચશે? સંસ્કૃતિની ટોચે પહોંચીને એ લોકો આપણને ભૂલી પણ જાય! તે વખતે એમને આપણું સ્મરણ થાય એવી કોઇ યોજના કરતા જઈએ તો સારું. એમ વિચારીને એમણે આ ઉપવાસ કરવાની રૂઢિઓ યોજી હશે. અને એથી જ ઉપવાસ-દિનોએ આપણે અન્નાહારી માનવીઓ એકલો ફલાહાર જ—બને એટલો વધુ—કરીને આપણા એ ફલાહારી પૂર્વજોની યાદ ઊજવીએ છીએ.

પણ એ અધર્મી મિત્રની આ કલ્પના તો માનવા જેવી નથી, તો ઉપવાસો પાછળની ખરી દૃષ્ટિ કઇ હશે? આરોગ્યની તો નહિ હોય?

ઘણા લોકો આરોગ્ય મેળવવા અગિયારશો કરે છે, અને એ યોગ્ય પણ છે. ફરાળ વિનાના, 'અશુદ્ધ ઉપવાસ', એટલેકે નકોરડા ઉપવાસથી તબિયત સુધરે જ છે એ વાત કદાચ ખોટી હશે, પણ 'શુદ્ધ ઉપવાસ' એટલેકે મેં અગાઉ કહ્યા તેવા ફરાળવાળા ઉપવાસથી તો તબિયત સુધરે છે એ ચોક્કસ જ છે

જેને નિયમિત ભૂખ ન લાગતી હોય એણે ભૂખ લગાડવા માટે ઉપવાસનો પ્રયોગ કરવો જોઇએ એમ આરોગ્યશાસ્ત્રીઓ માને છે. મારા ભાઇને પણ એકવાર એમ નિયમિત ભૂખ લાગતી બંધ થઇ ગઈ હતી. પહેલાં તો મેં એને સમજાવવા પ્રયત્ન કર્યો કે 'તું પરમ બ્રહ્મની કક્ષાએ પહોંચી ગયો છે અને એટલે જ આ ભૂખ લાગવાના બંધનથી મુક્ત થઇ ગયો છે. હવે સહેજે મોક્ષ પ્રાપ્ત કરવાની તૈયારી કર.' પણ એ કંઈ સમજ્યો નહિ, ત્યારે એક ડૉક્ટરની સલાહથી નક્કી થયું કે એને અપચો થયો છે અને એ મટાડવા એણે ઉપવાસ કરવા.

એને બુધવારથી એકટાણું—એટલેકે માત્ર સાંજે જમવાનું–શરૂ કરવાનું હતું. એટલે મંગળવારે રાત્રે મોડો જમીને એ ભારે હૃદયે સૂતો. અને આશ્ચર્ય! બુધવારે પ્રભાતે પાંચ વાગે એની ઊંઘ ઊડી ગઇ. એને યાદ આવ્યું કે તે દિવસે એને ઉપવાસ કરવાનો હતો, અને સાથેસાથે જ જ્ઞાન થયું કે એને ભૂખ લાગી છે! એટલે વહેલા ઊઠીને એણે બે પ્યાલા ચહા પીધી, અને કલાક પછી નહાઇને ફલાહાર કર્યો. દોઢેક કલાક વાંચ્યા પછી એને ફરી યાદ આવ્યું કે તે દિવસે ઉપવાસ કરવાનો હતો, એટલે ફરી ભૂખ લાગી અને એણે ચહા પીધી. ત્યાર પછી આખોય દિવસ એને ઉપવાસ છે એ વિચારે ભૂખ લાગ્યા કરી અને સાડા નવ વાગે, એક વાગે, ત્રણ વાગે તથા સાંજે સાડા સાત વાગે, એમ ચાર વાર એ ચહા જોડે ફલાહાર કરી શક્યો! અને આખો દિવસ ઉપવાસ હોવાથી સાંજે વધુ જમી શકાયું એ તો નફામાં! જેને ભૂખ નહોતી લાગતી એને પણ ભૂખ લગાડવાનો ઉપવાસનો આ અદ્‌ભુત ચમત્કાર અનુભવ્યા પછી એ અને હું બન્ને, ઉપવાસ(અલબત્ત ફરાળી ઉપવાસ) દ્વારા આરોગ્યના દૃઢ અનુયાયી બની ગયા છીએ!

આરોગ્યપ્રાપ્તિ ઉપરાંત ઉપવાસ કરવાનાં બીજાં કારણો પણ હોઇ શકે. ઉપવાસીને આ જગતમાં બીજા પણ અનેક લાભ થાય છે. પહેલું તો એ કે ઉપવાસ કરીને જાણે તમે જગત પર મહાન ઉપકાર કરી રહ્યા છો એવું મોં કરીને ફરવાનો તમને હક્ક મળી જાય છે. ઘરમાં બીજા જમનારા સામે તમે એવી રીતે જોઇ શકો કે જેથી ખાવામાં એ લોકો જાણે કોઈ ભયંકર પાપ આચરી રહ્યા હોય એવી ગુનાની લાગણી એમને થાય! ઘણા બીચારાઓનાં નસીબમાં માંદગીનો અણમૂલો લ્હાવો લખ્યો જ નથી હોતો. પણ જે વસ્તુ પ્રારબ્ધમાં ન હોય તે વીર પુરુષો પુરુષાર્થથી જીતી શકે છે એ ન્યાયે, માંદા ન પડનારાઓ ઉપવાસ કરીને માંદગીનો લ્હાવો લઈ શકે છે. 'ભાઇને કામ ન બતાવશો, એમને આજે મંગળવાર છે,' 'ભાઈ, કૉફી બનાવી આપું? આજ તો પાછો તારે સોમવાર છે ને?' વગેરે વાક્યો દ્વારા ઉપવાસ, વગર માંદગીએ માંદગીનું માન અપાવી શકે છે.

પણ આ બધાથી ય અનોખો એવો ઉપવાસ પાછળનો એક ઉદ્દેશ તો ગ્રહ-મન-રંજનનો હોય છે. આકાશમાં નવરા ફર્યા કરતા ગ્રહો, નોકરીમાંથી રીટાયર થયેલા પડોશીની માફક, નિરંતર આપણા કામ-કાજમાં માથું માર્યા કરતા હોય છે એમ ઘણાનું માનવું છે. આવા પડોશીઓ જ્યારે ઘરની વાતોમાં માથું મારવા આવે ત્યારે, ગાયને પૂળો નાખીએં છીએ તેમ, એમની આગળ છાપું ધરી દેવાથી એમને શાંત રાખી શકાય છે. એવી જ રીતે આકાશના મંગળ, બુધ, ગુરુ, શુક્ર, શનિ વગેરે ગ્રહોને પણ ઉપવાસ કરીને શાંત રાખી શકાય છે એમ માનીને ઘણા મંગળવાર, ગુરુવાર, શનિવાર વગેરે કરે છે.

અજ્ઞાનને કારણે મારા જેવા ઘણા આ સમજી શકતા નથી. કોઇને હું નાસ્તો આપતો હોઉં ત્યારે એ મને જ્યારે કહે છે કે 'માફ કરજો મારે આજે શનિવાર છે', ત્યારે મને ગર્જના કરીને એને સંભળાવી દેવાનું મન થાય છે કે, 'હે મૂર્ખ, કાલે શુક્રવાર હતો અને આવતી કાલે

પ્રાણાયામ

શરીરને તેજસ્વી કરનારો, યોગાસનોના વ્યાયામનો છેલ્લો પ્રયોગ



નિત્યકર્મમાં આસનોની સાથે છેલ્લા ત્રણ અંકથી આપવામાં આવતી ક્રિયાઓ કરી, પછી સામાન્ય પ્રાણાયામ કરવો. આથી શરીરને ખૂબ ફાયદો થશે. શરીર તેજસ્વી અને લાલ બનશે, સળેખમ ભાગ્યે જ થશે અને ફેફસાં વગેરેના રોગો કદી નહિ થાય. પ્રાણાયામની સાદામાં સાદી ક્રિયા નીચે પ્રમાણે કરાય.

પદ્માસન કરીને બેસો. બધો શ્વાસ બહાર કાઢો. પછી જાંઘ ઉપર હાથથી બે થપાટ મારો ત્યાં સુધી શ્વાસ લો નહિ ને મૂકો પણ નહિ. પછી જમણા હાથની છેલ્લી બે આંગળીઓ વડે ડાબું નસ્કોરું બંધ કરો અને જમણાં નસ્કોરાથી શ્વાસ ધીમેધીમે બે થપાટ મારતાં સુધી લો. હવે જમણું નસ્કોરું જમણા હાથના અંગૂઠાથી બંધ કરો અને શ્વાસને આઠ થપાટ મારતાં સુધી રોકો. પછી ચાર થપાટ સુધી શ્વાસને ડાબા નસ્કોરામાંથી કાઢો અને ફરી બે થપાટ સુધી શાંત બેસો. પછી ડાબા નસ્કોરાથી શ્વાસ લઈ ઉપર પ્રમાણે રાખી જમણે નસ્કોરેથી કાઢો એટલે એક પ્રાણાયામ થયો. શરૂઆત એક કે બે પ્રાણાયામથી કરવી અને ધીમેધીમે આગળ વધવું.

હાસુભાઇ શુકલ

રવિવાર છે એથી આજે તારે જ નહિ પણ મારે, આખા ગુજરાતને, આખા ભારતને, લિયાકતઅલીખાનને, સમરસેટ મૉમને, રીટા હૅવર્થને અને આખા જગતને આજે શનિવાર છે. કોઇને ય આજે શુક્રવાર કે રવિવાર નથી. આખી દુનિયાને આજે જ્યાં શનિવાર છે ત્યાં 'મારે' શનિવાર છે એમ કહીને, હે મૂર્ખ, તું કહેવા શું માંગે છે?' પણ તરત જ મારામાં રહેલો સમજુ માણસ મને શાંત પાડી સમજાવે છે કે એમને શનિવાર છે એટલે કે શનિવારનો ઉપવાસ છે. અને હું અસ્વાભાવિકરીતે શાંત થઈ જાઉં છું.

આમ છતાં હું વાર કરવાની વિરુદ્ધ નથી. આપણે ત્યાં કેટલાક સોમવાર કરે છે તો કેટલાક મંગળવાર કરે છે. કોઈ વળી ગુરુવાર કરે છે તો કોઈ ભાવિક જનો તો અઠવાડિયાના બબ્બે વાર પણ કરે છે. પરંતુ હું તો સાત સાત વાર કરું છું. પહેલાં તો સવારે ઊઠતાં જ વાર કરું છું. પછી દાતણ કરતાં વાર કરું છું. નહાતાં વાર કરું છું. ઘેરથી નીકળતાં વાર અને પાછા ફરતાં પણ વાર કરું છું. ને સવારે ને સાંજે જમતાં પણ વાર કરું છું; અને રાતે સૂતાં વાર કરું છું એ તો વધારામાં.

અને આ સાત વાર કર્યાનું પુણ્ય પણ મને ઘણું મળ્યું છે. ગુરુવાર કર્યાથી વિદ્યા વધે છે, પરીક્ષકને સદ્‌બુદ્ધિ સૂઝે છે અને એનાથી વધારે માર્ક મુકાઇ જાય છે એમ ઘણા વિદ્યાર્થીઓ માને છે. મંગળવાર કર્યાથી પેલા ઉગ્ર દેવ મંગળની કૃપા પ્રાપ્ત થાય છે એમ પણ ઘણા માને છે. મારા પર એ રીતે ઊઠતાં વાર કરવાને લીધે સૂર્યભગવાનની કૃપા ઊતરી છે, અને એ પોતે બારીમાંથી આવીને મને જગાડી જાય છે. નહાતાં વાર કરવાને લીધે વરુણ દેવની કૃપા ઊતરી છે અને ઠંડે પાણીએ નહાવાની શક્તિ કેળવાઇ છે. અને જીવનમાં જ્યારે ખરેખર ટાઢે પાણીએ નાહી નાખવાનો વખત આવ્યો છે ત્યારે હિંમતપૂર્વક એ અવસરને હું વધાવી શક્યો છું.

પણ જવા દો એ વાત. સોમવાર–મંગળવાર કરીને ઉપવાસ કરવાની આપણી રીત, અને રોજ સાતઆઠ 'વાર' કરવાની મારી રીત કરતાં ય આપણા વડીલોની ઉપવાસની પદ્ધતિ અદ્‌ભુત હતી. હજી ગઈ કાલ સુધી એ રીતે ઉપવાસ થતા આપણે તો ઉપવાસના દિવસને શાંતિ ને આરામનો દિવસ ગણીએ છીએ; પણ જીવનના ખરા કલાકાર આપણા વડીલો તો એમના એ દિનને ઉલ્લાસથી ભરપૂર ઉત્સવદિન બનાવતા. એ જમાનામાં કોઈને ત્યાં સવારના નવ-દસ વાગ્યે સઘડી-ચૂલા ઠંડા હોય, અને તમે પૂછો કે 'આમ કેમ? આજે વળી શાનો ઉપવાસ છે?' તો તરત જવાબ મળે, 'આજે જમણવાર છેને, એટલે!'

જમણવાર એ એમના ઉપવાસોનું એક મુખ્ય કારણ હતું. બીજે દિવસે જમણવાર હોય એટલે આગલી રાતે જ કેટલાક ઉપવાસ આરંભી દેતા. બીજા કેટલાક વળી મિતાહાર કરી ચલાવી લેતા. જમણવારને દિવસે સવારે બાળકો સિવાય મોટા ભાગનાને ઉપવાસ રહેતો. અને જમણવારની પછીના દિવસે પણ ભોજનના સાચા ભક્તોને ફરજિયાત ઉપવાસ કરવો પડતો. જ્ઞાતિભોજનોનો એ જમાનો ગયો, અને સાથેસાથે એ વડીલો પણ ગયા. પરંતુ જેણે એ પ્રસંગો જોયા હશે,—રસોઇ તૈયાર હોવા છતાં રાતના બબ્બે વાગ્યા સુધી વગર કારણે જમવાનું લંબાવતો એ વડીલ વર્ગ, ભોજન પહેલાં મલ્લયુદ્ધ જેટલી તૈયારી કરતા એ મહાપુરુષો, પારણાં વધુ સારાં થાય એ ઉદ્દેશથી ઉપવાસ કરતા એ કલાકારોને જોનારાં એની મઝા નહિ ભૂલે.

મને તો લાગે છે કે ઉપવાસ પાછળની એમની દૃષ્ટિ જ સૌથી શ્રેષ્ઠ હતી. પૂર્વજોનું સ્મરણ, આરોગ્ય, ધર્મ, ગ્રહ-મન-રંજન, એ બધાં કારણો ઠીક છે, પણ ઉપવાસનો સૌથી સુંદર ઉદ્દેશ તો છે ફલાહાર અને પારણાં. વધુ સરસ રીતે પારણાં થઈ શકે એ ઉદ્દેશથી કરાતા, યા ફલાહારનો આનંદ મળે એ વિચારથી કરાતા ઉપવાસો જ આદર્શ ઉપવાસો છે. આપણે રાત્રે આરામ લઇએ છીએ તે શા માટે? બીજા દિવસે તાજગીપૂર્વક ઊઠીને વધુ સારું કામ થઇ શકે તે માટે. આપણાં રાષ્ટ્રો શાંતિ જાળવે છે તે યુદ્ધની તૈયારી કરી શકાય તે માટે. અરે, આપણને પ્રભુ આ સૃષ્ટિ પરથી બોલાવી લે છે તે પણ શા માટે? કોઈ નવી જ સૃષ્ટિમાં વધુ સુંદર જીવનની આપણને ભેટ આપવા માટે.

અને એટલે જ હું કહું છું કે આપણા ઉપવાસો પણ સુંદર ફલાહાર અને વધુ સુંદર પારણાં કરી શકાય તે માટે જ હોવા જોઈએ;— અને ઘણુંખરું હોય છે પણ ખરા! આપણે માનવીઓ બીજી બધી બાબતોમાં ગમે તેવા ગાંડા હોઈશું, પણ આ બાબત પૂરતા તો ડાહ્યા છીએ ને દિવસેદિવસે વધુ ડાહ્યા થતા જઇએ છીએ એ ચોક્કસ છે.

પચ્ચીસ વર્ષ પહેલાં

અંક ૩૩ મો : ભાદરવો ૧૯૮૨

ચાર માસ પર સર્વતોમુખી પ્રતિભાવાન અંગ્રેજ કવિ વિલિયમ મૉરિસના કાવ્ય 'ઍટલાન્ટાની શરત'નો જે સુંદર અનુવાદ શ્રી દેશળજી પરમારે રસળતી શૈલીમાં આપ્યો હતો તેવો જ, એ જ કવિના બીજા કાવ્ય 'ત્રણ સુવર્ણફળ'નો, આ અંકમાં એમણે કાવ્યમય બાનીમાં આપ્યો હતો. એ રસભરી ગ્રીકકથાનું એક સુંદર ચિત્ર હમણાં જ ૩૦૫મા અંકમાં આવી ગયું. તેની સાથે આ નીચેનો સારભાગ વાંચવો રસમય બનશે.

વૃક્ષોનાં પાન ખરે એટલાં અસંખ્ય વર્ષો આજ એ વાતને વીતી ગયાં છે. ગ્રીસની અલબેલી નગરી મેસીનાની એ સમયે ચડતી કળા હતી અને રાજા યૂરસ્થીઅસ ત્યાં રાજ્ય કરતો.

ઉનાળાનું તાજું સવાર હતું. શાન્ત સાગરમોજાંને ટેકરીઓ ધીમેથી ધકેલતી હતી અને ફરફરતો સૂરીલો પવન જંગલના સાદ ભરી લાવતો હતો. એ સમયે, સમૃદ્ધિની છોળો ઉછાળતા એ મેસીનાના અખાતમાં ફીનીશિયાના ટાયર શહેરનું એક વહાણ હાલકડોલક થતું લંગર ઉપાડવાની તૈયારીમાં હતું.

સઢ ખુલ્લા થઇ ફફડ્યા ને લંગર ખેંચાયું. એવે, એકાએક, દૂરથી પડકાર પડ્યો. જુએ તો બે જણ ઉતાવળે પગલે ટેકરીનો ખરબચડો ઢોળાવ ઊતરતા આવતા હતા. એક હતો જુવાન : કાડે પહોળો, આસમાની આંખ ને કાળા ગૂંચળિયા વાળવાળો. દેહ પર તેણે ઝીકભરેલું સિંહચર્મ પહેર્યું હતું; ને હાથમાં હતી કડિયાળી ગદા. તેની પૂંઠે દંડધારી એક ડોસો હતો. જભ્ભો એનો ચાદળિયો, ગાલ બેઠેલા ફિક્કા ને દિમાગ નરમ હતો. જુવાન બોલ્યો 'ભાઇઓ, મેં સાંભળ્યું છે કે તમે સૌ ટાયર શહેર જાઓ છો. અમને પણ લઇ જશો ?'

નાખુદાએ કહ્યું, 'તમારું નામ? અમે રહ્યા વેપારી; કહો શું આપશો? જોકે લાગો છો તો શાહજોગ.' એટલામાં તો પેલો બુઢ્ઢો કંઈક બબડ્યો ને નીચા નમી રેતીમાંથી કશુંક ઉપાડ્યું. જુવાને જવાબ દીધો, 'એ તો મેં ધાર્યું જ હતું. મારું નામ તો કદાચ ભવિષ્ય કહેશે; પણ લ્યો આ નજીવી ભેટ... અને મને બલવીર કહી બોલાવજો.' આટલું સાંભળતાં વહાણના માલિકની આંખ હરખી ઊઠી, કેમકે જુવાને પોતાનો બાહુ પરથી સુવર્ણનો બાજુબંધ કાઢીને વહાણમાં ફેંક્યો હતો.

એવામાં પેલા ડોસાનો સુક્કો હાથ લંબાયો અને બે મોટાં પાણીદાર લાવણ્યમય મોતી તેની હથેળીમાં દેખાયાં. તે બોલ્યો 'મારાં નામોનો તો પાર નથી; પણ મને સમદરપાળ કહેશો તો ચાલશે.' બલવીરે પેલા વૃદ્ધને ફૂલની જેમ ઉચકી લીધો અને સાગરના મોજાંની વચ્ચે માર્ગ કરતો તે વહાણ તરફ આવ્યો. ખારવાઓએ દોરડું ફેંક્યું, ને તેના પર લટકતો તે બુઢ્ઢાને લઈ વહાણ પર ચડી ગયો.

તાજો અનુકૂળ પવન વાતો હતો, જમીન દેખાતી બંધ પડી હતી ને ઉષ્ણકટિબંધના ટાપુઓમાં થઇને વહાણનો અગ્રભાગ લીલાંકાચ પાણી કાપતો ધપ્યે જતો હતો. મનવાંછી કોઇ ચીજ સાંપડી હોય તેમ, ટગ માંડી લાંબી નજરે જોઇ રહેલો બલવીર મૂંગોમૂંગો તુતક પર ઊભો હતો. વિસ્મયલીન સૌ નાવિકો એની જુવાનજોધ કાયા વારેવારે જોયા કરતા હતા. બીજી મેર પેલો ડોસો તો ખારવાઓની વચ્ચે બેસી વાતોની ઝૂક બોલાવતો હતો.

ચોથે દહાડે પ્રભાત પહેલાં ડોલ પરથી ચોકીદારે બુલંદ અવાજે જાહેર કર્યું કે ફીનીશિયાનો કાંઠો દેખાય છે. આ સાંભળીને બલવીરે પોતાના વૃદ્ધ મિત્ર તરફ અર્થભરી આંખ મિચકારી. તરત ડોસો વહાણના અગ્રભાગ પર જઇ ઊભો ને ઊગતા સુરજમાં નેણે હથેળી માંડી દૂરનો ઝાંખો કાંઠો જોવા લાગ્યો. ત્યાં તો જોતજોતાંમાં વાદળના ગોટ ઘેરી વળ્યા, આકાશ ગોરંભાયું, સવાર જાણે થીજી ગયું.

એકાએક દિશાઓની ગુફાઓમાંથી પવન વછૂટ્યો. સઢો ફફડ્યા, દોરડાં ચોમેર વીંઝાવા લાગ્યાં અને શાન્તમૂર્તિ સાગરે જાણે રુદ્રરૂપ ધારણ કર્યું. આકાશ અને સાગર એકાકાર થયાં અને ગોથાં ખાતું વહાણ માંડમાંડ માર્ગ કરવા લાગ્યું. દિવસરાત કે દિશાની કશી સાનસુધ વગર તેઓ આગળ ચાલ્યા. ભીષ્મકાય બલવીર તારણહાર જેવો મહા શ્રમ લઈ મથતો હતો. પણ સમદરપાળ તો પવન કે તોફાન કશું ગણકાર્યા વગર લહેરથી અગ્રભાગે ઊભો હતો: જાણે પ્રલયસૃષ્ટિ ઉપર ઊડતો પાંખાળો દેવદૂત ઝોક લેતો હોય નહિ!

તોફાનમાં વહાણ ફરી પશ્ચિમ દિશા તરફ પાછું ઘસડાયે જતું હતું. આગળ વધતાં તેઓએ જમીન જોઈ. પણ એ જાણે સ્વપ્નમાં જોએલ ચહેરાની જેમ નજીક આવી આવીને અદૃશ્ય થઈ! ખારવાઓનાં દિલ ભય ને નિરાશાને લીધે ભારેખમ થઈ ગયાં. તેઓને થયું કે હવે તો ધરતીના છેડા લગી—અનંતતાના અવકાશ લગી આમ ને આમ ઘસડાવાનું જ રહેશે. પણ તેમનો મોવડી થઇ તોફાન સામે મથતો બલવીર તો લહેરમાં હતો. તોફાન સાથે તાલ લેતો તે ગીત લલકારતો, તુતક સુધી ઊછળતા લોઢને લાંબા હાથ કરીકરી ભેટતો, અને સમદર જળ ઉપર ગર્જતા વજ્રપાત ને વીજળીને બેપરવાઇથી જોઈ રહેતો.



ગ્રીસમાં મેસીનાથી ઊપડેલા વહાણને સમુદ્રદેવ ટાયરને બદલે હેસ્પેરસની વાડી તરફ ઘસડી ગયો ને ત્યાંથી પાછું વાળી તેને ટાયર પહોંચાડ્યું તે માર્ગ સફેદ લીટીથી દર્શાવ્યો છે.

દસમે દહાડે ધમસાણ શમ્યું. શાન્ત ઉજ્જ્વલ પહો ફાટયો. તેમના પ્રવાસીલા જીવન ઉપર સૂર્ય પ્રકાશ્યો ને તપ્યો. તોફાનની વાત સૌ જાણે ભૂલી ગયા અને નરમ, નબળા ને થાકયાપાકયા તો ય સુખી દેખાયા. વળી પાછો બુઢ્ઢાએ દાયરો જમાવ્યો.

વીસે દિવસે નવી ભૂમિ દેખાઇ. પહેલાં તો સમુદ્રમાંથી વાદળિયા પર્વતો નીકળ્યા. પછી ચોતરફ હરિયાળો કાંઠો પથરાયો. થોડે દૂર ઊગતા સૂરજનાં કિરણો વડે પિત્તળનો કોઇ કોટ ચમકાટ કરી રહ્યો હતો. આ દૃશ્ય જોઈ નાવિકો નવેસર ગભરાયા. તેમને તો હવે બધું સ્વપ્નમાં બનતું હોય તેમ દેખાયું; જાણે મોત નજીક ભમતું હોય ને સારી સૃષ્ટિ અભિરામ જણાતી હોય નહિ !

કાંઠે ઊતરવાના પાટિયા પર પગ દઇ બલવીર ને સમદરપાળ જોડાજોડ ઉભા હતા. બલવીરની આંખમાં તેજનો ભભૂકો હતો. એ ફૂલથી ભરચક્ક કિનારા પર હાકોટો કરી કૂદી પડયો. ટેકરીઓમાંથી તેના ગર્જનનો પ્રચંડ પ્રતિઘોષ ઊઠયો. ધીમે રહીને ડોસો તેની પાછળ ઊતર્યો. નાવિકગણ તો જ્યાંનો ત્યાં થંભી ગયો ! હવે તેમને સમજાયું કે આ જાદુગર જેવા લોકો ફક્ત પોતાનું કામ કાઢવા વહાણને આ બાજુ ખેંચી લાવ્યા હતા. તેમણે વિચાર્યું કે આમાં જો ડખલ નહિ કરીએ તો કદાચ બચીશું.

પણ એ મંડળમાંના બે જરા હિંમતબાજ જુવાનો હતા. તેમણે નજર મિલાવી કાંઇક ભેત રચ્યો. કાંઠા ઉપર ઝંપલાવ્યું અને પેલા બેની પાછળપાછળ ધીમે પગલે ચાલવા માંડયું. જુવાન અને વૃદ્ધ પેલી ચમકતી દીવાલ તરફ વળ્યા. પિત્તળની ઈંટો વડે દીવાલ બાંધેલી હતી ને તેના ઉપર ભૂતકાળનાં ઇતિહાસચિત્રો રમમાણ થઇ રહ્યાં હતાં.

આગળ ને આગળ તેઓ ચાલ્યે જતા હતા. ફૂલવાડીમાંથી પંખીઓનો કલરવ સંભળાતો; અદ્‌ભુત કુસુમમંજરીઓ તેમના પગ ફરતી નમી પડતી; કાબરચીતરાં કબૂતરોની પાંખ વડે વીંઝાતી હવામાં 'સુવાસિત માધુરી મ્હેકી રહેતી અને આ વાતાવરણની માદકતાથી તેમના આત્માઓ લસી પડતા. અંતે તેઓ એક લોખંડી દરવાજા પાસે આવી પહોંચ્યા. પાછળ પેલા ખારવાઓ પણ થોભી ગયા. બલવીરે પોતાની વજ્રગદા ઉપાડી એવા તો બેચાર ઘા લગાવ્યા કે ખીલા ને મજાગરાં ઊડી પડયાં અને કડડડધસ કરતો દરવાજો તૂટી પડયો.

સ્વપ્નમાં બનતું હોય તેમ પેલા ખારવાઓ જોઈ રહ્યા. તેઓએ જોયું કે બલવીર ફૂલવાડીમાં ગયો અને સમદરપાળ જાણે એક ઝાડને અઢેલીને ઊભો. પણ સૂરજનો પ્રકાશ પડતાં એ બુઢ્ઢો કોણ જાણે ક્યાં અદૃશ્ય થઇ ગયો અને તે ઠેકાણેથી એક લીલી પાતળી ગરોળી નીકળીને સુક્કાં પાંદડાંમાં દોડી ગઈ ! બલવીર એકલો તડકાછાયામાં થઇને ચાલ્યો જતો હતો. આગળ જતાં એક હરિયાળો પટ કમળને લીધે હાલતો દેખાયો. તેની સાંકડી ગલી બેશુમાર ગુલાબપાંખડીથી પથરાએલી હતી. પેલા બે શકરાઓ પાછળ લપાતા અહીં સુધી આવ્યા. અહીંના નિગૂઢ ને ભારેખમ વાતાવરણથી તેમને થયું કે અહીંથી જીવતા પાછા જવાની આશા નથી. પરંતુ તેમના સાહસિક પ્રાણે મૃત્યુને ભેટવાં પહેલાં એ અદ્‌ભુત દુનિયા જોઈ લેવાનો નિરધાર કર્યો.

બલવીર તો પોતાના દૃઢ હૃદયમાં પૂરી શ્રદ્ધા હોય તેમ ફૂલેલચી ડાળીઓ ખસેડતો આગળ ને આગળ ચાલ્યો. પ્રફુલ્લ ચિત્તે આનંદની લહેર એક સીટિયારી કરી. પણ એટલામાં સ્ત્રીઓના બોલ અને કાળજું કરી નાખે તેવા કારમા ફૂંફાડા કાને પડયા. લીલાછમ એક મેદાનમાં આરસના હોજમાંથી જલધારા પડતી હતી. હોજની વચ્ચોવચ્ચ એક ઝૂમતા વૃક્ષની ડાળી પર ઝાકઝમાળ ત્રણ સુવર્ણફળ ઝૂમી રહ્યાં હતાં.

આછાં કેસૂડાપના ઘેરમાં ઢંકાએલી ત્રણ દેવકન્યાઓ હાથમાં હાથ ભેરવી વૃક્ષ ફરતી ઊભી હતી. ગેલ કરતી વાદળીઓના તડકાછાય તેમના પર બદલાતા, માથે પીળાં પાંદડાંમાં પવન ફરફરતો ને તેમના કોમળ અંગો નીચેથી ચમકતી આંખોવાળો, ફેણ પસારતો ને ફુંફાડા મારતો એક ભયંકર કાળો સર્પ ઝાડના થડને વીંટળાએલો આમતેમ સળવળતો હતો. ગદાને ટેકે ઊભીને બલવીર આ બધું સ્વસ્થતાથી જોઈ રહ્યો. એનાં નયન આતુર હતાં ને લલાટ સ્વચ્છ હતું. થોડીવાર પછી તે શાંતિથી મિત્રભાવે બોલ્યો. 'જ્ઞાનવૃદ્ધ હેસ્પરસની આ કન્યાઓ! તમે સૌ અહીં રક્ષા તો ઠીક કરી રહ્યાં છો. પણ કાળની ગતિ વિચિત્ર છે. આજ તમારે આ સુવર્ણફળો મને સોંપવાનાં છે.'

એ સાંભળી મલયાનિલ જેવા મીઠા કંઠે પહેલી કન્યા કહે, 'અરેરે! તને આ શું સૂઝયું ? આ તારા ઝેરીલા યમદૂત તરફ તો નજર કર. તારાં હાડકાંનું આ માટીમાં ખાતર મળી જશે.' એ બોલી રહી કે સાપે ફુંફવાટ કરી ફેણ માંડી. ઉષાના સ્વરે બીજી કન્યા બોલી, 'પૃથ્વી પર પ્રલય ફરી વળે તોપણ અમે તો આ વૃક્ષશાખાને ઓથે જ હશું.' લગ્નતિથિને મળસ્કે કન્યાને જગાડે એવી શરણાઇના સૂરે ત્રીજીએ કહ્યું, 'અને કદાપિ કોઈ દેવ આ સુવર્ણફળ લે તો તેની અમરતા વણસે એવો શાપ છે. પણ તું તો મોત જ માગતો જણાય છે.'


બલવીર કહે, 'તથાસ્તુ. પ્રારબ્ધ મને જીવાડો કે મારો, મારાં સાહસની સિદ્ધિ થયા બાદ આશિષ મળો કે શાપ મળો, તેથી કાંઈ મારું કામ ઓછું ભારેહળવું થવાનું છે ? પણ જવા દો એ વાત. તમારા એ યમદૂતને છૂટો તો કરો જોઉં.' એકાએક કાળા ધુમાડાના થંભ જેવો સર્પ પાણીના રેલા માફક સામે ધસી આવ્યો. પછી તો એ સુનકારમાં બલવીરના ધડ ઉપર ભરડો લેતા સાપના સુસવાટ કરતા લસરકા જ માત્ર સંભળાયા. ફુંફવાટના ઝેરથી એનું સિંહચર્મ કાળુંમેશ પડી ગયું ને એની છાતી પર થઇ નાગની અણીદાર ફેણ એના મોં સામે મંડાઈ.

ભરડો ભીંસાતો જતો હતો. ઝેરની જ્વાળા કાઢતી જીભ લબકારા કરતી હતી. પણ એ તો છાતી કાઢી અક્કડ ઊભો હતો. અને પછી, દેવ જેવા બળથી, હાજાં ગગડાવી નાખે એવો તેણે એક ભયંકર હુંકાર કર્યો, અને એ નિનાદ ભેગા જ કડેડાટ સાપના મંકોડા તૂટી પડયા ને તે ઢગલો થઈ ભોંયે ઢળ્યો. આવેશથી હાંફતો બલવીર એના શબ તરફ જોતો ઊભો. પણ પલવારમાં ક્રોધ મારીને તે હસ્યો અને પેલાં સુવર્ણફળ લેવા ચાલ્યો. કન્યાઓ તો ચુપચાપ, ન હલી કે ન ચલી. બલવીરે હાથ ઊંચો કરીને પવનમાં નમતી ડાળ પકડી અને ત્રણે ફળો તોડી લીધાં.

પછી માથું ઉછાળીને કપાળ પરના વાળને પાછળ કરી તે બોલ્યો 'મધુરીઓ, આજ થકી મારી જિંદગી પર શાપ પડયો છે. મને મારા ભાવિનું ભાન થાય છે. પણ હું તો આ અલૌકિક સ્થળને આશિષ દઉં છું કે એ સમૃદ્ધ બનો. આ ભયંકર જનાવર મર્યું કે આ સુવર્ણફળ ગયાં તેથી અહીંની સ્થલશ્રી કંઈ ઓછી જ ઝાંખી પડી છે ? હજી યે તમે સૌ બહેનો સૂરજમુખી ફૂલો પર ફરફરતી દેવચકલીઓ જોવાની મજા લેશો. આજની યાદગીરીમાં આ મારો કમરબંધ સ્વીકારો. એ તમારું સુખ અને સૌંદર્ય જેમ સદા અખંડિત રહેશે. અને પછી, કોઈવાર જ્યારે તમે ફૂલકુંજમાં બેઠાંબેઠાં ભૂતકાળની વાતો માંડો ત્યારે દરિયાપારથી આવેલા જ્યૂપિટરના આ કુમારને યાદ કરવો ન ચૂકશો.'

માયા, આશા અને પ્રેમભરી સંભાળ માગતી હોય એવી દૃષ્ટિથી ત્રણે કન્યાઓ, કશા જ વિકાર વગર, એક પણ શબ્દ વગર, તેની સામે અનિમિષ જોઇ રહી. બલવીર તો સિંહચર્મમાં સુવર્ણફળ નાખીને ત્યાંથી ઊપડયો. પેલા બે ખાપરા-કોડિયાઓ કૌતુકભેર આ બધું જોઈ રહ્યા હતા, તે બલવીરને પાછો વળતો જોઈ ઊભી પૂંછડીએ ભાગ્યા અને પોતાના સાથીઓને મળી કહ્યું કે ફિકર ન કરો, (અનુ. પૃ. ૩૯ભી)

ધૂળમાંથી ધાન્ય નિપજાવવાનો ઈરાનમાંનો અખતરો







ઇરાન અને બ્રિટન વચ્ચે જે બાબતમાં હમણાં ઝગડો ઊભો થયો છે તે, આબાદાન ખાતેનું તેલક્ષેત્ર જમાવનારી ઍંગ્લો ઈરાનિયન તેલ કંપનીએ ત્યાં તેલનાં કારખાનાં ઉપરાંત એ વેરાન ભૂમિ વસવાટ યોગ્ય બનાવવામાં પણ અનેક સિદ્ધિઓ મેળવી છે. તેમાં ત્યાંની સમૃદ્ધ ખેતી એ મુખ્ય છે. એક વખતની ખારી દવ અને ઉજ્જડ જેવી તેની નકામી ભૂમિ જળસીંચાઇ ને ખેતીવાડીની અદ્યતન પદ્ધતિને પરિણામે આજે ધનધાન્યના કોઠાર સમી બની ગઇ છે. આબદાન ખાતેના આ નમૂનેદાર ખેતરમાં ઘઉં, બટાટા, ચોખા અને ઘાસચારા ઉપરાંત દૂધાળાં ઢોર તથા મરઘાં-બતકાં પણ ઉછેરવામાં આવે છે. પુષ્કળ દૂધ આપનારી ઇંગ્લંડની ગાયોને અહીં લાવી સિંદી જાતિના નરથી લીધેલી તેની ઓલાદ ઘી-દૂધના સ્વયં ભંડાર સમી બની રહે છે.

જમીનને ખેતી લાયક બનાવવા માટે પહેલાં તો ત્યાંના ઉજ્જડ ખારાપાટ ઉપર વારંવાર જલાગારોમાંથી પાણી વહેવડાવી વહેવડાવીને તેના પરનું ઊસ ધોઈ નાખવામાં આવેલું. (૧) ડાબી બાજુના મથાળાના ચિત્રમાં તે માટે બંધનું પાણી છોડાતું દર્શાવ્યું છે; પછી (૨) ખજૂરીની છાયાવાળા ભાગમાં ધરૂ કરીને ધાન્ય તથા શાકભાજીના નાના છોડ ઉછેરવામાં આવે છે તેનું દૃશ્ય છે. એ છોડ જામી ગયે ખેતરમાં લઈ જઈ રોપાય છે; (૩) ત્રીજા ચિત્રમાં ઢોરોનો સ્વચ્છ તબેલો ને ચોથામાં આધુનિક ખેતી માટેનાં ટ્રૅક્ટર બતાવ્યાં છે.

સ્વતંત્રભારતની નકામી પડેલી જમીનમાં આવા પ્રયોગો કરવા જોઇએ. બેકારો, ભિખારીઓ, આળસુ બાવા-સાધુઓ ને વર્ષોવર્ષ યુનિવર્સિટીઓમાંથી ધોધમાર નીકળતા ને નોકરી માટે ભટકતા વિદ્યાર્થીઓ રૂપે આપણું કેટલું માનવ-ધન એળે જાય છે? પણ કોઇને રચનાત્મક કામ સૂઝતું નથી.



અદ્‌ભુત અંક-યંત્ર

૧૨	૧૧	૮	૪૬	૪૭	૪૯	૨
૪૫	૨૦	૧૯	૩૫	૩૭	૧૪	૫
૪૪	૩૪	૨૬	૨૧	૨૮	૧૬	૬
૭	૧૭	૨૭	૨૫	૨૩	૩૩	૪૩
૯	૧૮	૨૨	૨૯	૨૪	૩૨	૪૧
૧૦	૩૬	૩૧	૧૫	૧૩	૩૦	૪૦
૪૮	૩૯	૪૨	૪	૩	૧	૩૮

આજુની આકૃતિમાં આપેલા 'અંક-યંત્ર'માં ગણિતની એક અદ્‌ભુત યોજના છે; તે ૪૯ ખંડવાળો ૭મા દરજ્જાનો યંત્ર ગણાય. એને ઊભી ને આડી બંને બાજુએ સાત-સાત હાર છે. ને એ દરેક હારમાં સાત સાત અંક છે. ખૂબી એ છે કે એ દરેક ઊભી હારમાં, દરેક આડી હારમાં, તેમજ કર્ણરેષાએ આવતી બંને ત્રાંસી હારમાં,–એમ સોળ હાર પૈકી એકેએક હારમાં આવેલા અંકનો સરવાળો ૧૭૫ થાય છે. એ સરવાળા-ના અંકમાં પણ એ ખૂબી છે કે સાત અંકનો એ સરવાળો ૨૫નો ૭ ગણો છે (૨૫×૭). વળી એ અદ્‌ભુત એટલા માટે છે કે એ ૪૯ ખાનાંમાં ૧થી ૪૯ સુધીનો એકેએક અંક ગોઠવાએલો છે.

એની વિશેષ અદ્‌ભુતતા તો હજી હવે આવે છે. એ યંત્રની અંદર ઘાટી લીટીથી બતાવેલાં બે નાનાં પેટા-યંત્રો છે. જેમાંનું છેક અંદરનું નાનું યંત્ર નવ ખંડવાળું ત્રીજા દરજ્જાનું છે, ને તેની બહારનું વચલું યંત્ર પચીસ ખંડવાળું પાંચમા દરજ્જાનું છે. તેની પણ દરેકની ઊભી, આડી અને કર્ણરેષાએ ત્રાંસી હારોનો સરવાળો અનુક્રમે, નાનાનો ૭૫ અને મોટાનો ૧૨૫ થાય છે. એ સરવાળા પણ અનુક્રમે ૨૫ના ત્રણ અને પાંચ ગણા છે (૨૫×૩=૭૫ અને ૨૫×૫=૧૨૫). એટલેકે છેક અંદરના નાના યંત્રની કોઇ પણ હારના ત્રણ અંકનો સરવાળો ૨૫ થી ૩ ગણો ૭૫ આવવાનો; વચલા મધ્યમ યંત્રમાંની કોઇ પણ હારના પાંચ અંકનો સરવાળો ૨૫ થી ૫ ગણો ૧૨૫ આવવાનો, અને સમગ્ર સાત અંકના યંત્રની કોઈ પણ હારના સાત અંકોનો સરવાળો ૨૫ થી ૭ ગણો ૧૭૫ આવવાનો.

હજી એક સવિશેષ ખૂબી એ છે કે છેક અંદરના નાના યંત્રમાં અનુક્રમે ૨૧ થી ૨૯ સુધીના ૯ અંક છે; વચલા યંત્રમાં અનુક્રમે ૧૩ થી ૩૭ સુધીના ૨૫ અંક છે, ને સમગ્ર યંત્રમાં ૧ થી ૪૯ સુધીના અંક છે.

આ યંત્રની ખૂબી ઉપર એક ગણિતી ગમ્મતનો દાખલો પણ યોજી શકાય. ધારો કે એક ગોવાળ પાસે ૪૯ સંજ્ઞાવાળી ૪૯ ગાયો છે. જેમાં ૧ નંબરની ગાય ૧ શેર દૂધ આપે છે, ૨ નંબરની ૨ શેર દૂધ આપે છે ૨૫ નંબરની ૨૫ શેર અને ૪૯ નંબરની ૪૯ શેર દૂધ આપે છે; એટલેકે જે નંબરની જે ગાય હોય તે નંબરની તેટલા શેર દૂધ આપે છે. હવે એ ગોવાળના સાત દીકરા વચ્ચે એ ૪૯ ગાય એવી રીતે સરખે ભાગે વહેંચી આપવી છે કે દરેક દીકરાને સાત સાત ગાય મળે અને એ સાતે ગાયમાંથી જે દૂધ મળે તે સૌને એક સરખું ૧૭૫ શેર મળે. તો તે કઇ રીતે વહેંચવી? આનો જવાબ આ યંત્ર-માંથી મળી રહે. એમાંની કોઈ પણ હારમાંના સાત અંકોવાળી ગાયો સાતેને વહેંચી આપવી.

—મૂળજી જેઠુ જોષી

ગ્રાહકો-વાચકોને


આ મે ય, 'કુમાર'ના લવાજમમાંથી અમે તેનું પૂરું ખર્ચ કાઢી શકતા ન હતા; છતાં આ વર્ષ પૂરતો તો તેના કાગળ વગેરેનો જથ્થો અમે જૂના ભાવે સંઘરી લીધો હતો, તેથી આ વર્ષ તો અમે ખેંચી કાઢ્યું. પરંતુ તે પછી આજે તો કાગળના ભાવ લગભગ બમણા થયા છે, અને શાહી તથા બ્લૉક વગેરેની સામગ્રીના ભાવ પણ ઘણા વધી ગયા છે. આ સંજોગોમાં આવતે વર્ષે 'કુમાર' કેમ ચલાવવું તે અમારી સતત ચિંતાનો વિષય છે. આ સંજોગોમાં અમને જે સૂઝે છે તે અમે આપની આગળ મૂકીએ છીએ, અને એમાં અમે આપ સહુની સહાય અને સલાહ માગીએ છીએ.

આવક વધારવાના સામાન્યતઃ બે માર્ગ હોય છે: લવાજમ વધારવું, યા ખર્ચ (પાનાં-ચિત્રોની સંખ્યા વગેરે) ઘટાડવું. ઘણાને પહેલું પસંદ નથી; ઘણાને બીજું. અમે એક નવો માર્ગ સૂચવીએ છીએ. અમને લાગ્યું છે કે ગ્રાહકોની સંખ્યા સારીપેઠે વધે તો પ્રાથમિક ખર્ચ વહેંચાઇ જઈને ખર્ચ પરવડાવી શકાય. તેને માટે ખુદ ગ્રાહકોના જ પ્રયત્નો જેટલું બીજું એકે સાધન (જાહેર ખબર સુદ્ધાં) કારગત નીવડતું નથી. એટલે અમે એમ સૂચવીએ છીએ કે ગ્રાહકો અમને દિલથી આ પ્રયત્નમાં સહાય કરે. એને માટે અમારી યોજના એ છે કે જે ગ્રાહક અમને બીજો એક વધારાનો નવો ગ્રાહક લાવી આપે તેને, તેમજ એ નવા લાવેલા ગ્રાહકને, 'કુમાર' તેના અત્યારના ચાલુ લવાજમમાં જ મળે; અને જેઓ તેમ ન લાવી શકે તેઓ આવતા વર્ષથી વધારેલું લવાજમ નવ રૂપિયા ભરે.

આ યોજના જો કારગત ન નીવડે તો અમને ભવિષ્ય બહુ ચિંતાભર્યું લાગે છે. હજી ત્રણ માસ બાકી છે, ત્યાં સુધીમાં નિર્ણય કરી લેવાનો છે. " 'કુમાર' સૌ માસિકોમાં અનન્ય છે, 'કુમારે' અમારું જીવન ઘડ્યું છે," એમ જુદીજુદી રીતે થોકબંધ વાચકો અમને પ્રશસ્તિપત્રો તો સતત લખ્યા જ કરે છે. એમની અને અમારી કસોટીનો હવે સમય આવ્યો છે. એ કાળે ગ્રાહકો પાછા નહિ પડે એવી અમે આશા રાખીએ?

સૌના ઉત્તરોની અપેક્ષા છે.

આકાશમાં તારા કેટલા? એ ગણી શકાય ખરા? એવી ગણત્રી કરવામાં આવી છે, કે કોઇ માણસ જો દુનિયાના એવા વિવિધ ભાગો ચૂંટી કાઢે કે જ્યાંથી વર્ષના જુદાજુદા વખતે આકાશ વધારેમાં વધારે ચોખ્ખું, નડતર વિનાનું અને ગણત્રીમાં વધારેમાં વધારે વિસ્તાર સમાવી શકાય એવું દેખાય, તો તે નરી આંખે (કોઇ પણ સાધનની મદદ વિના) કુલ ૬૦૦૦થી વધુ તારા ન ગણી (જોઈ) શકે. પણ સામાન્ય માણસ, જેને આટલી બધી સગવડ કે ફુરસદ ન હોય ને તે માત્ર ઉત્સાહ અને ચીવટથી ગણવા માંડે તો એકીસાથે ૨૦૦૦થી વધુ ન ગણી શકે. એક વાત ખ્યાલમાં રાખવી જોઇએ કે આપણે એકીસાથે અરધું આકાશ જ જોઈ શકીએ છીએ, અને પૃથ્વીની ઠેઠ નજીકના તારા તો, પૃથ્વીના ઘાટા વાતાવરણના પડને લીધે મુદ્દલ દેખાતા નથી. ૬૦ ઇંચ વ્યાસના મોટા દૂરબીનની સાથે કૅમેરા જોડીને પાડેલી છબિ ઉપરથી ૫,૫૦,૦૦,૦૦૦ (સાડા પાંચ કરોડ) તારા નોંધી શકાયા છે. વિદ્વાન ખગોળશાસ્ત્રીઓનો અંદાજ છે કે અવકાશમાં કુલ ૧,૫૦,૦૦,૦૦,૦૦૦ (દોઢ અબજ) તારાઓ અસ્તિત્વમાં છે.





જમણી બાજુ : શહીદોના સ્મરણમાં ઊભો કરેલો સ્તંભ; ઉપર : સ્તંભ પરની આડી તકતીમાં પોલીસના ગોળીબારના દૃશ્યનું અર્ધશિલ્પ
પ્રતિમા-શિલ્પી : કાન્તિલાલ પટેલ


અડાસના શહીદોનું સ્મારક

૧૯૪૨ની આઠમી ઑગસ્ટે ગાંધીજીએ મુંબાઇમાં 'હિન્દ છોડો'ની હાકલની સાથોસાથ દેશને 'કરેંગે યા મરેંગે'નો મંત્ર આપ્યો તે ઝીલી લઇને ૯મી ઑગસ્ટે, બધા નેતાઓની ધરપકડ બાદ, દેશે ૧૯૪૨ની જે યાદગાર લોકક્રાંતી સર્જી અને જેને પરિણામે હિન્દને સ્વરાજ આપવાનો અંગ્રેજોને નિરધાર કરવો પડ્યો એ ક્રાન્તિની જ્વાળાઓ દેશના ખૂણેખૂણામાં ભભૂકી ઊઠી, અને એમાં અસંખ્યાત અણપ્રીછયાઓએ પોતાની જાત હોમી દીધી.

ગુજરાતમાં એવી જે શહીદી થઇ તેમાં ૧૯૪૨ની ૧૮મી ઑગસ્ટે અડાસ સ્ટેશને થએલા ગોળીબારમાં પાંચ વિદ્યાર્થીઓનાં લેવાએલાં બલિદાનની કથા ગુજરાતને જાણીતી છે. સ્વાતંત્ર્યના પાયામાં પોતાનું નિર્દોષ લોહી પૂરનાર એ પાંચ શહીદોના સ્મરણમાં ખેડા જિલ્લાની પ્રાંતિક સમિતિએ રૂપિયા વીસ હજારના ખર્ચે અડાસમાં એક સ્મારક ઊભું કરીને ગઈ તા. ૧૮મી ઑગસ્ટે (૧૯૫૧) ખુલ્લું મૂક્યું. તેનું ઉદ્ઘાટન કરતાં ગુજરાતના મૂક લોકસેવક શ્રી રવિશંકર મહારાજે કહ્યું કે 'આ છોકરાઓ તો પાયામાં પુરાયા. સ્વરાજ્યનું મકાન થયા પછી તો તેના પર ગમે તેનાં નામ લખાશે, પણ આ છોકરાઓ તો અમર થઈ ગયા. એમનામાં જે શહીદી અને શિસ્તની ભાવના હતી તે હજી દેશનાં માણસોનાં મનમાં વસી નથી.' શ્રી બબલભાઈ મહેતાએ કહ્યું, 'આપણે આજે અહીં શહીદોનું સ્મરણ કર્યું. એ સ્મરણ કયું? પોલીસે ગોળી મારી તે? કે અહીં લોહી રેડાયું તે? એ ખરું સ્મરણ નથી. પણ હસતે મોંએ એમણે બલિદાનની જે ભાવનાથી અહીં પ્રાણત્યાગ કર્યા એ ભાવનાનું સ્મરણ રાખવાનું છે. કોઈ પણ પ્રજાના દિલમાં આવી ભાવનાની યાદ જલતી રહેવી જોઇએ. આ સ્મારકમાંથી આપણે એ ભાવના જ ઝીલવાની છે.'



વીસ ફૂટ ઊંચાઇના આ સ્મારક-સ્તંભના મથાળે, ચૈત્યના ઘાટના તકતીમાં લગભગ અઢી ફૂટની ગોળાઇમાં પૂ. ગાંધીજીનું ચિંતનશીલ મુખારવિંદ છે, જે લાલ પથરમાં કોરેલું છે. નીચે બારણા જેવા ઊભા ગાળાના મથાળે, ૩ ફૂટ×૧૧ ફૂટની એક આડી તકતીમાં ગોળીબારના દૃશ્યનું અર્ધશિલ્પ છે. આ બધાંનાં ચિત્રો આ લેખ સાથે આપ્યાં છે.



સ્થપતિ શ્રી નંદવાણાએ કરેલું
સ્મારક-સ્તંભનું આલેખન

આ સ્મારકના શિલ્પનિર્માણમાં કલાકાર શ્રી રવિશંકર રાવળ, સ્થપતિ શ્રી નંદવાણા, પ્રતિમાવિધાયક કલાકાર શ્રી કાન્તિલાલ પટેલ અને શિલ્પી શ્રી અમૃતલાલ સોમપુરાનો સંયુક્ત ઉપક્રમ હતો.

એક બાઇએ એક ભિખારીને ટાઢી, બગડી ગએલી દાળ ખાવા આપી. બીજા દિવસથી અનેક ભિખારીઓ દાળ માગવા તેને ત્યાં આવવા માંડ્યા. થોડા દિવસ બાદ પેલો પહેલો ભિખારી દેખાયો, એટલે બાઇએ એને પૂછ્યું, 'કેમ અલ્યા, મેં તને પેલે દિવસે દાળ આપ્યા પછી તેં રોજ તારા મિત્રોને કેમ મોકલવા શરૂ કર્યા?'

ભિખારીએ શાંતિથી કહ્યું, 'બહેન, એ મારા મિત્રો નહોતા, દુશ્મનો હતા.'

મિશેલ ફેરાડે(અનુસંધાન પૃ૦ ૨૯૪થી ચાલુ) જાન્યુઆરીમાં એણે રૉયલ ઈન્સ્ટીટ્યૂશનમાં પહેલું જ 'કૉસ્ટિક લાઇમ'ના પૃથક્કરણ પર જાહેર ભાષણ આપ્યું ને ડૉ. બેન્સ જોન્સના કહેવા મુજબ ત્યારથી લાગટ ૩૮ વર્ષ સુધી તેનાં ભાષણો એ સંસ્થાનો પ્રાણ બની રહ્યાં. એનાં લખાણો અને ભાષણો તે એવી તો વિશદ ને સચોટ ભાષામાં રજૂ કરતો કે વિજ્ઞાનનાં ગૂઢ રહસ્યો પણ સરળ બની જતાં.

વિદ્યુત પર પ્રયોગો કરતો ફેરાડે એના પ્રિય રસાયણશાસ્ત્રને યે ભૂલ્યો ન હતો. તેના એ અખતરા વણાટઉદ્યોગમાં તો મહત્ત્વપદે રહ્યા છે. લોખંડની મિશ્ર ધાતુઓ નિપજાવી એણે એ ઉદ્યોગની આબાદીનો યે પાયો નાખ્યો. વળી હવા પર જુદાજુદા પ્રકારના દાબ આપવાથી આવતાં પરિણામો યે એણે જાહેર કર્યાં, અને રસાયણશાસ્ત્રની આજની પ્રમાણિત પરિભાષા પણ એણે જ ઊભી કરી.

થોડો વખત પછી તો વિજ્ઞાનની અગ્રતમ સંસ્થા રૉયલ સોસાએટી સાથે તે પોતાની શોધો પરત્વે પત્રવ્યવહાર ચલાવવા લાગ્યો. હવે તો એ આખું વૈજ્ઞાનિક જગત ખળભળાવી રહ્યો હતો. પ્રયોગો જ એના જીવનનું નૂર બની રહ્યા હતા.

એ પ્રયોગક્રમમાં તેણે ક્લોરિન વાયુને પ્રવાહી રૂપે પણ મેળવ્યો એની વાત અજબ છે. એક વાંકી નળીમાં ક્લોરિન ને પાણી નાખી તેનું મોં બંધ કરી રાખેલું. થોડીવારે ડૉ. પૅરિસ તેને મળવા આવ્યા. એમની નજર પેલી નળી પર ગઈ ને તેમાં કંઈક તેલિયો પદાર્થ જોતાં એવી તેલવાળી શીશી વાપરવા માટે તેમણે ફેરાડેને ઠપકો આપ્યો. તેમના ગયા પછી ફેરાડેએ શીશીનું બંધ કરેલું મોં ખોલ્યું ને તરત જ વસ્તુસ્થિતિનો સ્ફોટ થયો. અંદરનો તેલ સરખો પદાર્થ ઊડી ગયો! એણે ફરી પાછો એ પ્રયોગ કરી જોયો ને એ જ પરિણામ આવ્યું. એણે ડૉ. પૅરિસને ચિઠ્ઠી લખી: 'કાલે આપે શીશીમાં જે જોએલું તે તેલ નહિ પણ પ્રવાહી ક્લોરિન હતું!' આ પરથી ફેરાડેએ બીજા વાયુરૂપ પદાર્થો પ્રવાહીરૂપે કેમ મેળવાય તેની આખી પ્રક્રિયા શોધી કાઢી!

ઈ. ૧૮૨૩માં ફેરાડેએ રૉયલ સોસાએટીના સભ્યપદની ઉમેદવારી કરી. સર ડેવીને, પોતાનો મદદનીશ આમ પોતાની હરોળમાં આવવા પ્રયાસ કરે એ ધૃષ્ટતા લાગી. પોતાને કીર્તિ અપાવનાર ખુદ 'સેફ્ટી લૅમ્પ' બાબતમાં પણ ફેરાડેએ આપેલી સૂચનાઓ તથા અન્ય અખતરાઓમાં તેણે કરેલી સહાય સર હમ્ફ્રી વિસરી ગયા. પણ ફેરાડે અણનમ હતો. તેણે ચોખ્ખું જણાવ્યું કે 'હું તમારો નોકર હતો તેની ના નહિ; પણ એક વૈજ્ઞાનિક તરીકે તો રૉયલ સોસાએટીનો સભ્ય થવાનો મને સંપૂર્ણ હક છે.'

અને બીજે વર્ષે, એકત્રીસ વર્ષની ઉંમરે, રૉયલ સોસાએટીનું સભ્યપદ તેને બક્ષવામાં આવ્યું ને તેની વળતી જ સાલે ત્યાંની પ્રયોગશાળાનો તે નિયામક બન્યો. હવે વીજળીના અખતરામાં તે વધુ ઊંડો ઊતર્યો. વિદ્યુત્પ્રવાહનું પરિબળ માપવાનું અચૂક યંત્ર એણે શોધી કાઢ્યું ને 'વૉલ્ટેક પાઈલ'ના નિર્માતા ઈટાલિયન વિજ્ઞાની વૉલ્ટા પરથી તેને 'વૉલ્ટામીટર' નામ આપ્યું.

હવે તેને એક જ સવાલ થતો: જો વીજળી લોહચુંબક બનાવે તો લોહચુંબકથી વીજળી શા માટે પેદા ન થાય? અને એ એના જ અખતરા પાછળ મંડ્યો. એક દિવસ તાંબાના તારમાં લોહચુંબક ધકેલી પાછું કાઢતાં ગૅલ્વૅનોમીટરનો કાંટો તેને હાલતો દેખાયો! ફરી ને ફરી વાર પ્રયોગ કરતાં તેણે વીજળીના તણખા પણ જોયા. એનો આનંદ હદ ઓળંગી ગયો. વીજળીની સૌથી મહત્ત્વની છતાં સૌથી ગૂઢ ગુરુચાવી તેણે મેળવી લીધી હતી. ચાલીસ વર્ષનો ફેરાડે ગાંડા જેવો બની પોતાનાં એ સાધનોની આસપાસ, પ્રયોગશાળામાં નાચી ઊઠ્યો!

એ શોધ તે આજના 'ડાયનેમો'ની શરૂઆત, જેમાં ચુંબકના બે છેડા વચ્ચે તારનાં ગૂંચળાં ફેરવવામાં આવે છે, ને તેમાંથી ઉદ્ભવતા પ્રવાહનું, ગરમી, પ્રકાશ કે શક્તિ, ચાહે તેમાં રૂપાંતર કરી શકાય છે! ભયંકર ને દુઃસાધ્ય ગણાતા, વીજળી જેવા બળને આમ ઔદ્યોગિક ને ઘરગથ્થુ કાર્યોમાં જોડનારી તેની શોધે વિજ્ઞાનમાં નવા યુગનો ઉદય પોકાર્યો. તે પછી એણે ઇલેક્ટ્રિક મોટર શોધી કાઢી—ડાયનેમોથી ઊલટી જ. ડાયનેમોમાં યંત્રશક્તિથી વીજળી પેદા થઇને કામ આપે છે, જ્યારે ઇલેક્ટ્રિક મોટરમાં વીજળીથી યંત્રશક્તિ પેદા થાય છે.

પછી તે ટેલીફોનનો જેના પર મુખ્ય મદાર છે તે ઇલેક્ટ્રો-મૅગ્નેટિક ઇંડક્શન તરફ વળ્યો. પણ સખત કામ કરીકરીને તેની તબિયત હવે લથડી હતી. રસાયણશાસ્ત્રના અખતરા પણ હજુ એણે છોડ્યા ન હતા, ને ડામરમાંથી બેન્ઝીન ખોળી કાઢ્યું હતું. ઘણી વખત તો ખાવા કે ઊંઘવાની પણ દરકાર તે ન કરતો. પણ હવે શરીર સાથે મનઃશક્તિ પણ કથળવા લાગી ને દીર્ઘોદ્યોગથી તેની સ્મરણશક્તિ ઘટવા લાગી. પરિણામે તેને ફરજિયાત નિવૃત્તિ લેવી પડી.

પણ ઇંગ્લંડ તેની કદર કર્યા સિવાય ન રહ્યું. ટેનિસનને ઓળખ્યા વગર જ પેન્શન અપાવનાર રૉબર્ટ પીલની મહેનતથી ફેરાડેને પણ વાર્ષિક ૩૦૦ પૌંડનું પેન્શન ને રહેવા માટે હૅમ્પટન કૉર્ટમાં નાનું ઘર આપવામાં આવ્યું, જ્યાં વિદ્યુત્યુગનો આ વિધાતા ઈ. ૧૮૩૭ના ઑગસ્ટની ૨૫મીએ ચિરશાંતિમાં પોઢ્યો.

એની ઉપકારક શોધોને લીધે જગતભરની વિદ્યાપીઠો ને રાજામહારાજાઓ ફેરાડે પર ઉપાધિઓ ને અકરામો વરસાવવા ઉદ્યુક્ત થએલા, પણ એ ભલા માણસે એ સઘળાનો ઈન્કાર કરી દીધેલો. એણે કહેલું, 'સાદા સીધા મિશેલ ફેરાડે તરીકે ઓળખાવાનું જ હું વધુ પસંદ કરું છું.' એને માત્ર એક જ બાબતની નિસ્બત હતી, ને તે વિજ્ઞાનની. સીધા સાદા રહેવા માટે તો રૉયલ સોસાએટીના ખાલી પડેલા પ્રમુખપદ માટે સોસાએટીની સમિતિએ સર્વાનુમતે તેને ચૂંટી કાઢ્યા છતાં એ મહાન દરજ્જાનો તેણે અસ્વીકાર કરેલો.

પોતે કરેલા બધા અખતરાઓની એણે નોંધ રાખેલી છે, જે હાલ બ્રિટિશ મ્યૂઝિયમમાં સંઘરાએલી છે. એમાં છેલ્લા અખતરાનો સંખ્યાંક ૧૬,૦૪૧ છે તે પરથી એના શ્રમનો સાચો ખ્યાલ આવશે! એ અખંડ કામગીરીમાંથી નીકળેલા નવનીતે દુનિયાને જે જ્ઞાન અને મિષ્ટ ફળ આપ્યાં છે તેને લીધે જગત આજે તેને 'પ્રયોગશાળાના ફિલ્સૂફ'ના બિરુદથી નવાજે છે. ઈ. ૧૮૩૨માં એણે રૉયલ સોસાએટીને સુપ્રત કરેલું સીલબંધ કવર થોડાં વર્ષ પર સર વિલિયમ બ્રૅગ ને સોસાયટીના બીજા ફેલોની રૂબરૂમાં ખોલવામાં આવ્યું હતું, તેમાં ચુંબક ને વિદ્યુતનું બળ આંદોલનો મારફત દૂર મોકલી શકાય એવું વિધાન હતું. એ વિધાન જો વહેલું પ્રસિદ્ધ થયું હોત તો ડેવિડ હ્યૂજિસ, હેન્રિક હર્ટ્ઝ કે માર્કોનીને બદલે એને જ કદાચ 'વાયરલેસના પિતા'નું બિરુદ મળ્યું હોત.

સફેદ વાળ, ભૂરી આંખો, માયાળુ ચહેરો ને વિનમ્ર રીતભાતવાળો ફેરાડે એના કાળનો સર્વોપરિ વિજ્ઞાની સ્થપાઇ ચૂક્યો. એની પ્રકૃતિ બહુ ઉગ્ર હતી, પણ એના દોસ્ત ટિન્ડૉલે લખ્યું છે તેમ 'એ પ્રકૃતિને વ્યર્થ આવેશમાં ન તણાવા દેતાં, ઊંચા પ્રકારના સંયમથી એ ઉગ્રતાને તેણે કેન્દ્રસ્થ કરી જીવનના પ્રેરક બળમાં પલટી નાખેલી.'

જગતને બીજા કોઈ પણ વિજ્ઞાની કરતાં વધુ સમૃદ્ધ બનાવવા છતાં જેના એકેએક કૃત્યમાં ને વક્તવ્યમાં બાળક જેટલી નમ્રતા ને નિખાલસતા નીતરતી એવો એ મહાપુરુષ, 'વિજ્ઞાની' જેટલો જ 'મનુષ્ય' તરીકે પણ અમર જ રહ્યો છે.

વાચકો લખે છે...



કાગળો હલકા છે


'કુમાર'ની વિવિધ સમૃદ્ધિથી અમને સંતોષ છે. પણ એક બાબત વિષે આપનું ધ્યાન ખેંચવાની રજા લઉં છું. કેટલીકવાર મુખ્ય પ્રથમ પૃષ્ઠની પાછળ જ મુખ્ય ત્રિરંગી ચિત્ર આવે છે તે ગમતુ નથી. એ ચિત્રની પ્લેટ જુદી જ જોઇએ. 'કુમાર'માં વપરાતા કાગળો ઊતરતી પંક્તિના લાગે છે. 'કુમાર'ની ફાઈલ અમારા માટે હમેશનું ઘરેણું છે. તેથી ઘણાં વર્ષો એ સચવાય અને વંચાય તે માટે સારા કાગળોનો ઉપયોગ આપે કરવો જોઇએ. 'કુમાર'ને ખોટ આવતી હોય તો લવાજમ વધારીને પણ ઊંચા પ્રકારના કાગળો આપ વાપરો એવી વિનતિ છે.

(મટવાડ) —લલ્લુભાઈ પટેલ

*અત્યારે વપરાતા કાગળ તો અમારી જૂની ખરીદના છે (એટલે સસ્તા છે). છતાં 'કુમાર'નાં ચિત્રો તથા બીજાં ખર્ચને અંગે ચાલુ લવાજમમાંયે 'કુમાર' અમને પરવડતું નથી. ત્યારે હવે તો કાગળના ભાવ લગભગ બમણા થઇ ગયા છે. આ સ્થિતિમાં આવતે વર્ષે શું કરવું તે ચિંતાનો વિષય છે. લવાજમ વધારવામાં બધા જ ગ્રાહકો સંમત થશે?

દેશદર્શન

આપના પત્રમિત્ર વિભાગમાં અને ટિકિટ તથા અન્ય વિરલ સંગ્રહ અંગેનાં લખાણોમાં દેશવિદેશના લોકો, તેમના પોષાક, શોખ, અને રાષ્ટ્રપ્રતીકો વિષે વાંચુ છું. એવી જ કાંઈક વસ્તુ વિષે ઉલ્લેખ કરવાના હેતુથી આ પત્ર લખું છું. અહીં મિશનરીઓ મારફત ચાલતી એક પુસ્તકવિક્રેતા સંસ્થા છે. એ સંસ્થાએ 'ઍર મેઇલ' પત્રો પર, નીચે આપ્યું છે તેવાં તથા બીજાં, યુગાન્ડાના લોકો, તેમનો પોષાક, ધંધો, વનસ્પતિ અને ટૂંકમાં અહીંના લોકોનું સમગ્ર જીવન રજૂ કરતાં ચિત્રો છપાવ્યાં છે. હિંદુસ્તાનના પ્રાંતપ્રાંતના લોકો, પ્રાણીઓ, ધનધાન્ય,




સ્ટૂલ પર ચડી પોપૈયાં પાડતાં બાળકો. પોપૈયાં એ અહીંની મબલખ પેદાશ છે. ઘણા ગુજરાતીઓ તેનું વાવેતર કરી તેમાંથી પેપીન કાઢી વિદેશ મોકલે છે. દોઢ આનામાં તો અહીં ત્રણથી ચાર શેર પોપૈયું મળે.

જોવાલાયક સ્થળોથી અંકિત થએલ આવા 'ઍર મેઈલ' પત્રો દીવાળીના શુભ સંદેશ અર્થે તૈયાર કરાવવાની કુમાર પહેલ કરશે એ જ આશા.

(કમ્પાલા) —'અજ્ઞાત'

દક્ષિણ ભારતની રંગોળીઓ

ગયે વર્ષે દક્ષિણ ભારતમાં–મદ્રાસ, મદુરા, કાલીકટ વગેરે સ્થળે જતાં ત્યાંની વિશિષ્ટ પ્રકારની રંગોળીઓ જોઇને હું મુગ્ધ થયો હતો અને મળી શકે તેટલી વિવિધ આકૃતિઓનો મેં ત્યાં જ સંગ્રહ કરી



લીધો હતો. તેમાંની કેટલીક, જે સપ્રમાણ શોભનગૂંથણી અને સંયોજનાચિત્રોના સુંદર નમુનારૂપ છે તે, 'કુમાર'નાં છેલ્લા અંકમાં એ વિષય ઉપર પ્રકટ થએલા લેખો અને ચિત્રો જોયા પછી એના અનુસંધાનમાં આ સાથે આપને મોકલું છું. (એ ચિત્ર ઉપર આપ્યું છે.)

(ઝરિયા) —પુરુષોત્તમ સંઘવી

ધર્મ વિષે જ્ઞાન

જ્યારેજ્યારે મારે ખ્રિસ્તી, મુસ્લિમ કે પારસી મિત્રો સાથે ધર્મની બાબતમાં ચર્ચા થાય છે ત્યારેત્યારે હિન્દુ ધર્મના સંપૂર્ણ જ્ઞાનને અભાવે મૂંગા બેસવું પડે છે. મને ખબર છે ત્યાં સુધી આ સ્થિતિ દરેક કુમાર, કુમારી કે યુવાનની છે. માબાપ હિન્દુ હોવાને કારણે જ, પોતે 'હિન્દુ' છે એમ માનતા ને મનાવતા કેટલા યે હિન્દુઓ નજરે પડે છે. જ્યાં વડીલો ને શિક્ષકોની જ આ સ્થિતિ છે ત્યાં અમારું શું? 'શું અમારો ધર્મ એટલે કલ્પનારંગી પૌરાણિક વાતો? કે વેદો? કે ઉપનિષદો? કે ગીતા? કે...આ બધાં જ? કે...આમાંનું કશું નહિ? એનો સાર શો? ઉપલાં પુસ્તકોનું હિન્દુ ધર્મમાં મહત્ત્વ શું? એનો ફાળો શો? એના મુળભૂત સિદ્ધાંતો શા શા? એના પ્રમાણે માનવી જીવનનું ધ્યેય શું?' આ અને આવા અનેક પ્રશ્નોની પરંપરા અમને મૂંઝવી રહે છે. શાળાની કે બીજી કોઈ લાયબ્રેરી આ જિજ્ઞાસા સંતોષવા સમર્થ નથી ને 'અમારો ધર્મ જ શ્રેષ્ઠ' એવા કંઇક અંશે ધર્માંધ ને એકપક્ષી શુષ્ક માસિકો કંટાળો ઉપજાવે છે. શું આપ 'કુમાર'માં ધર્મનો સમગ્ર ખ્યાલ આપતી, સાથેસાથે વર્તમાનકાળમાં તેને મૂલવતી અને તેનાં સારાંનરસાં બંને તત્ત્વોનો ખ્યાલ આપતી એક લેખમાળા ન ચાલુ કરી શકો? આવતી કાલનાં ગુજરાતી નાગરિકોને શું ધર્મનું શિક્ષણ જરૂરી નથી?—જો નથી તો શાળા કે કૉલેજોમાં અપાતું કે નથી તો ખ્રિસ્તીઓની જેમ મંદિરોમાં સાંપડતું. લેખમાળા આપી આપ ગુજરાતને ને 'કુમારો'ને ઋણી ન બનાવો?—'* * *'

ટપાલના ઊંદરડા

'કુમાર'નું (ટપાલમાં ગુમ થવું) તો ગજબ છે. અમારી ડાક પોસ્ટ બૉક્સમાં આવે છે. ખાસ માણસ બૅગ લઇને જાય છે તે મારી હાજરીમાં ખોલે છે. પછી જ તે ડિસ્ટ્રીબ્યૂટ થાય. એટલે મારી નજરચૂકથી જવું મુશ્કેલ છે. મારા બેટા રેલવેમાં ઓછા કૌભાંડગીરો નથી. મને યાદ છે, પંદર વરસ પહેલાં, એક મારી પોતાની જાણના મિત્રનો કિસ્સો: યુનિવર્સિટી ઇલેકશન ચાલતું હતું...ને મારીને મારા દોસ્ત ત્યારે પહેલા આવેલા. એણે પોસ્ટલ વાનના બે માણસો સાધેલા. જેટલા યુનિવર્સિટીમાંથી વોટિંગ પેપર પોસ્ટ થાય તે દરરોજ એ ઝડપી લે. અને મારા મિત્રને આપે. એ એમાં પોતાના નામનો એકડો કરી ભરી મોકલાવે. એમ પાંચ હજારમાંથી અઢી હજાર બોગસ મતો મેળવેલા! પંદર વરસ પહેલાં આ 'પ્રામાણિકતા' હતી, તો આજે તો દસ ગણી હોય જ ને? બળ્યો આપણો અવતાર! —ન. લ. તા.

● ટપાલના આ ઉંદરડાથી અમે તો ખરેખર વાજ આવી ગયા છીએ. સ્વાતંત્ર્ય દિનનો, દીવાળીનો, કે એવો કોઈ જરા સારો અંક નીકળે છે કે તરત જ તે નહિ મળ્યાની-ટપાલમાં ગુમ થયાની ઢગલાબંધ ફરિયાદો અમને મળે છે. અનેકવાર અમે એને વિષે લખ્યું છે, પણ બેકાર. હવે તો એ લોકો પર લ્યાનત કઈ રીતે વરસાવવી તે ય સૂઝતું નથી. ઉપરના પત્રલેખક સાથે અમે પણ એટલું જ કહીએ છીએ કે 'બળ્યો આપણો અવતાર!'

મહાવીર જયંતી

એપ્રિલ અંકમાં 'માસમાસના તહેવારો—મહાવીરજયંતી' અંગે જે વૃત્તાન્ત આપ્યો છે, એ માટે આભાર વ્યક્ત કરતાં જણાવવાનું કે એમાં નીચે મુજબ સ્ખલનાઓ રહેલી છે તે સુધારી લેવા કૃપા કરશો. એમનાં માતા લિચ્છવી રાજા કટકના નહિ પણ ચેટકનાં બહેન હતાં. પાર્શ્વનાથના પંથમાં દાખલ થવાપણું તીર્થંકરને હોતું નથી; તેમનાં માતાપિતા પાર્શ્વનાથના ઉપાસકોમાં ગણાય જ્યારે તીર્થંકર તો દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ ધ્યાનમાં રાખી શાસન પ્રવર્તાવે છે. લાટ દેશ (ગુજરાત) લખ્યો છે તે ભૂલ છે. એવા કપરા ઉપસર્ગની ભૂમિ તો બંગાળમાં આવેલ રાઢ ભૂમિ છે. ઉમેરો 'અપરિગ્રહવ્રત'નો નહિ પણ 'બ્રહ્મચર્યવ્રત'નો કર્યો. શ્રી પાર્શ્વનાથના ચતુર્યામમાં અહિંસા, સત્ય, અસ્તેય અને અપરિગ્રહ હતાં. પરિગ્રહમાં સ્ત્રીસમાગમનો સમાવેશ કરાતો. તેમણે સકારણ એ વ્રતને જુદું પાડી પાંચ મહાવ્રત ઉપદેશ્યાં. ચાળીસ નહિ પણ ૪૨મા વર્ષે, ને ત્રીસ વર્ષ પર્યંત ચાલુ રાખ્યું. જૈન ધર્મનો પ્રચાર અશોકપુત્ર કુણાલ અને તેના પુત્ર સંપ્રતિએ કર્યો છે.

(મુંબાઇ) —મોહનલાલ ચોકસી

આપણો રાષ્ટ્રધ્વજ

અગસ્તકે 'કુમાર'મેં 'આપણો રાષ્ટ્રધ્વજ' શિર્ષક લેખ દેખા. ઉસમેં નયે ઝંડે કા સન ૧૯૩૩ દિયા હુવા હૈ, જો ગલત હૈ. વાસ્તવમેં સન ૧૯૩૧ હૈ. તા. ૬, ૭, ઓર ૮ અગસ્ત ૧૯૩૧ કી મહાસમિતિ (બમ્બઇ) કી બૈઠકમેં—જિનકે અધ્યક્ષ સરદાર પટેલ થે—યહ ઝંડા સ્વીકાર હુવા. પ્રસ્તાવ નિમ્ન પ્રકાર હૈ: 'રાષ્ટ્રીય ઝંડા તીન રંગકા ઔર પહેલે કી તરહ લમ્બાઈચોડાઈમેં સમાન્તર હોગા; લેકિન ઉસકે રંગ ક્રમશઃ ઉપરસે નીચે કેસરિયા, સફેદ ઔર હરા હોંગે સફેદ પટ્ટેકે કેન્દ્રમેં ગહરે નીલે રંગકા ચર્ખા હોગા. રંગ ગુણોંકે, ન કિ જાતિયોંકે સૂચક હૈં. કેસરિયા રંગ સાહસ ઔર બલિદાનકા, સફેદ રંગ શાંતિ ઔર સત્યકા, હરા રંગ શ્રદ્ધા ઔર વીરતાકા એવં ચર્ખા જનતાકી આશાકા પ્રતિનિધિ હોગા. ઝંડેકી લમ્બાઈ-ચોડાઈ કા અનુમાન ૩:૨ હોગા.' યહ ઝંડા સર્વ પ્રથમ નિદેશમેં મહાત્મા ગાંધીજીકો માનપત્ર દેતે સમય અદનકે રેસિડેન્ટકી આજ્ઞા સે સભામેં લહરાયા ગયા થા.

(હૈદરાબાદ દખ્ખણ) —ત્ર્યંબક આ. ઓઝા

એક નવો વ્યવસાય

છેલ્લા દોઢ વર્ષથી હું એક પ્રવર્તક પુસ્તકાલય ચલાવું છું. આટલા ટૂંકા સમયમાં અમારા આ પુસ્તકાલયમાં ૩૦૦ ચાલુ સભ્યો છે. સભ્યોની ક્રમાંક સંખ્યા અત્યારે ૭૨૫ની છે, જેમાંથી ૪૨૫ ભાઈબહેનો અવારનવાર બંધ થતાં ચાલુ સભ્યોની સંખ્યા ૩૦૦ની રહે છે.

પુસ્તકો ઘેર બેઠાં પહોંચાડવાની અમારી યોજનામાં અત્યારે ૩૫ સભ્યો છે. હું પોતે જાતે જ સૌને ઘેર સવારના ફાજલ વખતમાં જઈ પુસ્તકો પહોંચાડવાનું કામ કરું છું. એટલે વધુ સભ્યો હવે લેવાનું બંધ કર્યું છે. માસિક રૂા. ૩)ના લવાજમને હિસાબે આ રીતે ૩૫ સભ્યોના ૧૦૫ રૂપિયા સવારે એકથી બે કલાક કામ કરવાના મળે છે.

આ રીતે ૩૦૦ સભ્યોના રૂા. ૪૫૦ અને બીજા રૂા. ૧૦૦ હોમ ડીલીવરીના મળી રૂા. ૫૫૦ની આવકમાંથી માસિક ખર્ચ રૂા. ૮૦ દુકાનભાડાના. રૂા. ૭૦ મૅગૅઝીનોના ખર્ચના, એક બહેન પુસ્તકાલયમાં મદદનીશ તરીકે કામ કરે છે તેમના મહેનતાણાના રૂા. ૫૦ અને પુસ્તકો રીપેર તથા સ્ટેશનરી વગેરેનો ખર્ચ રૂા. ૫૦, આમ રૂા. ૨૫૦નો ખર્ચ બાદ કરતાં રૂા. ૩૦૦ની માસિક આવક થાય છે. અમારા પુસ્તકાલયની અત્યારે મુંબાઈમાં એક સારામાં સારા ધંધાદારી પુસ્તકાલયમાં ગણના થાય છે. આટલા મામૂલી લવાજમમાં આટલું સાહિત્ય અત્યારે જનતાને બીજે ક્યાંય મળતું નથી.

આ પુસ્તકાલયમાં મૂડીનું રોકાણ કુલ રૂા ૩૦૦૦ અત્યાર સુધીમાં થયું છે. આજના મોંઘવારીના અને મુશ્કેલીના સમયમાં અત્યારે આટલી ટૂંકી મૂડીમાં રૂા. ૩૦૦ની આવકનો બીજો વ્યવસાય—અને તે પણ સાંગોપાંગ પ્રામાણિક વ્યવસાય કદાચ નહિ જડે. આમાં પણ ત્રણસો સભ્યોના રૂા. ૧૫૦૦ ડીપોઝીટના બાદ જતાં મૂડીનું રોકાણ તો ફક્ત ૧૫૦૦ જેટલું જ થયું છે.

અત્યારના ભયંકર બેકારીના સમયમાં જ્યારે માણસો સવારથી સાંજ સુધી રૂા. ૧૦૦-૧૫૦માં ગમે તેવી નોકરી મેળવવા તનતોડ પ્રયત્નો કરે છે, અને તે પણ નથી મેળવી શકતા ત્યારે આપણા શિક્ષિત ભાઈબહેનો આવા વ્યવસાયને અપનાવે એ આશાએ આ યોજનાને જનતાની સમક્ષ મૂકવા માટે આપને અરજ છે. 'કુમાર' મારફત આપ આજના યુવકોને અનેક રીતે માર્ગદર્શન કરી રહ્યા છો. જો આ યોજનાની વાસ્તવિકતા આપને ગળે ઊતરે તો જરૂર તે જનતા સમક્ષ મૂકશો. આમાં જેટલી વિગતો આપને લખી છે તે તદ્દન જાત અનુભવની અને તદ્દન શક્ય છે. ખેદની વાત તો એ છે કે પુસ્તકોની હોમ ડીલીવરી જેવા કામને હજી આપણો યુવાનવર્ગ શરમની વાત માને છે અને તેમાં પોતાની માનહાની સમજે છે.

(ભારત સ્ટોર્સ, ૨૧, હાર્વે રોડ, ગામદેવી, મુંબાઇ ૭) —રસિક ઝવેરી

રાષ્ટ્રગીતનાં કાર્ડ

પૂ. બાપુજી તથા નરસિંહ મહેતાનાં તમારાં પોસ્ટકાર્ડો, જેના ઉપર 'વૈષ્ણવજન'ની કવિતા લખી છે તે મને બહુ ગમ્યાં છે. વૈષ્ણવજનની માફક બેઉ રાષ્ટ્રીય ગીતોનાં પોસ્ટકાર્ડ આપ છપાવો તો જરૂર મારા જેવા કુમારોને બહુ ગમશે. મારી સૂચના આપને યોગ્ય લાગે તો રીપબ્લીક દિવસ (૨૬-૧-૫૨) પહેલાં છપાઈ જાય તો ઠીક.●

(મુંબાઈ) —ધૈર્યસિંહ વિજયસિંહ મરચંદ

●અમારી એ યોજના છે જ. રાષ્ટ્રીય ગીત ઉપરાંત સ્વરાજ સંકલ્પનાં પણ છપાશે. યથાસમય.

ટિકિટસંગ્રહ.

માહિતી આપતો વિભાગ



ઑસ્ટ્રેલિયાના આદીવાસીના ચિત્રવાળી ગયા વરસે બહાર પડેલી તપખીરીઆ રંગની નવી ટિકિટ (મૂળ કરતાં જરા મોટી) એનો પરિચય આલેખમાં વાંચો.

ટપાલની ટિકિટો ઉપર જે અસંખ્યાત વિષયોનાં ચિત્રો આવે છે તેમાં જ્ઞાન-વિજ્ઞાનનાં અનેક ક્ષેત્રો આવી જાય છે, અને કેટલીક વાર તો એ ચિત્રો જોવાથી જ ઘણાંને જ્ઞાનની એકાદ નવી શાખામાં પ્રવેશ મળી જાય છે તેમજ તેમાં વિશેષ અભ્યાસ કરવાની જિજ્ઞાસા પણ જાગે છે. એવો એક વિષય તે પુરાતત્ત્વશાસ્ત્ર. બીજા વિષયોને મુકાબલે જોકે પ્રમાણમાં એ વિષય ટિકિટો ઉપર ઓછો આલેખાય છે, છતાં જે કંઈ આવે છે તે રસ-પ્રેરક હોય છે.

ગઈ તા. ૧૩મી જાન્યુઆરીએ ભારતના સરકારી ભૂસ્તરસંશોધન ખાતા (જીઑલૉજિકલ સર્વે ઑાવ ઈન્ડિયા)ની સ્થાપનાને ૧૦૦ વર્ષ પૂરાં થયાં તેની શતાબ્દી-ઊજવણી નિમિત્તે હિંદના ટપાલખાતાએ એક ખાસ ટિકિટ કાઢી હતી. ઘેરા ગુલાબી રંગની કિનાર તથા લખાણની વચ્ચે કાળી શાહીથી છાપેલી આકૃતિવાળી બે આનાની એ ટિકિટ ઉપર સ્ટેગોડન ગણેશ (Stegodon ganesa) નામનાં, આમેહૂબ હાથીને



મળતાં, બે વિરાટકાય પ્રાણીનું આલેખન હતું. એ ચિત્ર પાછળ આજથી કરોડેક વરસ પહેલાંના હિંદના પુરા-કાળનું એક નાનું રસમય પ્રકરણ રહેલું હોવાથી આ સાથે તેનું મોટું કરેલું ચિત્ર ફરી આપ્યું છે.

ભારતવર્ષના ભૂતળ-સંશોધનનું જે ઉમદા કાર્ય હિંદના એ ભૂસ્તર-ખાતાએ છેલ્લાં સો વર્ષમાં કર્યું છે તે દરમ્યાન જ આ પ્રાણીનાં હાડકાં (અસ્થિ-અવશેષ) હિમાલયના શિવાલિક પર્વતમાળાઓના પ્રદેશમાંથી ખોદકામ કરતાં મળી આવેલાં. કલકત્તાના ઇંડિયન મ્યૂઝિયમમાં તે આજે સંઘરાએલાં છે અને આ ચિત્ર તે પરથી તૈયાર કરવામાં આવેલું છે. આજથી દોઢ કરોડ વરસ પર 'ઉત્તર પ્લીઓસીન યુગ' નામનો કાળ જ્યારે હિંદમાં પ્રવર્તતો હતો ત્યારે, હાથીને મળતા આ રાક્ષસી પ્રાણીઓ (સ્ટેગોડન ગણેશ), વનશ્રીથી ભરચક આપણાં ગાઢાં જંગલોમાં વસતાં હતાં. સ્ટેગોડેન નામના વિરાટકાય સૂંઢાળા એ પ્રાણીના નામને, હિંદના સૂંઢવાળા દેવ ગણેશની સંજ્ઞા લગાડીને એ શાસ્ત્રીય નામ પાડવામાં આવ્યું છે. એની આકૃતિ જોકે આજના હાથીને મળતી છે, પરંતુ આજના બધા ગજ-વંશના એ આદિ વડવા તો આજના હાથી કરતાં ક્યાં યે ગંજાવર કદના હતા. તેનો ખ્યાલ એટલા ઉપરથી આવશે કે તેના દંતૂશળ દસદસ ફૂટ લાંબા હતા ને તેના મૂળમાં તેનો વ્યાસ બે ફૂટ કરતાં પણ વધુ હતો એટલી તો તેની જાડાઇ હતી! આ દેશ પર બરફનાં તોફાનોનો મોટો પ્રલય આવ્યો તે જે હિમયુગ બેઠો તેમાં એ જાત નાશ પામી. જે પ્રદેશના ભૂસ્તરના ખોદકામમાંથી એ અસ્થિ મળી આવેલા તે ઉપરથી એ પ્રદેશની ઉમર નક્કી થાય છે, તથા આજનાં જનાવરો વગેરેની જાતિઓનાં પ્રાચીન સ્વરૂપ કેવાં હતાં તે વગેરેનો નિર્ણય પણ થઈ શકે છે.

પ્રાચીન વિદ્યાઓ દાખવતો એવો જ એક બીજો વિષય માનવવંશ-શાસ્ત્ર છે. ઑસ્ટ્રેલિયાએ થોડા સમય ઉપર બહાર પાડેલી ટિકિટનું જે ચિત્ર આ પાનાને મથાળે આપ્યું છે તેમાં દર્શાવેલું ચિત્ર એ વિષયને લગતું છે. દુનિયાનો પાંચમો ખંડ ગણાતા એ દેશમાં ગોરાઓએ થોડા સૈકાઓ ઉપર વસાહત કરી તે અગાઉ ત્યાં જે આદિ જાતિ વસતી હતી તેના સાઠેક હજાર વતનીઓ હજી આજે પણ એ પ્રદેશમાં વસે છે. (ગોરાઓની વસતિ આજે ત્યાં ૭૯,૦૦,૦૦૦ની છે.)

ઑસ્ટ્રેલિયાના ઉત્તર ને પશ્ચિમ ભાગમાં ભટકતા ફરતા એ આદિવાસીઓ વનવિદ્યાના અઠંગ જાણકાર ને કાબેલ શિકારીઓ છે. તેઓ નથી ખેડતા જમીન કે નથી પાળતા ઢોર; તેમ ગોરાઓ સાથે વેપાર પણ નથી કરતા. માત્ર જંગલમાં વન્ય પ્રાણીઓની જેમ ફરતા ફરે છે.

પ્રાણીઓનાં ચામડાં વડે તેઓ અંગ ઢાંકે છે; બૂમરૅંગ અથવા પત્થર કે શીંગડાની ફરસી જેવાં સાદાં હથિયારો વડે શિકાર કરીને ખાઈ લે છે; લાકડીના બે ટુકડા ઘસીને અગ્નિ ચેતાવી લે છે; ધારદાર પથ્થરની કુહાડીઓ વડે જરૂરજોગાં લાકડાં ફાડી લે છે, અને અણિયાળા પથ્થરની છરીઓ કે ભાલોડાં વડે માછલાં પકડી ખાય છે. બહુ બહુ તો ઘાસ ને કાદવની ઊભી કરેલી ઝૂંપડીમાં પડ્યા રહે છે. ઉપરની ટિકિટમાં એવા આદિવાસીઓના એક દાઢીવાળા નાયકનું ચિત્ર છે. ચામડાની વાધરી (પટ્ટી) વડે તેના માથાના વાળ પાછળ વાળી રાખેલા છે. સાડા આઠ પેન્સની એ ટિકિટનો રંગ તપખીરિયો છે.



છેલ્લા એકાદ વર્ષથી યુદ્ધને ચકડોળે ચડેલા કોરિયાની ટિકિટો





તને તો માનવી, આખું પૃથ્વીક્ષેત્ર ગજ્યું હતું
ચાહવા; પણ આ હૈયું નાનું, ત્યાં શું કરે ય તું!
અહો, વસ્તીતણી બ્હાર કશી રમ્ય હતી પૃથા!
આકાશ સિંધુના જેવી નીલિમાવતી ને બૃહત્!
કશી માનવીએ એને કદરૂપ કરી મૂકી!
અરે માનવીનું બીજા માનવી સંગ વર્તન
(સંસ્કૃતિ) કશું ગર્હ્યં દીસે! દીસે થયો માનવી રાક્ષસ! --ફશાનસ્

શ્રી સજ્જનસિંહ રાણા

એમનું નામ પહેલવહેલું જાણ્યું 'હાજીમહમ્મદ-સ્મારક-ગ્રંથ'ના સંપાદન વખતે. એ ગ્રંથમાં આપેલા સ્વ. 'કલાપી'ના પત્રોની હાથપ્રથ અમને મળી તે મોકલનારે અમને એવું કહ્યાનું યાદ છે કે એ પત્રો શ્રી રાણા ઉપર લખાએલા હતા. ત્યાર પછી તો શ્યામજી કૃષ્ણ વર્મા વિષે વાંચવામાં આવતાં,એમના સાથી તરીકે એમને જાણ્યા. સ્વરાજ્યનું સ્વપ્ન પહેલવહેલું જોનાર ઉગ્ર ને આદર્શવાદી જે હિંદીવાનોએ ક્રાંતિનો માર્ગ આજથી દશકાઓ પહેલાં ગ્રહણ કર્યો તે પૈકીના એક શ્રી રાણા, વર્ષોના વિદેશવાસ પછી, ૮૧ વર્ષની જઈફ વયે ગયે વર્ષે સ્વદેશ પાછા ફર્યા છે, અને સ્વજનો સાથે, પોતાના વતન લીંબડી (સૌરાષ્ટ્ર)માં રહે છે. માતૃભૂમિથી લગભગ અરધી સદી સુધી વિખૂટા રહેલા એ દેશભક્તનો પરિચય અંગ્રેજી સામાયિકો પરથી શ્રી છોટાલાલ મા. કામદારે તૈયાર કરેલી રેખા, અહીં તારવીએ છીએ.

આજથી ત્રેપન વર્ષ પર ૧૮૯૮માં તેમણે હિંદ છોડયું અને ઈંગ્લંડમાં બૅરિસ્ટર થઇ પારીસમાં ઝવેરાતનું કામકાજ શરૂ કર્યું. ૧૯૦૫માં તેઓ જાણીતા ક્રાંતિકારી પંડિત શ્યામજી કૃષ્ણ વર્માના સંસર્ગમાં આવ્યા. શ્યામજી વર્માએ તે વર્ષે લંડનમાં 'ઇન્ડિયા હાઉસ', 'ઇન્ડિયન હોમરૂલ લીગ' તથા ક્રાંતિકારી પત્ર 'ધી ઇન્ડિયન સોશિયૉલૉજિસ્ટ'ની શરૂઆત કરી હતી, અને એ કાળે થોડો સમય તો શ્રી રાણા એમના જમણા હાથ હતા. ૧૯૦૬માં વીર સાવરકરે લંડન જઈ ત્યાં સ્થાપેલા ક્રાંતિકારી 'અભિનવ ભારત' મંડળમાં પણ તે જોડાયા.

૧૯૦૮માં ૧૦મી મેના દિવસે આ યુવાન રાષ્ટ્રવાદીઓએ બ્રિટનમાં હિંદી રાષ્ટ્રીય સ્વાતંત્ર્યયુદ્ધની–૧૮૫૭ના બળવાની–સંવત્સરી ઊજવી. બ્રિટનના શાહીવાદીઓ ૧૮૫૭ના કહેવાતા 'સિપાઈ બળવા' ઉપરના પોતાના વિજયની ઊજવણી કરવાના હતા, તેના પ્રતિપગલાં તરીકે આ ઊજવણી નક્કી કરવામાં આવેલી. વીર સાવરકરે ૧૮૫૭ના સ્વાતંત્ર્ય યુદ્ધનું એમનું જાણીતું પુસ્તક પણ આ જ સમયે તૈયાર કર્યું.

પારીસમાંથી શ્રી રાણા પણ 'ભારતમાં બ્રિટિશ શાસનનાં અનિષ્ટો' વિષે ફ્રાન્સનાં રાજદ્વારી સામાયિકોમાં લેખો લખતા હતા. એમણે જ ૧૯૦૫ની ૫મી મેએ હિંદમાંના બ્રિટિશ અમલ સામે વિરોધ ઉઠાવવા માટે વિદેશવાસી હિંદી રાજદ્વારીઓની પહેલી સભા બોલાવી હતી. બારીસાલનાં સરઘસના મોખરે રાષ્ટ્રીય ગીત ગાવા માટે સુરેન્દ્રનાથ બૅનરજીની ધરપકડ કરવાના બ્રિટિશ સરકારના કાર્યના વિરોધમાં એ સભા યોજેલી.

૧૯૧૦ના જૂનમાં વીર સાવરકરને ફ્રેંચ ભૂમિ પરથી પકડીને બ્રિટિશ પોલીસને સોંપી દેવામાં આવ્યા ત્યારે શ્રી રાણાના સ્વદેશાભિમાનની કસોટી થઇ. શ્યામજી, રાણા તથા માદામ કામાએ, એ ધરપકડને 'આંતરરાષ્ટ્રીય કલંક' તરીકે તથા આશ્રયના હક્કના ઉલ્લંઘન તરીકે વખોડી કાઢવા માટે ફ્રેંચ સમાજવાદી આગેવાનોને સજાગ કર્યા અને હેગની આંતરરાષ્ટ્રીય અદાલત પાસે આ કિસ્સો લઈ જવામાં પણ તેઓ ફળીભૂત થયા. પણ નિર્ણય અસ્પષ્ટ આવ્યો, કે સાવરકરની ધરપકડ થઇ ગએલી હોવાથી તથા હિંદની અદાલતમાં તેની તપાસ થઇ ગએલી હોવાથી હવે વચ્ચે પડવાનું કશું કારણ નહોતું.

૧૯૧૪–૧૮નું વિશ્વયુદ્ધ શરૂ થતાં શ્રી રાણા જેવા માણસને છૂટા કોણ રહેવા દે? ફ્રેંચ સરકારે એમને માર્ટિનિક ટાપુ પર દેશનિકાલ કર્યા. એમનાં જર્મન પત્ની તથા પુત્ર રણજીત

આસમાસનાં પંખી [૩૯]

પીહો



ઊડીને આંખે વળગે તેવા સફેદ ને રતાશપડતા ઘેરા બદામી રંગનું, અતિ મોટા પગ ને દાતરડા જેવી પૂછડીવાળું આ વિશિષ્ટ પંખી, પ્રજનન સિવાયના કાળે તો સોસોની સંખ્યામાં ફરે છે. પૂછડી બાદ કરતાં તેતર જેવડું તેનું કદ. દેખાવે નરમાદા સરખાં જ, પણ માદા સહેજ મોટી લાગે. કમળ કે શીંગોડાના વેલા જેવી તરતી વનસ્પતિઓથી ભરચક્ક ઝીલતળાવમાં રહે; પણ ક્યારેક ઉનાળે પાણી સુકાઈ જતાં સ્થળાંતર કરી જાય.

ઉનાળો આવતાં તેની ભભક ખીલી નીકળે છે: માથું ને ગરદનનો આગલો ભાગ સફેદ થઇ, ડોક પર બંને બાજુ આંખ પાસેથી છેક છાતી સુધી એક કાળી લીટી ખેંચાય છે. ગરદન પાછલે ભાગે સોનેરી પીળી, ને પાંખના હેઠલા ભાગ સિવાય આખું શરીર રાતી ઝાંયવાળું ચમકદાર તપખીરી થઈ જાય છે. પૂછડી પણ એ જ રંગની, પણ કંઇક વધુ ઘેરી લાગે છે. આંખની કીકી પીળી ને ચાંચ આસમાની.

પાંખના વળાંક પરનાં ખૂબ મજબૂત પીછાંથી તે લડતમાં પોતાનો બચાવ કરતાં ફટકા મારી શકે છે. વિચિત્ર લાગતા તેના પગનાં અતિ મોટાં આંગળાં આખા શરીરનું વજન એવી અજબ રીતે ઝીલી લે છે કે પાણી પર તરતાં મોટાં પાંદડાં કે વેલા પર તે નીરાંતે ઊભું રહી શકે છે, તેમજ પાણીમાં જરા યે ખળભળાટ થવા દીધા સિવાય વેલા-પાંદડાં પર તે સહેલાઈથી દોડયું જાય છે! ઝીણાં જીવડાં ને કૂંળી વનસ્પતિ તેનો આહાર.

વર્ષાઋતુમાં પાણીકાંઠાના ઘાસઝાડ વચ્ચે બરૂ જેવી વનસ્પતિનાં થર કરીને, કે સૂકા ઘાસવેલાનો તરાપો બનાવીને, ને ક્યારેક તો વળી કમળના એકાદ પાંદડા પર જ, કંઇ પણ ડાબાડૂબી વિનાનાં લીલાશપડતા બદામી રંગનાં ચાર ચળકતાં ઇંડા તે મૂકે છે, ને માદા એકલી જાતેની સંભાળ લે છે.

પણ તેમની સાથે જ એ ટાપુમાં ગયાં, પરંતુ કમનસીબે બન્ને ત્યાં મૃત્યુ પામ્યાં ને ભારે હૈયે શ્રી રાણા એનો આઘાત ત્યાં વેઠી રહ્યા.

યુદ્ધ પૂરું થયા બાદ ૧૯૨૦માં તેઓ પારીસ પાછા ફર્યા. શ્યામજી વર્મા તે વખતે જીનિવામાં નિવૃત્તિમય જીવન ગાળતા હતા, પણ તેમની સાથે રાજકીય મતભેદો પડતાં લાંબા વખત સુધી તેઓ એકબીજાને મળ્યા નહિ. ૧૯૩૦માં શ્યામજી વર્માનું અવસાન થતાં શ્રી રાણા જીનિવા ગયા અને તેમનાં નિઃસંતાન પત્ની ભાનુમતી વર્માને, તેમના પતિની અંતિમ ઇચ્છાઓ પૂરી કરવામાં મદદ કરી. બીજે વર્ષે ભાનુમતીનું પણ અવસાન થયે તે પોતાની મિલ્કતના ટ્રસ્ટી તરીકે શ્રી રાણાની જ નિમણૂક કરી ગયાં.

શ્રી રાણાએ શ્યામજી વર્માના બધા ખતપત્રો સાચવી રાખ્યા હતા. શ્રી ઇન્દુલાલ યાજ્ઞિક જ્યારે પારીસ ગયા ત્યારે એમણે તે કાગળો તેમને સોંપી દીધા. એ બધી મૂળ નોંધ પરથી શ્રી યાજ્ઞિકે સ્વ. શ્યામજી કૃષ્ણ વર્માનું ચરિત્ર તૈયાર કર્યું (જેનો સારભાગ 'કુમાર'ના અંકોમાં આવી ગયો.) પણ એ વખતે એ જીવન ચરિત્ર પ્રકટ કરી શકાય તેમ ન હતું. એટલે તે વખતે તે આ નોંધો ગુપ્તરીતે હિંદ મોકલવામાં આવી. તેમાંની ઘણી તો વીર સાવરકરના ચરિત્રલેખકને પણ ઉપયોગી થઇ પડી.

એમ જણાય છે કે શ્રી રાણા ૧૯૦૮માં હિંદ આવીને થોડો સમય રહ્યા હતા. પણ હંમેશ માટે ફ્રાન્સ છોડતાં પહેલાં તેમને ફરી વખત ત્યાં જવું પડ્યું હતું. તેમનો ઇરાદો તો વહેલા સ્વદેશ પાછા આવી જવાનો હતો; પણ તેની તૈયારી કરી ત્યાં બીજું વિશ્વયુદ્ધ ફાટી નીકળતાં એમને ત્યાં રોકાઈ જવું પડ્યું. આખરે તે ગયે વર્ષે હિંદ આવ્યા. આવ્યા તે વખતે તેમની તબિયત બરાબર નહોતી, પણ સૌરાષ્ટ્રની હવાએ તેમના આરોગ્યમાં થોડો ફાયદો કર્યો છે.

૮૧ વર્ષની વયના શ્રી રાણાની છેલ્લી ઇચ્છા પોતાને જીવનનાં જે વર્ષો મળે તે દરમિયાન સ્મરણોની નોંધ કરવાની છે. આધુનિક હિંદના રાજકીય ઇતિહાસના અભ્યાસીઓને તે બહુ કીમતી નીવડશે.


જે સૌરાષ્ટ્રે આપણને મહર્ષિ દયાનંદ તથા મહાત્મા ગાંધીજી આપ્યા તે જ સૌરાષ્ટ્રના શ્યામજી વર્મા તથા શ્રી રાણા સુપુત્રો છે.

કપડાં બાફવા માટેનું ઘરગથ્થુ સાધન

મોટીમોટી મિલોમાં કપડાં બાફવા માટે રખાતાં બોઇલિંગ કીઅરના સિદ્ધાંત પર જ રચાએલું આ નાનકડું સાધન ઘેરબેઠાં નજીવી કિંમતે તૈયાર કરી શકાય છે.

પતરાનો-ગ્યાસતેલનો એક ખાલી ડબ્બો લો, અને તેનું ઉપલું ઢાંકણ કાપી નાખો. પછી એ ડબાના જ ગાળાના માપનાં બે જાડાં પતરાં લો. તેમાંનાં એકમાં બરોબર વચ્ચે દોઢેક ઇંચ પહોળું એક કાણું પાડી, બાકીના ભાગમાં છુટાંછવાયાં પાથી અરધા ઇંચનાં નાનાં કાણાં પાડી લો. હવે બીજા પતરામાં પણ એ જ રીતે ચોમેર નાનાં અને વચ્ચોવચ એક મોટું કાણું કરો, પણ તે એકાદ ઇંચનું રાખો. તે કાણામાં એવડા જ ગાળાની લોખંડની નળી બેસાડી તેને રેણ કરી લો. પછી એની બીજી બાજુએ દોઢ-બે ઇંચ ઊંચો કાણાંવાળો એક કાંઠલો પણ રેણ કરી લો. પહેલી આકૃતિમાં આ બધું દર્શાવ્યું છે.

હવે પેલા ડબ્બામાં ચારેક શેર ગરમ પાણી નાખી, તેમાં નવટાંક ધોવાનો સોડા અને નવટાંક-પાશેર સાબુનો ભૂકો નાખી, તેમાં આપણે બનાવેલું પેલું સાધન બેસાડી દો (જુઓ વચલી આકૃતિ). પછી ધોવાનાં કપડાંને સાધારણ ગરમ પાણીમાં નિચોવી, પેલા



ડબ્બામાં, પતરા ઉપર ને ભૂંગળીની આસપાસ ગોઠવી દઈ, તેના પર પેલું દોઢ ઇંચ કાણાવાળું પતરું બેસાડી દો તથા ઉપર કાંઈક વજન મૂકો, અને ડબ્બાને પછી અગ્નિ પર મૂકો. વીસપચીસ મિનિટ સુધી ઊકળ્યા બાદ અંદર ઉત્પન્ન થએલી વરાળના જોરે સાબુનું પાણી ઊભરાઈને પેલી નળી મારફત ઉપર આવશે, અને મથાળાના પતરાનાં કાણાંઓમાં થઇને કપડાંમાં ઊતરી, ફરી પાછું નીચે જશે. આકૃતિ ત્રીજીમાં આ ક્રિયા દર્શાવી છે.

આ સાધન વાપરવાથી સાબુ-સોડા, મહેનત અને વખતનો બચાવ થાય છે. સાબુના પાણીનો પ્રવાહ મેલાં કપડાંમાં થઇને સતત વહેતો રહેવાથી કપડાં વધુ સ્વચ્છ થાય છે. વળી, નીચેનો કાંઠલો કપડાંને ડબ્બાના તળિયાથી અદ્ધર રાખતો હોઈ કપડાંમાં દાઝ પડવાનો ભય રહેતો નથી.

—દુષ્યંત વી. મજમુદાર

શરદ ઋતુ

વર્ષાઋતુ પૂરી થઇ છે, ને આકાશના રંગો બદલાય છે. બેત્રણ દિવસ પર જ તા. ૧૩મી સપ્ટેમ્બરે સૂર્ય ઉત્તરા ફાલ્ગુની નક્ષત્રમાં પ્રવેશ કરે છે અને શરદ ઋતુની શરૂઆત થાય છે. એમાં બપોરનો સખત તાપ સીધો મગજ પર અસર કરીને અસહ્ય ઉકળાટ કરે છે. શરદનો તાપ ઉનાળાના તાપ કરતાં ભયાનક છે અને શરીરીના દોષોને વધુ પ્રકોપ આપે છે. ભાદરવાના તાપ તથા પિત્તપ્રકોપ કરનારા ખોરાકોથી શરદઋતુમાં અનેક વ્યાધિનાં મૂળ નંખાય છે. આથી જ શરદઋતુ કોઈ પણ રોગ વગર પાર કરવી એ સદ્‌ભાગ્ય ગણાય છે, અને કેટલી શરદઋતુ આપણે જીવ્યા એ આંકડો મહત્ત્વનો ગણાય છે. આશીર્વચનમાં પણ તેથી જ કહ્યું છે કે જીવેમ શરદઃ શતમ. આ ઋતુમાં પ્રકોપ પામતું પિત્ત કઈ વસ્તુ છે તેને સમજવાની જરૂર છે.

શરીરનું સંચાલન ને બંધારણ ત્રણ ધાતુ (વાયુ, પિત્ત અને કફ) ઉપર અવલંબિત છે. એ ધાતુઓ સમ અવસ્થામાં હોય છે ત્યારે તે 'ધાતુ' કહેવાય છે, અને દૂષિત થતાં એ 'દોષ' ગણાય છે. પિત્ત શરદઋતુમાં વિકૃત થાય છે. તેના કારણ રૂપ આહાર-વિહાર હોય છે.

ભાદરવાના તાપથી, ક્રોધ કે શોક કરવાથી, ભયથી, પરિશ્રમ, ઉપવાસ અધિક મૈથુન ને અધિક ઘોડેસવારીથી, ઉઘાડે માથે ફરવાથી, ચોમાસુ શાક (ભીંડાં, તૂરિયાં, ગલકાં, કાકડી, ચીભડાં વગેરે) બેફામપણે ખાવાથી, તેમજ મૂળા, દહીં ને ખાટી છાશ ખાવાથી, રાતનો ઉજાગરો કરવાથી; અતિશય ખાટા ને તીખા પદાર્થો ખાવાથી, દહીંવડાં અને ભેળ જેવા પદાર્થો ખાવાથી તેમજ ઉઘાડા પગે બપોરે ધીકતી પૃથ્વી ઉપર ચાલવાથી પિત્તપ્રકોપ થાય છે. વળી ભૂખ અને તરસ રોકી રાખવાથી પણ પિત્તપ્રકોપ થાય છે.

પ્રકોપ પામેલા પિત્તવાળાના લોહીમાં મૅલેરિયાના મચ્છરના દંશ તાવ ઉત્પન્ન કરવામાં કામયાબ નીવડે છે. એટલે મૅલેરિયાને અટકા-

વવા માટે મચ્છરથી બચવા કરતાં પિત્તપ્રકોપ જ ન થવા પામે તેની કાળજી રાખવી વિશેષ જરૂરી છે, જેથી મચ્છર કરડવા છતાં પણ આવા જીવનતત્ત્વથી બળવાન શરીરવાળાને તાવ આવી શકતો નથી.
(ગુજરાત સમાચાર) —વૈદ્ય જાદવજી નરભેરામ શાસ્ત્રી

શ્રી ૧૧ અને ૯૦૭૪।।

લિપિમાં આવતા લગભગ સમાન આકૃતિના અક્ષરોને લીધે કેટલાયે શબ્દોની લખાવટોમાં ફરક પડી ગએલા લાગે છે. દાખલા તરીકે આપણા ચોપડા, પત્રો વગેરે પ્રાચીન લેખનમાં આરંભમાં શ્રી ૧૧, તથા ૯૦૭૪।।ના આંકડા માંડવાની જે રીત છે, અને જેને માટે વિલક્ષણ દંતકથાઓ પણ રજૂ કરવામાં આવે છે, તેમાં મને ભાસે છે કે શ્રી ૧૧ નહીં પણ શ્રીશ (=શ્રીપતિ) છે. ૧૧ના જેવો લખાતો 'શ' હિન્દી મરોડમાં ઘણો સામાન્ય છે. 'શ'ને હિન્દી મરોડમાં લખતાં તેના ઉપરથી ૧૧ જેવી જ આકૃતિ મોટે ભાગે બને છે. પછી તો, આમ, એક વખત 'શ'ને '૧૧'ની કિંમત મળી, એટલે તે પછી શ્રી ૫ થી શ્રી ૧૦૦૮ સુધીના ખેતાબો થઇ ગયા હોય! ૯૦૭૪।। પણ વસ્તુતઃ ઓમ અથવા ૐમાનું વિકૃત રૂપ હોવા સંભવ છે. ૐ માંથી શરૂઆતનાં ત્રણ મીંડાં ને ૭ બન્યા અને 'મ' માંથી ૪। બન્યા. છેલ્લો કાનો તે આકારવાચક નહિ પણ પૂર્ણવિરામ વાચક હોય.

અલબત્ત આ બધી કલ્પનાઓ છે, પણ પ્રાચીન ગ્રંથોના શોધકો શબ્દોને આ દૃષ્ટિએ તપાસી ઘણા શબ્દો પર અજવાળું પાડી શકે.
(શિક્ષણ અને સાહિત્ય) —કિશોરલાલ ઘ. મશરૂવાળા

કાચ-કેન્દ્ર

અમેરિકામાં ન્યૂયૉર્ક રાજ્યના કૉર્નિંગ શહેરમાં 'કૉર્નિંગ ગ્લાસ વર્ક્સ' નામના કાચના કારખાનાએ હમણાં પોતાની શતાબ્દી ઊજવી તે પ્રસંગે તેણે એક નવું 'કાચ કેન્દ્ર' ખોલ્યું છે. એમાં કાચને લગતાં પુસ્તકોનો સંપૂર્ણ સંગ્રહ, કાચ-ઉદ્યોગના ઈતિહાસનાં તમામ ક્ષેત્રોને આવરી લેતા નમૂનાઓ ને કાચના એક કારખાનાનો સમાવેશ થાય છે. એ બે માળનું મકાન ૧ લાખથી વધુ ચોરસ ફૂટ જમીન રોકે છે.

વેપાર-ઉદ્યોગની વસ્તુઓની માત્ર વૈજ્ઞાનિક જ નહિ પણ કલાત્મક, ઐતિહાસિક અને સાંસ્કૃતિક બાજુઓ વિષેનાં નિરીક્ષણ પણ સંશોધનમાં ગણવાં જોઇએ એવા ખ્યાલમાંથી આ યોજનાનો જન્મ થયો. ને પરિણામે માનવ જીવનમાં અત્યંત પ્રાચીન પદાર્થ ગણાતા કાચમાં કૉર્નિંગ કેન્દ્રે માનવસંસ્કૃતિના સારા યે ઇતિહાસનું પ્રતિબિંબ ઝીલ્યું છે. જાહેર જનતા માટે પણ ખુલ્લું આ કેન્દ્ર વૈજ્ઞાનિકો, વિદ્યાર્થીઓ, ઇતિહાસવેત્તાઓ, સંશોધકો, કલાકારો તથા ઉત્પાદક ઇજનેરો માટે તો અત્યંત મૂલ્યવાન અભ્યાસકેન્દ્ર બન્યું છે. તેનું પુસ્તકાલય કાચના વિષય પર સંપૂર્ણ મનાય છે. એનો ઉદ્દેશ દુનિયાના કોઈ પણ ભાગમાં, એ વિષય પર પ્રગટ થતું કોઈપણ ભાષા કે લિપિમાં લખાએલું સાહિત્ય એકઠું કરવાનો છે. કેટલાંક તો એકદમ મૂળભૂત દુર્લભ પુસ્તકો છે.

કેન્દ્રના સંગ્રહસ્થાનમાં કાચ-બનાવટની કલાના ઉગમસ્થાનથી તે અત્યાર સુધીનો વિકાસક્રમ રજૂ કરવામાં આવ્યો છે. એમાંના બે નમૂના વિકાસનું જૂનામાં જૂનું ને આજનું સર્વોચ્ચ શિખર બતાવે છે: એમાં એક છે એક નાના નાજુક ઇજિપ્શીઅન વાસણનો અને બીજો છે લગભગ ૧૭ ફૂટ વ્યાસની ૨૦ ટન વજનવાળી. ટેલિસ્કોપની તક્તી. ઇતિહાસના પ્રારંભમાં બનાવાએલા ઇજિપ્તના એ નાનકડા સુશોભિત વાસણથી માંડીને નવી દુનિયા શોધવાની સંભાવના ધરાવતા આધુનિક વિજ્ઞાનની મોટામાં મોટી સિદ્ધિ સમા ટેલિસ્કોપ યંત્ર સુધીના એ બે નમૂનાઓ વચ્ચે કાચ બનાવટનો ૩૫૦૦ વરસનો સિલસિલાબંધ ઇતિહાસ યોજાયો છે. તેમાં માણસે બનાવેલી તરેહતરેહની વસ્તુઓ ઉપરાંત કારીગીરી, કુશળતા, રંગ અને સુશોભનોની વિવિધતા પણ જોવા મળે છે. એમાં ઇજિપ્શીઅન કાચ, નજીક પૂર્વના ફીનીશિયા, સિરિયા, ઈરાન તથા મેસિડોનિયાના નમૂના, પ્રાચીન કાળના યહૂદી ને ખ્રિસ્તી લોકોની બનાવટો છે. વેનેશિયન કારીગરોની કાચકલાના વિજયયુગના નમૂનાઓ, તેમજ ચમકતી રંગપૂર્ણ, ડચ અને જર્મન કાચ-બનાવટોની કૃતિઓ પણ છે. કેટલાક નમૂનાઓ તો સર્વશ્રેષ્ઠ અને અજોડ છે.

તેમાં બિન્દુની કોતરણી કરવામાં અત્યંત કુશળ. રૉટરડામના ફ્રાન્ઝ ગ્રીનવૂડ નામના કલાસ્વામીએ ૧૭૪૬માં બનાવેલો એક સુશોભિત પ્યાલો અને ૧૮મી સદીમાં ચીનમાં બનાવેલો એક સુંદર નમૂનો છે. અહીંનો ચીની નમૂનાઓનો સંગ્રહ તો કદાચ દુનિયામાં શ્રેષ્ઠ છે.

કાચને માનવ સંસ્કૃતિના સૌથી પ્રથમ ઉદ્યોગ તરીકે માનવામાં આવે છે અને જીવનના દરેક ક્ષેત્રમાં તેનો ઉપયોગ થાય છે. માણસે આ વસ્તુના કરેલા અનેકવિધ ઉપયોગોને આ સંગ્રહસ્થાનમાં રજૂ કરવામાં આવ્યો છે. યુફ્રેટિસની ખીણમાં હજારો વરસ પહેલાં વપરાતા સાદામાં સાદા પાણી પીવાના પ્યાલાથી માંડી આજની તદ્દન અદ્યતન વૈજ્ઞાનિક બનાવટોનો એમાં સંગ્રહ છે.

સંગ્રહસ્થાનના વિજ્ઞાન ખંડમાં આધુનિક કાચ-બનાવટની ટેકનિકલ બાજુ રજૂ કરવામાં આવી છે. કૉર્નિંગના કાચના કારખાનાએ પોતે જ કાચ બનાવવા માટે ૫૦ હજાર કરતાંય વધુ જુદીજુદી 'ફૉર્મ્યુલા' શોધી કાઢી છે અને તે દરેક 'ફૉર્મ્યુલા'ના વિશિષ્ટ ગુણો છે. તે બધી અહીં દર્શાવી છે. અને આધુનિક માનવ જીવનમાં કાચ કેટલો મહત્ત્વનો ભાગ ભજવે છે તે વિજ્ઞાન, સંશોધન, દવાશાસ્ત્ર અને ઉદ્યોગોમાં થતા એના ઉપયોગના નમૂના પરથી દર્શાવવામાં આવ્યું છે. વળી ભવિષ્યનો કાચ કેવો હશે એ બતાવતી પ્રયોગશાળાની નવી શોધો પણ અહીં છે. એમાં છબી ગ્રહી લેતો અને વીજળીનું વહન કરતો કાચ પણ છે.

વળી આ કેન્દ્રમાં સંશોધન માટેની સગવડો અને કારખાનાં ઉપરાંત વ્યાખ્યાનખંડો, અભ્યાસખંડો અને શહેરી જનતા તથા પેઢીનાં માણસો માટે ૨૦૦૦ને સમાવી શકે એવડું એક સભાગૃહ પણ છે. કાચ-ઉદ્યોગની ઐતિહાસિક, કલાત્મક ને વૈજ્ઞાનિક બાજુ દર્શાવતું દુનિયાઆખીમાં અનન્ય આ કાચકેન્દ્ર, પ્રાચીન છતાં અર્વાચીન એવા આ કાચના ઉદ્યોગમાં રહેલું માનવજાતનું મહાનભાવિ રજૂ કરે છે.

યાંત્રિક ગણિતી

માન્ચેસ્ટરમાં એક અદ્‌ભુત યંત્ર શોધાયું છે. એક સામાન્ય માણસ જે ગણિતકામ આખી જિંદગી પણ ન કરી શકે તે કામ આ યંત્ર માત્ર એક દિવસમાં જ કરી શકે છે, અને તે પણ ભૂલચૂક વગર! આ યંત્રની ઝડપનું એક જ ઉદાહરણ લઇએ: 'સરવાળો' એ શબ્દનો ઉચ્ચાર કરીએ તેટલા સમયમાં તો આ યંત્ર ૫૦૦ આંકડાઓનો સરવાળો પદ્ કરતાંક તૈયાર કરી નાખે છે! આ ઉપરાંત તેની એક વિશિષ્ટતા એ છે કે ગણિતકાર્યના ગમે તે તબક્કે તે પોતાની ભૂલ સુધારીને આગળ વધી શકે છે. એટલે કે માનવીની ગણતરીમાં ક્યાંક સરતચૂકથી ભૂલ રહી જવા પામે, પરંતુ આ યંત્રમાં તે અંગેની લવલેશ બીતિ રહેતી નથી. ઔદ્યોગિક ક્ષેત્ર ઉપરાંત ખગોળશાસ્ત્ર, પદાર્થવિજ્ઞાન અને ઈજનેરી વિદ્યા જેવા વિષયો માટે પણ તે અમૂલ્ય બની રહેશે.

ભારતમાં બાળવીરો કેટલા?

દુનિયાભરમાં બાળવીરોની કુલ સંખ્યા ૫,૦૦૦,૦૦૦ ઉપરાંત હોવાનો અંદાજ છે. તેમાં અમેરિકામાં ૨૭,૯૫,૨૨૨, બ્રિટનમાં (સંસ્થાનો સહિત) ૬,૮૫,૯૫૧ ને ભારતમાં ૪,૯૧,૫૪૫ બાળવીરો છે. આ રીતે બાળવીરોની આલમમાં ભારતનું ત્રીજું સ્થાન છે.

આ માસ (સપ્ટેમ્બર) ઈતિહાસમાં : દિનવિશેષ · વ્યક્તિવિશેષ · પ્રસંગવિશેષ

દિનવિશેષ

તા. ૨ પોર્ટુગીઝ ગવર્નર આલ્બુકર્કે તિરુમમ્પુરમાં હિંદમાં સૌપ્રથમ કારખાનું સ્થાપ્યું, ૧૫૦૩.
તા. ૩ બ્રિટન અને ફ્રાન્સે જર્મની સામે બીજું મહાયુદ્ધ જાહેર કર્યું, ૧૯૩૯.
તા. ૪ કૉંગ્રેસે પહેલવહેલો અસહકારનો ઠરાવ કર્યો, ૧૯૨૦.
તા. ૫ ભારતના શ્રેષ્ઠ ને જગત્ખ્યાત તત્ત્વજ્ઞ સર સર્વપલ્લી રાધાકૃષ્ણનનો જન્મ, ૧૮૮૮.
તા. ૯ હિંદી વિપ્લવવાદી યતીન્દ્ર મુકરજીને કટકની હૉસ્પિતાલમાં ફાંસી, ૧૯૧૫.
તા. ૧૧ અંગ્રેજ સર્જિત ભેદનીતિના ફળરૂપ મુંબાઈમાં પહેલું હિન્દુ-મુસ્લિમ હુલ્લડ, ૧૮૮૩.
તા. ૧૨ શિકાગોની સર્વધર્મપરિષદમાં સ્વામી વિવેકાનંદનું પહેલું યાદગાર ભાષણ, ૧૮૯૩.
તા. ૧૪ ચેકોસ્લોવાકિયાના તારણહાર અને પહેલા પ્રમુખ મસારિકનું અવસાન, ૧૯૩૭.
તા. ૧૫ હિટલરે સ્વસ્તિકને જર્મનીના રાષ્ટ્રચિહ્ન તરીકે સ્વીકાર્યો, ૧૯૩૫.
તા. ૧૬ શોધસફરી ડેવિડ લિવિંગ્સ્ટને વિક્ટોરિયા ન્યાંઝા સરોવર શોધી કાઢ્યું, ૧૮૫૯.
તા. ૧૯ હિંદ પર ચડાઈ કરવા નીકળેલા તૈમુરે અટક આગળ સિંધુ નદી ઓળંગી, ૧૩૯૮.
તા. ૧૮ કોમી દાવાનળની શાંતિ માટે ગાંધીજીના ૨૧ દિવસના પહેલા ઉપવાસ, ૧૯૨૪.
તા. ૨૨ ભારતના વિચક્ષણ મુત્સદી ને રાજદ્વારી પુરુષ વિઠ્ઠલભાઇ પટેલનું અવસાન, ૧૯૩૩.
તા. ૨૫ શોધસફરી વાસ્કો નુમેઝ બાલ્બોઆએ પાસિફિક મહાસાગર શોધ્યો, ૧૫૧૩.
તા. ૨૬ નાગપુર વિદ્યાપીઠે કૉલેજવિદ્યાર્થી માટે લશ્કરી તાલીમ ફરજિયાત કરી, ૧૯૪૭.
તા. ૩૦ બિયાસ, સતલજ ને રાવીના પૂરથી પંજાબના ૧ લાખ ચોરસ માઈલ પર પૂર, ૧૯૪૭.

આ માસની વ્યક્તિવિશેષ : સર એમ. વિશ્વેશ્વરય્યા



હિંદના આર્થિકનવનિર્માણ માટે 'શક્તિ, પ્રગતિ, સમૃદ્ધિ'નો મંત્ર આપનાર આધુનિકઆર્ષદ્રષ્ટા, ઔદ્યોગિક અર્થશાસ્ત્રી ને પ્રતિભાવાન ઇજનેર, સર મોક્ષગુંડમ્ વિશ્વેશ્વરય્યાનો જન્મ મ્હૈસુરના ચિકબલ્લપુર ગામડામાં ઈ. ૧૮૬૧ની ૧૫મી સપ્ટેમ્બરે અત્યંત ગરીબ કુટુંબમાં થએલો. પ્રારંભિક શિક્ષણ કોલરમાં લઇ બૅંગલોરની સેન્ટ્રલ કૉલેજમાંથી ૧૮૮૧માં બી.એ. અને પૂનાની એન્જિનીઅરિંગ કૉલેજમાંથી એલ.સી.ઇ.ની પરીક્ષા પ્રથમ નંબરે પાસ કરી. આ ઉજ્જ્વલ કારકિર્દીથી તરત મુંબાઈ જાહેર બાંધકામખાતામાં મદદનીશ ઇજનેરની જગ્યા મળી ગઈ, જ્યાં નહેર-કામ તથા પાણીના પુરવઠાની બાબતમાં કૌશલ્ય દાખવી, પૂનાના લેઇક ફાઈફના દરવાજાનું પેટન્ટ મેળવ્યું. ૪૩ની વયે વરિષ્ઠ ઇજનેરના દરજ્જે પહોંચી ૪૭ વર્ષની વયે તેઓ નિવૃત્ત થતાં જ નિઝામ સરકારે ખાસ સલાહકાર ઈજનેર તરીકે એમને રાખી લીધા, જ્યાંથી ૧૯૦૯માં મ્હૈસુર રાજ્યે એમને માનપૂર્વક પોતાને ત્યાં ખેંચી લીધા. ત્યાં પોતાની સર્વતોમુખી પ્રતિભા એવી ઝળકાવી કે ૧૯૧૨માં તો છેક રાજ્યના દીવાનપદે તે પહોંચ્યા, અને એ પદેથી રાજ્યની કેળવણી, ખેતી અને ઔદ્યોગિક પ્રગતિ અર્થે અત્યંત પરિશ્રમ લઇ આર્થિક સ્થિતિએ તંગ રહેલા મ્હૈસુર રાજ્યને સમૃદ્ધ બનાવ્યું, એટલું જ નહિ પણ ઈ. ૧૯૧૩માં લૉર્ડ હાર્ડિંજ સાથે કરાર કરીને તેને સ્વતંત્ર દેશી રાજ્ય તરીકેની પ્રતિષ્ઠા પણ અપાવી.

મ્હૈસુર રાજ્યમાંથી નિવૃત્ત થયા બાદ તેમણે એક વર્ષ વિશ્વયાત્રા કરી. ૧૯૨૪માં મુંબાઇ મ્યુનિસિપલ કૉર્પોરેશનના કાયદ્રૂપ સલાહકાર નિમાયા; ૧૯૨૫માં હિંદી આર્થિક તપાસ સમિતિના પ્રમુખ નિમાયા; ૧૯૨૬માં કરાચી મ્યુનિસિપાલિટીએ સલાહ દેવા આમંત્ર્યા; ૧૯૨૯માં સક્કર બૅરેજના નિરીક્ષણાર્થે સરકાર-નિયુક્ત 'સીનિયર મેમ્બર' તરીકે ગયા; ૧૯૩૮માં મુંબાઈની નહેર-તપાસ-સમિતિના ચૅરમૅન થયા. બૅંગલોરની ઇંડિયન ઈન્સ્ટીટ્યૂટ ઑવ સાયન્સની કૉર્ટના પણ તેઓ જ પ્રમુખ થયા. આમ ઔદ્યોગિક, આર્થિક, વૈજ્ઞાનિક ને રાજકીય એમ અનેક ક્ષેત્રમાં એમની પ્રતિભા ઝળકી ઊઠી છે, અને એને અનુરૂપ એવાં અનેક માન-સંમાનો પણ એમને મળ્યાં છે, જેમાં ૧૯૧૧માં સી. આઈ. ઈ. ને, ૧૯૧૫માં કે. સી. આઇ. ઈ.ના સરકારી ખિતાબો, તથા ૧૯૨૩માં કલકત્તાની, ૧૯૩૧માં મુંબાઈની ને ૧૯૩૭માં બનારસની યુનિવર્સિટીઓએ આપેલી ડૉક્ટરેટની માનાર્હ ઉપાધિઓ મુખ્ય છે.

૧૯૩૪માં એમનો મહાગ્રંથ Planned Economy for India બહાર પડ્યો, જેમાં હિંદની પુનર્રચનાના એમણે ચર્ચેલા પ્રશ્નો દ્વારા તેઓ જગપ્રસિદ્ધ થઇ ગયા. એ એક જ ગ્રંથ એમની સર્વતોમુખી પ્રતિભાનો પૂરો ખ્યાલ આપવા પૂરતો છે. હજી આજે યે હિંદના નવનિર્માણ માટે એમના એ જ પુસ્તકનો, તથા ત્યાર બાદ લખાએલા Reconstructing India નો જ સૌ પહેલો આશ્રય લેવાય છે. આ ઉપરાંત પણ હિંદના શિક્ષણ વિષયક અને આર્થિક વિકાસ પર, ઈજનેરી યોજના અને કાર્ય પર, બલ્કે હિંદી પ્રજાના ભૌતિક અને નૈતિક વિકાસ પર તેઓ લખતા જ રહે છે.

એમનું પોતાનું જીવન સાદાઇના આદર્શરૂપ હોવા છતાં દેશનું જીવનધોરણ ઊંચામાં ઊંચું લાવવા તેઓ સદા મથે છે. શિસ્તને આત્યંતિક હદે અપનાવી લીધા છતાં એકાંતિક, શાંત અને ચિંતનપ્રિય સ્વભાવને લઇને એમના હૈયાની કુમાશ હજુ એવી ને તેવી જ તાજી રહી શકી છે. સંપૂર્ણ વનસ્પત્યાહારી અને કોઇપણ પ્રકારના વ્યસનથી મુક્ત રહી હિંદના એ મહાન નિયોજકે જિંદગીમાં બીમારી જોઈ નથી. એમનું એકેએક કાર્ય, એકેએક ટેવ સુદ્ધાં નિયોજિત જ છે. સવારના વહેલા ચાર વાગ્યાથી છેક સાંજના ચાર સુધી કામ ખેંચી સાંજે એ ફરવા નીકળે છે. અને આમ, જેટલો કાર્ય દ્વારા એટલો જ પ્રત્યક્ષ જીવન દ્વારા હિંદના નવપ્રાણને એ ઉદ્બોધિત કરી રહ્યા છે.

પ્રસંગવિશેષ : અંગ્રેજ-મરાઠાનું પહેલું નૌકાયુદ્ધ

વ્યાપારના બહાને હિંદમાં આવી ધીરેધીરે પગ પસારતા અંગ્રેજોએ શિવાજીના વધતા જતા પ્રતાપ સામે પણ પેંતરો ગોઠવવા પ્રયત્નો કર્યા, ને એ માટે જંજીરાના સીદીની તેમણે પીઠ થાબડવા માંડી. વારંવાર ઉપદ્રવ આપતા એ સીદીને અંગ્રેજો આમ આશરો આપવા માંડવાથી શિવાજીની આંખ રાતી થઇ. સીદીને જેર કરવા સમુદ્રકિનારાનો જ કોઈ કિલ્લો સર કરવાનો તેણે ઘાટ રચ્યો અને મુંબાઇ નજીકના અંગ્રેજોના જ તાબાના ખંડેરીના કિલ્લા પર ઈ. ૧૬૭૯ની ૧૯મી સપ્ટેમ્બરે જલમાર્ગે હલ્લો કરી ત્યાં તટબંધી કરી લીધી. અંગ્રેજ-મરાઠાઓનું આ પહેલું જ નૌકાયુદ્ધ હતું, અને ત્યારે તો હિંદનું વહાણવટું 'જીવતું' હતું, એટલે અંગ્રેજોએ તેમાં સજ્જડ હાર ખાધી. તેમનો સેનાપતિ થૉર્પ બીજા બે અમલદારો સાથે માર્યો ગયો, અનેક જખમી થયા ને કિનારે ઊતરેલા સઘળા કેદ પકડાયા.

નથી હવાની પુરતી આવજા, નથી જરા યે સ્વચ્છતા. એક તરફ યુરપીઅન લોકોના ઉપયોગ માટે સાચવેલાં ઘેટાં બેં બેં કરતાં હોય, એક તરફ ઘોડો કે ભેંસ પખાલ જેટલું મુતર કાઢી રહ્યાં હોય, એક બાજુ અજીઠાં વાસણોનો ગંજ ઉટકાતો હોય, એક તરફ પાયખાનાં અને મુતરડીઓ બો મારી રહ્યાં હોય, એક બાજુ યૂરપીઅન વીશી, ખારવાઓનું રસોડું તેમજ મુસલમાન ભાઇઓનું રસોડું એ ત્રણે જગાઓ-માંથી માંસની દુર્ગંધ ઉછળી રહી હોય, અને તેમાં પણ એક બાજુ વહાણના નોકરો વહાણ ધોવાના બ્હાને ચારે તરફ પાણી ઉડાડી રહ્યા હોય;—આ સર્વેની વચ્ચે થર્ડ ક્લાસના ઉતારૂઓ પોતાનું સ્થાન લે છે અને દસ વીસ દિવસ સુધી જીવે છે! અલબત્ત, આમાં આપણા ઉતારૂઓનો પણ મોટો દોષ છે. આપણી ગંદી ટેવો આમાં પણ અમુક અંશે જવાબદાર છે. પરંતુ જે ઉતારૂઓની કમાણી પર કંપનીનો આવો મોટો આધાર છે તેનો આવો નિરાદર થાય છે તે પણ જોવા જેવું છે. પણ આવા બધા પ્રશ્નોનો નીકાલ તો સ્વરાજ્યના નીકાલની સાથે જ આવે, માટે આપણે જવા દઇએ.

થર્ડ ક્લાસના ઉતારૂઓની સંખ્યા તો મોટી જ હોય છે. અમારી જ સ્ટીમરમાં ૪૦૦–૫૦૦ હશે. તેમને માટે હરવાફરવાની જગ્યા નથી. તેમનાં પાયખાનાં, મુતરડીઓ વગેરે ખુબ ગંદાં હોય છે,—જવું ન ગમે તેવાં ગંદાં. તેમને માટે જે નળો છે તેનો ઉપયોગ થતો જોઇએ ત્યારે તો ચીતરી જ ચડે. નળે એક ભાઈ કળશે જઇને હાથ ધોવા આવે, ત્યાં એકાદ બ્રાહ્મણ શરીર ચોળતો ચોળતો અને ગંગાલહરી બોલતો નાતો જાય; અને હજી આ ખેલ શરૂ છે, ત્યાં એક મુસલમાન ખીચડી પકાવવા માટે ખીચડી ધોવા આવે;—પણ હવે પેલો ખારવો માછલાં ધોવા ઉભો રહ્યો છે તેનું ? કોઇ બીચારી કાઠીઆવાડની વૈષ્ણવ બાઇ રાંધવાનું પાણી લેવા માટે ઉભી હોય તેનો તો પત્તો ખાવાનો જ ન હોય. આ દૃશ્ય આખો દિવસ, એક યા બીજા રૂપમાં ચાલુ જ હોય છે.

આ ભંડક વગેરેના ભાગમાં આપણી હીંદુઓની તેમજ મુસલમાનોની વીશીઓ છે. આપણા ઘણા મુસલમાન તેમજ હીંદુ ભાઇઓ આ વીશીમાં જમે છે. આપણા સેકન્ડ ક્લાસના ઉતારૂઓ પણ મોટે ભાગે યૂરપીઅન વીશીમાં ન જમતાં આ વીશીમાં જ જમે છે. આ વીશીઓ આપણા જીવનની અસ્વચ્છ-તાનો પુરેપુરો નમુનો છે. મુસલમાન તેમજ હીંદુ વીશીઓ માટે એક એક ઓરડી આપવામાં આવી છે. આ બંને ઓરડીઓ વચ્ચે જાળીની એક સાદી આડશ કરેલી છે. હીંદુ વીશીમાં બે પ્રકારનું ખાવાનું મળે છે: સામન્ય અને સ્પેશ્યલ. મુંબાઇથી મોંબાસા આવનાર માણસે સામાન્ય ખોરાક માટે ૧૯ રૂપીઆ આપવા પડે છે અને સ્પેશ્યલ માટે ૬૨ આપવા પડે છે. સ્પેશ્યલવાળા વીશીમાં જમવા જતા નથી, પણ પોતાની જગ્યાએ ભાણું મંગાવે છે. સામાન્ય વાળાને પોતાનું ભાણું મંગાવવું હોય તો પાંચ રૂપીઆ વધારે આપવા પડે છે. સામાન્યમાં સવારે ચા ને પુરી; બપોરના દાળ, ભાત, શાક; સાંજે ખીચડી ને શાક. સ્પેશ્યલવાળાને સવારે ચા પુરી સાથે શાક; બપોરના રોટલી, વધારામાં બે શાક, અથાણું, પાપડ; ચાર વાગે ચા; સાંજે ખીચડી, શાક, પુરી; રાત્રે ચા. આટલું તો ઠીક; પરંતુ આ વીશીવાળાઓ પોતાની ઓરડીમાં જે રીતે રાંધે છે તે જુઓ, તેમનો સામાન જુઓ, વીશીની પાસે જ ચાલવાના રસ્તામાં આપણા લોકો દાળ, ભાત અને ખીચડી ચડાવવા બેસી જાય તે જુઓ, તો આપણને મુંબાઇના લૉજો તો સારા લાગે. આ વીશીમાં વાશી ગંદાં શાક, રાંધનારાઓનાં અતિ-શય ગંદાં કપડાં, મેંદાના લોટની સાથે માવાનું મિશ્રણ કરીને બનાવેલી મીઠાઇ, તેમનાં ઉટકયા વિનાનાં વાસણો, તેમનો મસાલાનો કચરો, આ બધામાં મને તો આપણી અસ્વચ્છતાનું જ પ્રતિબિંબ દેખાય છે. જે પ્રજાનાં રસોડાં ને પાયખાનાં ગંદાં તે પ્રજા જ ગંદી એ મને અહીં વધારે સ્પષ્ટ થયું. મને લાગે છે કે આપણા કોમળ લોકો આ ગંદકીથી ત્રાસીને જ યૂરપીઅન લોકોની ટેબલ પરની ચોકખાઇ પસંદ કરે છે અને તેમના ખોરાક લેવા પ્રેરાય છે. આપણે આપણા જીવનમાંથી આ ગંદકી દૂર કર્યે જ છુટકો છે.

નાનાભાઈ

કણક કણબી ને કંચુવો, કસુંબો ને મજીઠ
એટલાં ગૂંધ્યાં ગુણ કરે, વણગૂંધ્યાં અદીઠ.

એક યહૂદી સ્ત્રી હજરત મહમ્મદ પયગંબર સાહેબ પર, તેમના ઈસ્લામના પ્રચારથી એટલી ગુસ્સે હતી કે પોતાના ઘર પાસેથી તે નીકળતાં રોજ તેમના માર્ગમાં કાંટા નાખતી, ને ઉપરથી રાખ તથા કચરો ફેંકતી. એક દિવસ આવું કશું ન બનવાથી પયંગબર સાહેબે પડોશમાં તપાસ કરતાં જાણવા મળ્યું કે એ બીમાર હતી. તરત હજરત મુહમ્મદે તેને ઘેર જઈ પ્રેમથી તેના ખબર પૂછ્યા. આથી તે બાઈ પર એટલી અસર થઈ કે તેણે ઈસ્લામ ધર્મ સ્વીકાર્યો.

અનેકાર્થી શબ્દ: **લય**=નાશ કે પ્રલય; લીનતા, એકતાર થઈ જવું; સંગીતમાં વિરામ કે વિશ્રામ; નૃત્ય ગીત કે વાદ્યની સમતા; કોઈ સ્વર કાઢવામાં લાગતો સમય (દ્રુત, મધ્ય ને વિલંબિત); ગાવાનો ઢંગ, સ્વર કાઢવાનો ઢંગ.

કહેવતોના અર્થ: 'મિયાંની ભેંશને ડોબું ન કહેવાય'—કોઈ ચીડિયો કે તુમાખી માણસ જરા સરખી શિખામણ કે ઠપકાનો બોલ પણ સહન ન કરી શકે તેને માટે વપરાતી આ કહેવતનું મૂળ તો એ વાતમાં છે કે મુસલમાનોના રાજ્યકાળમાં એમની સત્તાનો તોર છેક સામાન્ય માણસ સુધી પણ એટલો વ્યાપી ગયો હતો કે કોઈ મુસ્લિમ બિરાદરની ભેંસ માટે 'ડોબું' જેવો શબ્દ વાપરતાં પણ તેને અપમાનકારી લેખી તે છેડાઈ પડતા.

ગણિતગમ્મત

૨, ૩, ૪ અને ૫ એ અંકોમાંથી બનતી નીચેની સંખ્યાઓ એવી છે કે જેને ૭ વડે સંપૂર્ણપણે નિઃશેષ ભાગી શકાય:

૨૩૪૫ ÷ ૭–શેષ ૦
૨૫૩૪ ÷ ૭– ,, ૦
૩૫૪૨ ÷ ૭– ,, ૦
૪૨૩૫ ÷ ૭– ,, ૦
૫૨૪૩ ÷ ૭– ,, ૦
૫૪૩૨ ÷ ૭– ,, ૦ (મ. ના. ખત્રી)

ચોમાસામાં મુસાફરી કરતી વેળા દીવાસળીઓ ભીંજાઈને નકામી ન પડે એટલા માટે એક ઉપાય છે. દીવાસળીઓનાં ટોપકાં મીણબત્તીના ઓગાળેલા રસમાં બોળીને તેનું અસ્તર ચડાવી દો એટલે થયું. મીણના ઢાંકણને લીધે એ ભેજથી બગડશે નહિ, એટલું જ નહિ, પણ અચાનક ઘસારાને લીધે સળગી ઊઠવા પણ નહિ પામે. (૨૫)



આ રુદ્ર સ્વરૂપની આકૃતિને જો ઊલટાવીને જોશો તો ભયત્રસ્ત માનવીની આકૃતિ જણાશે.

ફરસબંધી પર બાટલી યા કાચની કોઈ વસ્તુ ફૂટી જઈ કાચના બારીક ટુકડા વેરાઈ પડ્યા હોય ત્યારે તેને હાથ યા ઝાડુથી એકઠા ન કરતાં કપડાને પાણીથી ભીંજવી તેને એ જગ્યા પર ધીરેથી ફેરવી લો એટલે કાચના કણ તેમાં ચોંટી જશે. પછી તે કપડાને વહેતા પાણીમાં ધોઈને સૂકવી દો.

રેશમની બનાવેલી રંગીન વસ્તુઓને ધોળો કાગળ કદિ વીંટાળવો નહિ. કારણ એ છે કે ધોળા કાગળમાં સફેદાઈ લાવવાને ચૂનો વાપરવામાં આવે છે. વખત જતાં ચૂનાની અસર વસ્તુના રંગ ઉપર થાય છે. આવે પ્રસંગે રંગીન કાગળ અથવા બ્રાઉન પેપર વાપરવો એ વધારે સારું છે. તેથી નુકસાન નહિ થાય (૨૫)

શરીર પર કરોળિયા જેવા ડાઘ પડે છે તે ચામડીનો રોગ કેળના પાણીથી ધોવાથી થોડા દિવસમાં મટી જાય છે. —પુ. હ. પટેલ

'તારાથી વિમુખ પ્રકાશની દિવેટ અને એમાં પ્રાણ પૂરતા દીવેલને, ઓ મૂર્ખ, તું કેમ ધરી રાખે છે?' પડછાયાએ કોડિયાને ભલેર્યું.

'આ વિશાળ જગતનો લેશ પણ અંધાર અમે એક જ ધરતીનાં બાળકો એકબીજાના સહકારથી ફેડી શકીએ એટલું જ અમને જોઈએ છે.' કોડિયાએ ઉત્તર આપ્યો.

—પુરુષોત્તમ સંઘવી



ભારતમાં દર વર્ષે લગભગ એક કરોડ વીસ લાખ વાંસ પેદા થાય છે, જેમાંનો અર્ધોભાગ ખેતીના કામમાં અને બાકીની અર્ધી સંખ્યા કાગળ તથા ટોપલા-ટોપલીની બનાવટ તેમજ ઘર તથા વાડ બાંધવા વગેરેમાં વપરાય છે.

લીમડાની છાલના ઉકાળાના કોગળા કરવાથી પેઢાનું દર્દ મટશે.


'વડોદરા સ્ટેશન આવે એટલે મને જરા કહેશો? મારે ત્યાં ઊતરવાનું છે.'

'હું જે સ્ટેશને ઊતરું તેની પહેલાંનું જ સ્ટેશન વડોદરા. ત્યાં ઊતરજો!'

થોડા સમય પહેલાં શોધાએલા હાઇડ્રોસાઈનિક ઍસિડ નામના રસાયણના ઉપયોગથી સૂતરના તાંતણા દસ ટકા વધુ મજબૂત બને છે. આ નવી પદ્ધતિથી સાબુથી ધોવાતા દરેક સુતરાઉ કાપડનું આયુષ્ય વધશે.



કલાકણિકા: અનેક અલંકારો આપણે જોયા, પણ સોનારૂપાના તારની ગૂંથણીવાળું, ઘૂઘરીઓ લટકાવેલું કટકનું આ આભૂષણ નવતર લાગશે.



માનવદેહનું માપ

વિટ્રુવિયસે નક્કી કરેલા માનવ-શરીરના માપ-નિયમ ઉપરથી નામી કલાકાર લીઓનાર્ડો દ વિન્ચીએ પોતાની નોંધબુકોમાં કરેલ અનેક આલેખોમાંનું એક જાણીતું આલેખન. એણે નોંધ્યું છે કે સામાન્ય સપ્રમાણ માણસની દાઢીથી તે કપાળમાં વાળની શરૂઆત થાય ત્યાં સુધીનું માપ શરીરના બરાબર આઠમા ભાગ જેટલું હોય છે. વળી માણસ પોતાના હાથ શરીરને બરોબર કાટખૂણે પહોળા કરે, તો તેની બંને આંગળીઓના છેડા વચ્ચેનું અંતર તે તેની ઊંચાઈ જેટલું થઈ રહે; અને એ રીતે માનવ-આકૃતિને આવરી લેતા સમચોરસનું મધ્ય બિંદુ તેના સાથળના મૂળમાં આવી રહે. એ જ રીતે, હાથની વચલી આંગળીના છેડા તેના માથાની તાલની સપાટીએ પહોંચે એટલા ઊંચા જો માણસ પોતાના હાથ કરે તો, એ ચોરસની નીચલી બાજુને અડે એ રીતે દોરેલું વર્તુલ જ્યાં તે ચોરસની ઉપલી બાજુને છેદે ત્યાં જ બરોબર હાથની વચલી આંગળીઓ અડકી રહે; ને એ વર્તુલનું મધ્ય-બિંદુ માણસની નાભિમાં આવી રહે.

ઉપરનું ચિત્ર તથા તેની સમજણ જોઈ-વાંચીને ખાતરી થશે કે એ કેટલી મહત્ત્વની, ઉપયોગી ને જ્ઞાનદાયક છે. ઉપરાંત શિલ્પ અને ચિત્ર સમજવા માટેની દૃષ્ટિ કેળવવામાં તે કેટલી જરૂરી છે. આ જ પ્રકારના અનેક સિદ્ધાંતો સમજાવીને આપણી કલાદૃષ્ટિ ખીલવતું એક આખું પુસ્તક છે. એમાં, ચિત્ર-વિજ્ઞાન, શિલ્પ-વિજ્ઞાન, સ્થાપત્ય-વિજ્ઞાન વગેરે વિભાગોમાં રેખાનાં મૂલ્ય ને માધુર્ય, પ્રમાણભાર, છંદલીલા, રંગની સમજણ, માનવદેહનાં માપ, અંગમરોડનું સૌંદર્ય, સ્થાપત્યની અભિવ્યક્તિ, મકાનોની આકાશરેખા વગેરે અનેકવિધ પ્રકરણોમાં કલાનાં રૂપ-રહસ્યની શાસ્ત્રીય સમજણ આપીને રસદૃષ્ટિ ખીલવતો એક આખો અભ્યાસક્રમ નિયોજ્યો છે, અને સાથે તેના થોડા પ્રશ્નપત્રો પણ આપ્યા છે. વિખ્યાત કલાવિવેચક શ્રી અર્ધેન્દ્રકુમાર ગાંગુલીના એક બંગાળી પુસ્તકનો એ અનુવાદ આવાં ૨૦૦ ચિત્રોથી ભરપુર એક સંગીન મીમાંસાપોથી છે. કિંમત ત્રણ રૂપિયા: પોસ્ટેજ જુદું. કુમાર કાર્યાલય (૧૪૫૪ રાયપુર · અમદાવાદ)માંથી મળશે.

OUR FRIENDS ABROAD

જગત્સંપર્ક સાધતો પત્રમિત્ર-વિભાગ

સ્વિટ્ઝર્લેંડની પત્રમિત્ર સંસ્થાનું આમંત્રણ

અગાઉ આપના એક અંકમાં આઠ આંતરરાષ્ટ્રીય પત્રમિત્ર સંસ્થાનાં નામો (સરનામાં) છપાઈ ગયાં હતાં. જેમાં મે નીચેની સંસ્થા સાથે પત્રવ્યવહાર કર્યો છે.

Foundation Pro Juventute,
Servesdes Relations Internationals,
Seefeldstrasse 8, Zurich, (Switzerland.)

તેમણે એક પત્રમાં જણાવ્યું છે કે દુનિયાના ઘણા દેશોમાંથી અમારી સંસ્થાને સારો આવકાર મળ્યો છે, પણ હિંદમાંથી બહુ જ જૂજ મળ્યો છે. તો અગાઉ સરનામું તમારી સ્કૂલના દરેક વિદ્યાર્થી તેમજ વિદ્યાર્થિનીને જેઓ પત્રવ્યવહારમાં રસ લેતા હોય તેમને જરૂર આપશો. અમે હિંદના યુવક તેમજ યુવતી વર્ગને વિજ્ઞપ્તિ કરીએ છીએ કે તેઓ અમને સહૃદય સહકાર આપે.

(રાંદેર) —ઇશ્વરલાલ છબિલદાસ નાટાલી

અમેરિકન પત્રમિત્રો

Note: To all of these addresses please add U.S.A.

GIRLS: (1) Marcella Williams—17, Douglas, North Dakota; (2) Lavona Schieve—17, Douglas, North Dakota; (3) Phyllis Ebeltoft—17, Douglas, North Dakota; (4) Marilyn Skeem—16, Douglas, North Dakota; (5) Arene Baluski—16, Douglas, North Dakota; (6) Bonnie Nordwall—15, Douglas, North Dakota; (7) Rita Blonigen—14, Douglas, North Dakota; (8) Doreen Lies—14, Douglas, North Dakota; (9) Merle Wixon—12, Mineral, Washigton; (10) Diane Nilsen—13, Mineral, Washington; (11) Rosie Madden—11, Mineral, Washington; (12) Leah Sabourin—14, Elbe, Washington; (13) Peggy knapp—13, Mineral, Washington; (14) Karen Kenny—13, Mineral, Washington; (15) Lorna Combs—13, Minaral, Washington; (16) Bonnie Stamper—12, Minaral, Washington; (17) Beverly Shultz—16, Byron, New York; (18) Rita Cudney—16, 114, Vine St., Batacia, New York; (19) Martha Dowart—15, Byron, New York; (20) Norma Eickenberger—15, Elba, New York; (21) Delores Keefer—15, South Byron, New York; (22) Marilyn Blair—14, Byton, New York; (23) Barbara Ivison—14, Bergen, New York; (24) Marilyn Zeltner—14, Bergen, New York; (25) Jenet Ward—14, Box 47, South Byron, New York; (26) Georgia Earley—12, R. 3 Maryville, Mo.; (27) Sandra Bivens—12, R. 3, Maryville, Mo; (28) Glenna Baxter—16, P. O. Box 41, LeGrand, Calif.; (29) Pat McCorry—15, Box 97, Planada, Calif.; (30) Barbara Christain—15, Box 164, Grand, Calif., Le.; (31) Pauline Jones—16, Box 135, LeGrand, Caltf.; (32) Gail McNamara—15, R. 1, Box 149, LeGrand, Calif.; (33) Carolyn Pridgeon, Barryton, Michigan; (34) Beverly Curits—12, Barryton, Michigan; (35) Bonnie Franck—12, Chippewa Lake, Michigan; (36) Jean Ann Lester—12, Remus, Michigan R. 2; (37) Nora Belle Hayward—12, Barrytown, Michigan R. 1; (38) Marilyn Geasler—12, Chippewa Lake, Michigan R. 1; (39) Clarice Cramer—13, Barryton, Michigan; (40) Diana Stanley—12, Chippewa Lake, Michigan R. 1; (41) Frances Gardner—13, Barryton, Michigan R. 1; (42) Louise Erdman—14, Adel, Iowa; (43) Marilyn Miller—14, Perry, Iowa; (44) Verna Rapp—13, Perry, Iowa; (45) Sharon Klockntager—13, Minburn, Iowa; (46) Cecillia Book—13, Minburn, Iowa; (47) Juanita Diddy—13, Perry, Iowa; (48) Carol Stine—14, Adel, Iowa; (49) Marilyn Stain—13, Adel, Iowa; (50) Marlene Killion—15, Medora, Indiana; (51) Peggy Woods—15, Medora, Indiana; (52) Jean Greathouse—16, Medora, Indiana; (53) Mona Graham—16, Medora, Indiana; (54) LaVella Johnson—15, Medora, Indiana; (55) Barbara Mizer—16, Medora, Indiana; (56) Joan Phillips—16, Medora, Indiana; (57) Kathleen Rocke—15, 2939 Judah St, San Francisco (22) Calif.; (58) Sandra Epstein—15, West Locust St., Oxford-Pa; (59) Connie Wingate—15, Lincoln University, Pa.; (60) Pat Smith—15, 630, Market St., Oxford-Pa.; (61) Iris J. Gray—16, R.D. 1, Box 127, Oxford-Pa.; (62) Lynn Hauber—15, Oxford Post Box 237, Oxford-Pa.; (63) Margaret Burke—15, Box 376, Nottingham, Pa.; (64) Shirley Simpson—16, 427, Market St., Oxford-Pa.

BOYS: (1) Alfred W. Varty—16, Douglas, North Dakota; (2) Brucie Pollert—17, Douglas, North Dakota; (3) Ruth Christenson—17, Douglas, North Dakota; (4) Gail Larson—15, Douglas, North Dakota; (5) Ernie Varty—15, Douglas, North Dakota; (6) David Kramer—15, Douglas, North Dakota; (7) Gailen Narum—14, Douglas, North Dakota; (8) Donald Wagne—14, Douglas, North Dakota; (9) Edwin Varity—14, Douglas, North Dakota; (10) Dave Moore—13, Nineral, Washington; (11) Eddie Wilson—13, Mineral, Washington; (12) Larry Wood—12, Mineral,

Washington; (13) Gary Wasson—12, Mineral, Washington;(14)EddieLilloren-12,Mineral,Washington; (15) Ralph Drake-13, Mineral, Washington; (16) Kerry Washbrun-15, Byron Road, Batavia, New York; (17) Roger Darguch-14, Bergen, New York; (18) Norman Fullerton-16, R. 1, Box 1A, LeGrand, Calif.; (19) Don Rogdrs-16, P. O. Box 128, LeGrand Calif.; (20) Louis Gardner-15, Sears, Michigan; (21) Louis Brown-15, Sears, Michigan; (22) Lowell Peters-13, Perry, Iowa; (23) Jerry Plummer-16, Medora,Indiana;(24)Don M. Owen-16,Medora, Indiana; (25) Kenny Poore-16, Medora, Indiana; (26) Rechard Dixon, Medora, Indiana; (27) Robert Abner-17, Medora, Indiana; (28) Alvin Freeman-17, Medora, Indiana; (29) Lawrence Treadway-17, Medora, Indiana; (30) Tom Callahan-16, Medora, Indiana; (31) Neal Cockerham-16, Medora, Indiana; (32) Norman Tarrants-16, Medora, Indiana; (33) Norman Sumner -16, 315 Park St., Oxford-Pa; (34) David Wheeler -16, 27 S., 4th St., Oxford-Pa; (35) Paul Propst-16, R. D. 1, Cochranwille, Pa.; (36) Lawrence Penn-17, Box 113, Lincoln University, Pa.; (37) Donald L. White-16, Box 37, University, Pa.; (38) Willard Nocho-17, 522, New St.; Oxford-Pa.; (39) David Franklin-16, R. D. 3, Oxford-Pa.; (40) Paul McDowell-16, R. 2, Box 262, Oxford-Pa. ઉલ્લેખ: ગિરધારીલાલ ઑફ, ૭૧૧/૩, સાકર બજાર, અમદાવાદ—૨.

ઇન્ડોનેશિયાનાં વધુ પત્રમિત્રો

Address the following Pen-pals : C/o Director (S.M.P.), Purwodadi, Java, Indonesia.

(1) Soeprapti (Girl)—14, Correspondence and Mathamatics; (2) Soewarisno—16, All about school life and Correspondence; (3) Soetijoso—17, Farmer life;(4) Masjhadi—16, History & Correspondence; (5) Marsito-16, Politics, Friendship; (6) Umijati (Girl)—17, Foreign languages, Correspondence; (7)Soedarno —17, Sports; (8) Kartono—16, History, Correspondence; (9) Hartojo—17, Technic, Science, Correspondence;(10)Soelastri(Girl)-14,Dressing,Drawing, Correspondence; (11) Siehardjo—18, Friendship, Correspondence; (12) Siswojo—17, Art of dancing, Correspondence; (13) Soetopo—18, Music, Correspondence; (14) Isnoe Sautanto—15, Correspondence, History; (15) Margono—15, Natural sceneries, Correspondence; (16) Djokopangestu—18, Social life, Friendship, History; (17) Hartono—18, Sport, Friendship;(18) Kushan—13, Farmer life;(19) Djatmiko —14, History; (20) Moch. Sohan—16, Social life, Friendship, Correspondence; (21) Soedibyo—17, Correspondence; (22)Susiloidriretno(Girl)—17, Learning foreign languages, Correspondence;(23)Slamat —20, Military matters, Correspondence; (24) Juwo: —20, Cultural & Social life, Correspondence; (2. Soenardi—18, Politics, History, Correspondence (26) Sugeng—18, Art of Dancing, Sports, Correspondence; (27) Kasmuri—20, Social life, Friendship;(28) Robimuigsih (Girl)—18, Politics, Friendship, Correspondence; (29) Sriatini (Girl)—17, Literature, Correspondence; (30) Soedarsono (a)—16, History, Correspondence; (31) Sarmi(Girl)—17, Social work, Friendship, Correspondence; (32) Imron—19, Music, Correspondence; (33) Bambangirawan—17, General knowledge, Friendship, Correspondence; (34) Soeprihatin(Girl)—17, Education, Correspondence; (35) Rais C/o Sekolah Menengah Nasional, (Nationol Secondary High School), Djalan Bendan 2, Pekalongan, Java, Indonesia—Fond of music, and has great inclination to join the Air Force.

All of them are Higher Secondary students. ઉલ્લેખ: વિનોદ મેઘાણી. ૬૬, આમ્રારોડ, નૉર્થ કુરલા, મુંબાઈ.

જાપાનની સંસ્થા

International Pen Club, C/o The Kenyusha Publishing Co., No. 2, Kagurazaka, 1-Chome, Shinjuku-ku, Tokyo, Japan—આ સરનામે પત્રવહેવાર કરી જાપાનના પત્રમિત્રો મેળવી શકાશે.

હિંદી પત્રમિત્રો

(41) Rasik Biswas, Behind Post Office, Karamsad, Via Anand—21, Photography, Indian Dances, Drama; (42) Santuram M. Thaker, C/o M. D. Trivedi, Punchkui, Nadiad—20, Reading, Match-labels; (43) Balvantrai D. Thaker, B.A., B.T., E. M. High School, Borsad—30, History, Education; (44) Manuprasad D. Trivedi, Punchkui, Nadiad—32, Astrology; (45) Indrakant Maganlal Shah, Shree Bharti Vidyalaya, Baroda—21, Drawing and Painting, History, Stamps, Politics; (46) Indukant V. Sampat, C/o Vallabhadas R. Sampat, Cotton Merchant, Raichur (G.I.P.R.) —18, Cinema, Drawing, Reading; (47) Dilipkumar Purushottam Joshi, Mahadevawadi, Gondal (Saur.) 13, Correspondence; (48) Sushilkumar S. Dani, C/o Jitendraray & Co., 185, Princess St., Bombay-2—Literature, Sports, Philosophy; (49) Remeshkumar Manilal Vakharwala, Bhavsar wad, Kathor, Via Sayan—18, Stamps, Photos; (50) Chudasama Kirtisinh Ranjitsinh, M. R. Vidyalaya, Navapara, Bhavnagar (Saur.)—16, Stamps, Photography. (ચાલુ)

નવોદિત લેખક- મારું આ નાટક કેવું લાગ્યું આપને?

નાટક કંપનીનો માલીક- ઠીક છે.

લેખક- તો આપની કંપની માટે એનો કાંઈ ઉપયોગ?

માલીક- અવશ્ય થશે. અમારા અત્યારના નાટકમાં એક પાત્ર એક દમ વગરનું નાટક ફાડી નાખે છે એવો દેખાવ આવે છે. આજના ખેલ વખતે તમારું નાટક એના ટેબલ પર મૂકી દઉં છું એટલે થયું.





કારવણ ગામના મંદિરમાંનું પ્રાચીન શિલ્પ: ફોટો · સુમનભાઈ શેઠ]

પ્રાચીન અને અર્વાચીન

[હિમાલયની તળેટીમાંની કાંગરા-ખીણની સુંદરી: ચિત્રકાર · શોભાસીંગ

ડાબી બાજુ છે ગુજરાતના એક પ્રાચીન શિવ-મંદિરમાંનું, કાર્તિકેયની પત્નીનું લાસ્ય નૃત્ય દાખવતું, મુદ્રાભર્યું શિલ્પ; જમણી બાજુ છે ભારતના એક આધુનિક કલાકારનું આલેખેલું, રૂપવતી રમણીઓ માટે પ્રખ્યાત પ્રદેશની એક નમણી સુંદરીનું ચિત્ર. બંને કલાકારોએ પોતાની કૃતિને સુંદર કરવાનો પ્રયત્ન કર્યો છે. બંનેમાં આભૂષણોની લીલા જાણવા મળે છે; એમાંથી અભ્યાસ પણ મળે છે: એકમાંથી પ્રાચીન આભૂષણોનો, બીજામાંથી દેશના એક પ્રાંતમાં આજે પણ પ્રચલિત વૈવિધ્યનો. એકે નૃત્ય સમયનું લાસ્યનું લાવણ્ય ઉતારવાનો યત્ન કર્યો છે, બીજાએ મુગ્ધ યૌવનનું લાલિત્ય. પણ પહેલામાં આવેગની જે સ્વાભાવિકતા છે તે બીજાના સ્થિર શરમાળપણામાં નથી. એ જાણે જડ લાગે છે. એમાં ભલે ચહેરાના અંગાંગનું નમણાપણું આલેખ્યું છે, અને એને મુકાબલે શિલ્પમૂર્તિનાં અંગાંગની વિગતો જરા જાડી પણ લાગશે: પરંતુ એના નૃત્યમાંની સજીવ લય અને ચહેરા પરની મુસકરાટ એ. એની મુદ્રા જેવી બોલતી લાગે છે એવી ચિત્રકૃતિમાંની મુગ્ધતા બોલતી નથી. આપણી પ્રાચીન કલાનં સૌંદર્ય પ્રમાણવાનં આ એક ઉદાહરણ છે આવી સંખ્યાબંધ કૃતિઓ છે [illegible] પ્રકાર'માં આપતા રહશો